વર્ષ : ૬૬ ■ અંક : ૬ ■ તા.૧૬-૩-૨૦૨૬

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક




## સાણંદથી ભારતની ટેકક્રાંતિના મંડાણ

# ચિપથી ચૅમ્પિયન સુધીની ગુજરાતની સફર







# સાણંદમાં જનનાયક
## જનતાના અપાર સ્નેહ અને સમર્થનની ઝલક











Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 66 ■ Issue : 6 ■ Date : 16 - 3 - 2026

| | | |
|---|---|---|
| તંત્રી | : | કે. એલ. બચાણી |
| સહતંત્રી | : | ડો. સંજય કચોટ |
| કાર્યવાહક તંત્રી | : | જયેશ દવે |
| સંપાદક | : | મનીષા વાઘેલા |
| સહસંપાદક | : | બેલા મહેતા, અરુણા ડાવરા, નીરવ રાવલ |
| કલાનિર્દેશક | : | જસ્મીન દવે |
| લેઆઉટ ડિઝાઇન | : | મૌલિક એમ. રાજપૂત |
| વિતરણ વિભાગ | : | મિલન બેરા, દિવ્યરાજસિંહ ઝાલા |

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

| | | |
|---|---|---|
| વિતરણ વિભાગ | : | ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨ |
| ઈ-મેલ એડ્રેસ | : | gujaratmagazine@gmail.com |
| ફરિયાદ એડ્રેસ | : | gujaratpaxik1@gmail.com |
| ફેસબુક લિંક | : | gujaratinformation.official |

**તંત્રી વિભાગ**
‘ગુજરાત’ પાક્ષિક કાર્યાલય, માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સરકારી ફોટો લિથોપ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**


આ અંક નીચેની વેબસાઈટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી કમિશનરશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઈ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

# શબ્દશઃ




- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત ગ્રીન એનર્જી, ગ્રીન ફાઈનાન્સિંગ તથા ગ્રીન ગ્રોથમાં લીડ લેવા સજ્જ છે.
- વડાપ્રધાનશ્રીએ સ્વસ્થ તંદુરસ્ત જીવન માટે બૅક ટુ બેઝિક અપનાવી પ્રાકૃતિક ખેતીને મિશન મોડમાં અપનાવવા આહ્વાન કર્યું છે.
- દેશને ‘ગ્લોબલ આર્બિટ્રેશન હબ’ બનાવવાના સંકલ્પ સાથે ન્યાયપ્રક્રિયામાં અનેક સુધારાઓ થઈ રહ્યા છે.
- ભારત સ્વદેશી રસી બનાવી વિશ્વને મદદ કરવાની ક્ષમતા કેળવી ચૂક્યું છે, જે 'આત્મનિર્ભર ભારત'નું પ્રતીક છે.
- છેવાડાના અને નાનામાં નાના માનવીના વિકાસને કલ્યાણ યોજનાઓના કેન્દ્રમાં રાખીને વિકાસની રાજનીતિનો યુગ ગુજરાતમાં વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં સાકાર થયો છે.
- વિકસિત ભારત માટે ભાવિ પેઢીના નિર્માણ માટે સંસ્કાર સાથેનું શિક્ષણ જરૂરી છે.
- ગુજરાતનું ધોલેરા SIR માત્ર બ્લૂપ્રિન્ટ નહિ, પણ હવે દેશનું સેમિકોન સિટી બનવા સજ્જ છે.
- 'હેપ્પી પરિવાર' દ્વારા 'હેપ્પી ગુજરાત' અને ‘હેપ્પી ભારત’નું સ્વપ્ન સાકાર થશે.
- ગુજરાતની દીકરીઓ-બહેનોની એન્ટરપ્રાઈઝિંગ સ્કિલને ન્યૂ એજ ટૅક્નોલૉજી સાથે જોડીને તેમને ખીલવાના અવસરો આપવામાં herSTART મહત્ત્વપૂર્ણ બન્યું છે.

**(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યના અંશો)**


## આકર્ષણ




૬ પ્રતિભાવ




૭ સંવાદ



૨૫ ચિત્રવીથિકા



૨૯ વિકાસ દર્પણ



૩૨ ગૌરવ


૮ કવર સ્ટોરી




૧૬ વિકાસયાત્રા



૩૦ નારી શક્તિ



૩૪ વાત વિધાનસભાની

૩૬ સંક્ષિપ્ત સમાચાર

૩૮ સમાચાર વિશેષ

૩૯ નિર્ણય

૪૩ સ્વદેશી

૪૪ પ્રાકૃતિક કૃષિ

૪૫ અવનવું

૪૬ ઝૂમ-ઇન

૪૭ પ્રેરણા

૪૮ ક્વિઝ કોર્નર

૪૯ જાણકારી

૫૦ શબ્દ યાત્રા

# ગુજરાત : ભારતનો સિલિકોન ગેટ-વે



માનવજીવન માટે જેમ શ્વાસ-ઑક્સિજન મહત્ત્વનાં છે, તેમ જ આપણા જીવનમાં કેટલીય ચીજવસ્તુઓ એવી છે જે અનિવાર્ય છે પરંતુ આપણને તેની જાણ જ નથી હોતી ! રસોઈઘરથી યુદ્ધના મેદાન સુધી, મોબાઇલથી મિસાઇલ સુધી, રિમોટથી માંડીને રૉકેટ સુધી આ તમામમાં એક એવી વસ્તુ છે જે આ બધું જ ચલાવવા માટે આવશ્યક છે અને તે છે 'સેમિ કન્ડક્ટર'. હવે આ ચાલકબળ પાછળ ગુજરાત સરકારની "કળ" કામ કરી રહી છે. માઇક્રોન સેમિકન્ડક્ટર ફૅસિલિટી ક્ષેત્રે આત્મવિશ્વાસ અને અદમ્ય ઇચ્છાશક્તિનું પરિણામ સમગ્ર દેશને સાણંદમા જોવા મળ્યું, જ્યારે સાણંદમાં માઇક્રોન સેમિકન્ડક્ટર ફૅસિલિટીનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શુભારંભ કરાવ્યો. ગુજરાત હવે દેશના 'સેમિકન્ડક્ટર હબ' તરીકેની નવી ઓળખને પ્રસ્થાપિત કરી રહ્યું છે. ગુજરાતને ભારતનો સિલિકોન ગેટ-વે બનાવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં 'ગુજરાત સેમિકનેક્ટ કૉન્ફરન્સ ૨૦૨૬' યોજાઈ, જેમાં મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત રાજ્યની સાયન્સ, ટૅક્નોલૉજી અને ઇનોવેશન (STI) નીતિ ૨૦૨૬-૨૦૩૧ જાહેર કરી હતી. આ નીતિ રાજ્યને ટૅક્નોલૉજીમાં આત્મનિર્ભર બનાવી વૈશ્વિક સ્તરે આગળ વધવામાં મદદરૂપ થશે.

કોઈ પણ નીતિનો અમલ, પૂરતા આયોજન અને બહુઆયામી વિચાર-વિમર્શ પછી જ થતો હોય છે અને તેથી જ તે અસરકારક અને સફળ નીવડે છે. ગુજરાત સરકારે નીતિ નિર્ધારણ અને સફળ અમલીકરણમાં મહારત હાંસલ કરી છે. તાજેતરમાં જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીશ્રીએ મહિલાઓમાં જોવા મળતા ગર્ભાશયના કૅન્સર સામે રક્ષણ આપતી HPV રસીના મહાઅભિયાનનો અમદાવાદથી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો.

મજબૂત અર્થવ્યવસ્થા માટે માળખાગત સુવિધા પણ મહત્ત્વની છે. આ વાતને ધ્યાને લઈને કેન્દ્રીય કૅબિનેટે ગાંધીનગરના ગિફ્ટ સિટીથી શાહપુર સુધીના મેટ્રો રૂટના વિસ્તરણને મંજૂરી આપી, જ્યારે સુરતને દક્ષિણ ગુજરાતનું ગ્રોથ હબ બનાવવા રૂ.૧૧૮૫ કરોડનાં વિકાસકાર્યો મંજૂર કરવામાં આવ્યાં. આ સાથે પ્રાકૃતિક ખેતી માટે નવા જોડાયેલા ખેડૂતોને પ્રોત્સાહન રૂપે કુલ ૬.૯૭ કરોડની સહાય અપાઈ છે જે નવી હરિત કૃષિ ક્રાંતિનો પાયો સાબિત થશે.

છેક છેવાડાના માનવીને પણ સુશાસનનો અનુભવ કરાવવો એ રાજ્ય સરકારની નીતિ રહી છે, જેને અનુસરતાં મુખ્યમંત્રીશ્રીએ દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના આદિવાસી વિસ્તાર ઉમરપાડા અને નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાનાં ૭૩ આદિજાતિ ગામોની ૫૩,૭૫૦ એકર જમીનને સિંચાઈ સુવિધા આપતી તાપી-કરજણ લિંક પાઈપલાઈન ઉદવહન સિંચાઈ યોજનાનું લોકાર્પણ કર્યું.

આ અંકમાં આવી અનેક વિકાસલક્ષી વાતો વાચકોને વાંચવી ગમશે તેવી આશા સહ,

જય જય ગરવી ગુજરાત...

- **કે. એલ. બચાણી**, આઇ.એ.એસ.
**માહિતી કમિશનર**

# ઉઠાવો કલમ પ્રતિભાવ

આગામી અંક માટે વાચકોએ **'વિશ્વ પુસ્તક દિવસ'** વિષય પર પોતાના વિચારો ૧૫૦થી ૨૦૦ શબ્દોમાં gujaratmagazine@gmail.com આ ઇમેલ આઇડી અથવા બ્લૉક નં. ૧૯/૧, માહિતી કમિશનરની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે મોકલવાના રહેશે.

'ગુજરાત' પાક્ષિક ગુજરાત સરકારના માહિતી વિભાગ દ્વારા પ્રકાશિત થતું અગત્યનું સામયિક છે. 'ગુજરાત' પાક્ષિક માત્ર માહિતી આપતું માધ્યમ નથી, પરંતુ સરકાર અને જનતા વચ્ચેનો સંવાદ સેતુ છે. ગુજરાતી ભાષામાં સરળ વાક્ય રચના અને વિવિધતાસભર માહિતી, મનમોહક લેઆઉટ સાથે વાંચવા મળે છે. તેમાં ઝૂમ ઇન દ્વારા ટેક્નોલૉજી વિશે જાણવા મળે છે, તેમાં રજૂ કરવામાં આવતી દરેક માહિતી જ્ઞાનસભર અને રસપ્રદ હોય છે. 'ગુજરાત' પાક્ષિકમાં આવતી 'શબ્દ રમત' શોધવાની અને પાક્ષિક ક્વિઝ... આ બધું મને અને મારા જેવા વાચક મિત્રોને ખૂબ ઉપયોગી બને છે.

– **રિતિકા જાની** (અમદાવાદ)

'ગુજરાત' પાક્ષિક વિકાસ અને જનકલ્યાણની દિશામાં રાજ્યની પ્રતિબદ્ધતાનું દર્પણ છે. આ સામયિકમાં વિકાસકાર્યોને માત્ર આંકડાઓથી નહીં, પરંતુ અસરકારક ભાષા અને ઉદાહરણો દ્વારા રજૂ કરવામાં આવે છે. ખાસ કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યમાં ચાલી રહેલા પ્રકલ્પોનો વ્યાપક પરિચય આપવામાં આવે છે. સામયિકમાં વિકાસ સાથે સંસ્કૃતિ, પરંપરા અને લોકભાગીદારીનો સુંદર સમન્વય જોવા મળે છે. 'વસંત'ના રૂપક દ્વારા વિકાસને સમજાવવાનો પ્રયાસ અસરકારક છે. ઉપરાંત વાચકોના પ્રતિભાવ વિભાગથી સામયિક વધુ જીવંત બને છે. આ અંક વાંચીને લાગે છે કે, 'વિકાસ' માત્ર એક શબ્દ નથી, પરંતુ જનહિત માટેની સતત યાત્રા છે. સામાન્ય નાગરિક સુધી સરકારની કામગીરી પહોંચાડવાનું આ સામયિક અસરકારક માધ્યમ સાબિત થાય છે.

– **નિકિતાબા જાડેજા** (દ્વારકા)

'ગુજરાત' પાક્ષિક એક પ્રભાવશાળી અને માહિતીપ્રદ સામયિક છે, જે પંદર દિવસે એક વાર પ્રકાશિત થાય છે અને રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તરના સાંપ્રત સમયના મુદ્દાઓ પર પ્રકાશ પાડે છે. 'પાક્ષિક'માં રાજકીય પરિસ્થિતિ, સરકારની યોજનાઓ, આર્થિક વિકાસ, કૃષિ, શિક્ષણ, આરોગ્ય અને સામાજિક પ્રશ્નો જેવા વિવિધ વિષયોનો સમાવેશ થાય છે. લેખો તથ્ય આધારિત અને વિશ્લેષણાત્મક હોય છે, જેના કારણે વાચકોને વિષયની ઊંડાણપૂર્વક સમજ મળે છે.

આ સામયિક ભાષા સરળ, સ્પષ્ટ છે, જેથી સામાન્ય વાચકથી લઈને વિદ્યાર્થીઓ સુધી સૌને ઉપયોગી બને છે. ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે આ સામયિક ખૂબ લાભદાયક છે, કારણ કે તેમાં વર્તમાન પ્રવાહ, નવી યોજનાઓ અને મહત્ત્વપૂર્ણ ઘટનાઓ વિશે સંક્ષિપ્ત અને સ્પષ્ટ માહિતી આપવામાં આવે છે.

'ગુજરાત પાક્ષિક' સમાજમાં જાગૃતિ લાવવા અને સકારાત્મક દૃષ્ટિકોણ વિકસાવવા મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે. મારી દૃષ્ટિએ 'ગુજરાત' પાક્ષિક જાણકારી અને માર્ગદર્શન પૂરું પાડતું એક વિશ્વસનીય અને ઉપયોગી સામયિક છે.

– **હેતલ રાઠોડ** (મહેસાણા)

ગુજરાત રાજ્યના માહિતી વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતું 'ગુજરાત' પાક્ષિક એટલે ગુજરાતીઓના વિચાર અને સરકારના કર્તવ્યની ધબકતી રેખા. આ પાક્ષિક માત્ર એક મૅગેઝિન જ નથી તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મનની વાતની રજૂઆત સાથે ગુજરાત સરકારની કામગીરીનું શ્રેષ્ઠ વર્ણન કરે છે. પાક્ષિકમાં આવતી વિવિધ યોજનાઓ જ્યારે જનમાનસના ધ્યાને આવે છે ત્યારે રાજ્યના છેવાડાના વંચિત લોકો પણ તેનો લાભ લેવા માટે તત્પર બને છે. પાક્ષિકમાં સરકારની યોજનાઓ સાથે આવતી પ્રાકૃતિક કૃષિ વિષયક બાબતોની જાણકારી ખેડૂત મિત્રોને ખેડૂત ઉત્પાદન વધારવા માટે અને લોકોને ગંભીર રોગોમાંથી બચાવવા માટેની એક અડગ ઝુંબેશ માની શકાય. પાક્ષિક આમ તો બધા માટે વીજળીના તારમાં વહેતો વિદ્યુત પ્રવાહ બને છે, પરંતુ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો માટે તો એ હાઇ વૉલ્ટેજ માહિતીનું માધ્યમ બને છે. કારણ એક જ છે કે, સરકારી યોજનાઓથી માંડી તમામ બાબતો એક નાનકડા પુસ્તકના માધ્યમથી તેમના સુધી પહોંચે છે. આમ, આ પાક્ષિક એટલે બીજું કંઇ નહીં પરંતુ પા - પારદર્શક વાતોથી , ક્ષિ - ક્ષિતિજોને આંબતું, ક - કર્તવ્યપરાયણ સામયિક !

**- સી.એચ. શીંગાળા** (રાજકોટ)

# ગુજરાત વિધાનસભામાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ




ગુજરાત વિધાનસભા સંકુલમાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ તેમજ 'પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન' પ્રદર્શનનું આયોજન કરાયું હતું. રાજ્યપાલશ્રી સહિત મહાનુભાવોએ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વિવિધ સ્ટોલની મુલાકાત લઈ પ્રગતિશીલ ખેડૂતો સાથે સંવાદ કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી જેવા ગંભીર વિષયને આજે વિધાનસભામાં સ્થાન મળ્યું છે તે આનંદની વાત છે. જૈવિક ખેતીમાં એક એકર માટે ૩૦૦ ક્વિન્ટલ છાણિયા ખાતરની જરૂર પડે છે. તેનાથી વિપરીત, પ્રાકૃતિક ખેતી એ સૂક્ષ્મ જીવાણુ આધારિત ખેતી છે. દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડથી વધુ જીવાણુઓ હોય છે અને ગૌમૂત્ર ખનિજોનો ભંડાર છે. જીવામૃત અને ઘન જીવામૃત દ્વારા જમીનમાં અળસિયાં અને મિત્ર કીટકોની સંખ્યા વધે છે, જે કુદરતી રીતે જમીનને ફળદ્રુપ બનાવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં રાજ્ય સરકારના પ્રયાસોથી ગુજરાતમાં અત્યારે ૮ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ અપનાવી છે. તેમણે ધારાસભ્યોને આહ્વાન કર્યું કે, દરેક સભ્ય પોતાના વિસ્તારના એક ગામને 'પ્રાકૃતિક ગામ' અચૂક બનાવે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રાકૃતિક ખેતીને આજના અને આવનારા બેય સમયની અનિવાર્યતા ગણાવતાં કહ્યું કે, 'પહેલું સુખ તે જાતે નર્યા'. આ પરંપરાગત ઉક્તિ માટે પ્રાકૃતિક ખેતી જ તરણોપાય છે. આ સંદર્ભમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'બૅક ટુ બેઝિક'નો મંત્ર આપ્યો છે તેની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. તેમણે ઉમેર્યું કે, બૅક ટુ બેઝિક દ્વારા માત્ર પ્રાકૃતિક ખેતી જ નહિ, માનવજીવનના સ્વાસ્થ્યને અસર કરતા બધા જ સ્રોતોના સંવર્ધનનો માર્ગ વડાપ્રધાનશ્રીએ ચીંધ્યો છે. પાણીની સમસ્યા નિવારવા કેચ ધ રેઈન, ગ્લોબલ વૉર્મિંગના પડકારોને પહોંચી વળવા તેમજ ગ્રીન કવર વધારવા માટે એક પેડ માં કે નામ અને સ્વસ્થતા માટે રસાયણમુક્ત ખેતીના વડાપ્રધાનશ્રીએ આપેલાં અભિયાનો વ્યાપકપણે અપનાવવા મુખ્યમંત્રીશ્રીએ આહ્વાન કર્યું હતું. તેમણે ગુજરાતમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરણા અને સઘન માર્ગદર્શનથી પ્રાકૃતિક ખેતી જનઆંદોલન બની છે તેનો હર્ષ વ્યક્ત કરી પ્રાકૃતિક ખેતીનો આ પરિસંવાદ વધુ ને વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા પ્રેરિત કરશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.



કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિના ઋષિ અને ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ પરિસંવાદના માધ્યમથી સૌને ખૂબ સરળ ભાષામાં પ્રાકૃતિક કૃષિનું માર્ગદર્શન પૂરું પાડ્યું છે.

આ તકે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી પૂર્ણેશભાઈ મોદી, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, સહિત મંત્રીમંડળના સભ્યો, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તેમજ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.



# સાણંદથી ભારતની ટેકક્રાંતિના મંડાણ
# ચિપથી ચૅમ્પિયન સુધીની ગુજરાતની સફર

માનવ ઈતિહાસમાં સમયાંતરે સભ્ય સમાજને નવું દિશાદર્શન આપતો વળાંક આવતો હોય છે તેના વિકાસની ગતિ, વિચાર, સમજણ અને ક્રિયાશિલતાના પરિણામે દેશ - પ્રદેશનાં સપનાં સાકાર થતાં હોય છે અને તેની આગવી ઓળખ પ્રસ્થાપિત થાય છે. રસપ્રદ વાત એ છે કે જ્યારે આપણે પરિવર્તનકાળમાંથી પસાર થતા હોઈએ ત્યારે આપણને તેની સાચી અસરનો અંદાજ પણ નથી હોતો. એક સમયે સાદા ટેલિફોનથી વાત કરવી રોમાંચકારી લાગતી હતી, ત્યારે આજે મોબાઈલ સુધીની ટૅક્નોલૉજિકલ ક્રાંતિ આવી છે.

મૂનથી મોબાઈલ સુધી અને રસોઈઘરથી રૉકેટ સાયન્સ સુધીની આ સફરમાં સૌ કોઈને જોડતું પરિબળ હોય તો તે છે ટૅકનોલૉજી. મૂન મિશનમાં પણ સેટેલાઈટમાં સેમિકન્ડકટરનો ઉપયોગ કરાયો તેમ મોબાઈલ, માઈક્રોવેવ કે રૉકેટના નિર્માણમાં પણ સેમિકન્ડક્ટર અનિવાર્ય ઘટક છે. સેમિકન્ડક્ટર એક એવો પાર્ટ છે જે ઈલેક્ટ્રોનિક્સ યુગમાં હજારો ચીજવસ્તુઓને કાર્યરત રાખી માનવીય કાર્યને વધુ સુગમ બનાવે છે.

ભારત વિશ્વનો સૌથી યુવા દેશ છે, જેથી ટૅક્નોલૉજિકલ પરિવર્તનને આત્મસાત્ કરવા સાથે તેનો કાર્યક્ષમ ઉપયોગ કરવામાં જે રીતે પ્રગતિ થઈ છે તે તેને વૈશ્વિક આગેવાન બનાવે છે. જે ભારતને આગવી વૈશ્વિક ઓળખ અપાવે છે. તે કૌશલ્યવાન યુવાઓનાં આત્મવિશ્વાસ અને ઈચ્છાશક્તિનું જ પરિણામ છે.

આત્મવિશ્વાસ અને અદમ્ય ઈચ્છાશક્તિનું પરિણામ સમગ્ર દેશને સાણંદમાં જોવા મળ્યું, જ્યારે સાણંદમાં માઈક્રોન સેમિકન્ડક્ટર ફેસિલિટીનો શુભારંભ કરવામાં આવ્યો. માઈક્રોન સેમિકંડક્ટર ફેસિલિટીનો શુભારંભ કરાવતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, ૨૦મી સદીનું રેગ્યુલેટર ઓઈલ હતું, જ્યારે ૨૧મી સદીનું રેગ્યુલેટર માઈક્રોચિપ બનશે. આ એઆઈ રેવોલ્યૂશનની સદી છે. સમગ્ર વિશ્વમાં ભારત આજે કેપેબલ, કોમ્પિટિટિવ અને કમિટેડ મિત્ર અને ભાગીદાર તરીકે ઊભરી રહ્યું છે. આશરે રૂ. ૨૨,૫૧૬ કરોડના આ પ્રોજેક્ટ સાથે ગુજરાત હવે દેશના 'સેમિકન્ડક્ટર હબ' તરીકેની ઓળખને પ્રસ્થાપિત કરશે. ભારત અત્યંત ઝડપથી વૈશ્વિક સેમિકંડક્ટર વૅલ્યૂ ચેઈનનો હિસ્સો બની રહ્યું છે. આ પ્રસંગે તેમણે સમગ્ર વિશ્વને વિશ્વાસ અપાવતાં કહ્યું કે, **ઈન્ડિયા ઈઝ રેડી, ઈન્ડિયા ઈઝ રિલાયેબલ ઍન્ડ ઈન્ડિયા ડિલિવર્સ.**

નવી દિલ્હીમાં તાજેતરમાં જ વિશ્વની સૌથી મોટી અને સફળ AI સમિટના સફળ આયોજન બાદ આજે આપણે ટૅક્નોલૉજી





આ પ્લાન્ટ માત્ર એક ફેક્ટરી નથી, પરંતુ અમેરિકન ટેક્નોલૉજી અને ભારતની ઉત્પાદન શ્રેષ્ઠતાના સમન્વયનું ભવિષ્ય છે. 'જ્યારે લોકો પૂછતા કે શું ભારતમાં વિશ્વસ્તરીય સેમિકન્ડક્ટર ફેસિલિટી બની શકે?' ત્યારે મારો જવાબ છે - 'હા, શક્ય છે!.

**શ્રી સર્જીઓ ગોર,** ભારત ખાતેના યુએસ ઍમ્બેસેડર

લીડરશિપ ક્ષેત્રે ભારતની કટિબદ્ધતાના એક ઐતિહાસિક પડાવના સાક્ષી બન્યા છીએ. ૧૦-૧૧ વર્ષ પહેલાં ભારતમાં ડેટા અને ચિપની ચર્ચા માત્ર મર્યાદિત વર્તુળોમાં જ થતી હતી અને ટૅકનોલૉજીના નામે આપણે માત્ર આઈટી સર્વિસિસ પૂરતા સીમિત હતા, પરંતુ આજે સોફ્ટવેર માટે જાણીતું ભારત હવે હાર્ડવેરના ક્ષેત્રમાં પણ પોતાની ઓળખ સશક્ત કરી રહ્યું છે.

જૂન-૨૦૨૩માં આ સુવિધા માટે MoU થયા, સપ્ટેમ્બરમાં ખાતમુહૂર્ત થયું અને ફેબ્રુઆરી-૨૦૨૬માં કોમર્શિયલ પ્રોડક્શન પણ શરૂ થઈ ગયું છે. વિશ્વના વિકસિત દેશોમાં પણ આવી મંજૂરીઓ અને પ્રક્રિયાઓમાં વર્ષો નીકળી જતાં હોય છે, પરંતુ ભારતે આ અશક્ય કામ માત્ર ૯૦૦ દિવસમાં પૂર્ણ કરીને બતાવ્યું છે.

વડાપ્રધાનશ્રીએ સેમિકન્ડકટરને ઈન્ડસ્ટ્રિયલ રેવોલ્યૂશન અને AI રેવોલ્યૂશનને જોડતો સૌથી મોટો સેતુ ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, ભારત હવે આ વૈશ્વિક સેમિકન્ડક્ટર વૅલ્યૂ ચેઈનનો ખૂબ જ મહત્ત્વનો હિસ્સો બની રહ્યું છે. અત્યાર સુધીમાં સેમિકોન ઈન્ડિયા પ્રોગ્રામ હેઠળ ૧૦ મોટા પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે. ભારતનું લક્ષ્ય માત્ર એક ફેક્ટરી સ્થાપવા પૂરતું સીમિત નથી, પરંતુ સંપૂર્ણ ઈકોસિસ્ટિમ બનાવવાનું છે. ભારત હવે સેમિકન્ડક્ટરની આખી વૅલ્યૂ ચેઈન પર ફોકસ કરી રહ્યું છે, જેમાં ડિઝાઈન એન્જિનિયરથી લઈને

## ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન

આ યુગમાં યુવાશક્તિના જોરે જ મેક ઇન ઇન્ડિયા પહેલ અને દૂરંદેશી નીતિઓએ દેશને વૈશ્વિક ઉત્પાદન કેન્દ્રમાં પરિવર્તિત કર્યો છે. સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ ઘટકો મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો છે. સાધનો અને સામગ્રીનું ઉત્પાદન કરવા અને સપ્લાય ચેઇનને મજબૂત બનાવવા માટે ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન 2.0 શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

રૂ. ૭૬,૦૦૦ કરોડના ખર્ચ સાથે ૨૦૨૧માં મંજૂર કરાયેલ, ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM) 1.0 સેમિકન્ડક્ટર ઉત્પાદન, એસેમ્બલી, પરીક્ષણ અને ચિપ ડિઝાઇન માટે ૫૦% સુધી નાણાકીય સહાય પૂરી પાડે છે. વધુમાં, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટેના કેન્દ્રીય બજેટમાં ISM 2.0 માટે રૂ. ૧,૦૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે, જે ઉદ્યોગ-વિશિષ્ટ સંશોધન, ટૅકનોલૉજી વિકાસ અને કુશળ કાર્યબળ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

અન્ય મુખ્ય પહેલોમાં મોટા પાયે ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન માટે ઉત્પાદન લિંક્ડ ઇન્સેન્ટિવ (PLI) યોજના, IT હાર્ડવેર માટે PLI યોજના 2.0, ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ક્લસ્ટર્સ (EMC) અને EMC 2.0 યોજના, ઇલેક્ટ્રોનિક ઘટકો અને સેમિકન્ડક્ટર્સના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટેની યોજના (SPECS) અને સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ઉત્પાદન ઇકોસિસ્ટિમના વિકાસ માટે સંશોધિત કાર્યક્રમનો સમાવેશ થાય છે

મશીન નિર્માતા અને લોજિસ્ટિક્સ સુધીનાં તમામ સ્તર સામેલ છે. 'ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન 2.0'ની જાહેરાત આ જ દિશામાં લેવાયેલું મોટું પગલું છે. જેમ-જેમ ઉત્પાદન વધશે તેમ ભારતની અંદર જ મટીરિયલ અને કોમ્પોનન્ટ્સની માંગ વધશે, જે સ્થાનિક ઉદ્યોગો માટે સૌથી મોટી તક બની રહેશે.

ભારતના વધતા જતા માર્કેટ વિશે વાત કરતાં તેમણે જણાવ્યું કે, ઇલેક્ટ્રોનિક્સ અને ઓટોમોબાઇલ ક્ષેત્રે ભારતની માંગ સતત વધી રહી છે, તેથી 'મેક ઇન ઇન્ડિયા' હવે ફુલ સ્વિંગમાં આગળ વધી રહ્યું છે, જે વૈશ્વિક રોકાણકારો માટે ઘરેલુ બજાર અને વૈશ્વિક તકો બંને પૂરી પાડે છે.

સાણંદ તો એવી ધરતી છે જ્યાં રતન ટાટાના પ્લાન્ટ સાથે ઓટોમોબાઇલ ક્રાંતિની શરૂઆત થઈ હતી. આજે તે જ સાણંદ ગ્લોબલ મૅપ પર સેમિકન્ડક્ટર હબ તરીકે ઊભરી રહ્યું છે. વડાપ્રધાનશ્રીએ દેશ-વિદેશના ટૅકનિશિયનોને ખાતરી આપી હતી કે, ગુજરાત સરકાર તેમને શ્રેષ્ઠ જીવનશૈલી અને સુવિધાઓ પૂરી પાડવામાં કોઈ કમી રાખશે નહીં.

પર્યાવરણ અને ટૅક્નોલૉજીના સમન્વય વિશે વાત કરતાં તેમણે માઇક્રોનના પ્લાન્ટની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે, અહીં બનાવવામાં આવેલો 'ક્લીન રૂમ સ્પેસ' વિશ્વના સૌથી મોટા સ્પેસમાંનો એક છે. સાથે જ પ્લાન્ટમાં પાણીના ઓછામાં ઓછા વપરાશ અને રિસાઇક્લિંગ માટે જે વ્યવસ્થાઓ કરવામાં આવી છે તે પ્રગતિ અને પ્રકૃતિના તાલમેલનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. તેમણે ગુજરાત સરકારની પ્રો-ઍક્ટિવ નીતિઓની પણ સરાહના કરી હતી, જેના કારણે રોકાણકારોનો ભરોસો મજબૂત થયો છે. વડાપ્રધાનશ્રીએ ગ્લોબલ ઇન્વેસ્ટર્સને ખાતરી આપી હતી કે ભારત સરકાર અને રાજ્ય સરકારો તેમની સાથે ખભેખભો મિલાવીને ઊભી છે.

વડાપ્રધાનશ્રીએ માઇક્રોન ટૅક્નોલૉજીના અત્યાધુનિક ATMP (ઍસેમ્બલી, ટૅસ્ટિંગ, માર્કિંગ અને પૅકેજિંગ) પ્લાન્ટની કામગીરી અને અન્ય વિગતો દર્શાવતાં પ્રદર્શનને નિહાળ્યું હતું તથા પ્લાન્ટની મુલાકાત લઈને સેમિકન્ડક્ટર ચિપના ઍસેમ્બલી અને પૅકેજિંગનાં વિવિધ ઑપરેશન્સ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. નૅશનલ સેમિકન્ડક્ટર મિશન અંતર્ગત માઇક્રોન ફૅસિલિટી દ્વારા આ પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ પૂર્વે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાણંદ જીઆઈડીસી ખાતે યોજેલા રોડ શો અંતર્ગત ઉપસ્થિત જનમેદનીનું અભિવાદન ઝીલ્યું હતું. કાર્યક્રમમાં માઇક્રોન ટૅક્નોલૉજી દ્વારા ડેલ ટૅક્નોલૉજીના પ્રથમ કોમર્શિયલ મેડ ઇન ઇન્ડિયા શિપમેન્ટને વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં હેન્ડઓવર કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આ દિવસને ઐતિહાસિક ગણાવતાં જણાવ્યું હતું કે, ભારતે છેલ્લા છ દાયકાથી



સેમિકન્ડક્ટર ક્ષેત્રે જે સ્વપ્ન જોયું હતું, તે આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મક્કમ નિર્ધારથી સાકાર થયું છે. હવે 'સેમિકન્ડક્ટર 2.0' દ્વારા માત્ર ચિપ ડિઝાઇન જ નહીં, પરંતુ તેનું મેન્યુફૅક્ચરિંગ, મશીનરી, કેમિકલ્સ અને ગેસ સહિતની સંપૂર્ણ ઇકોસિસ્ટિમ ભારતમાં જ તૈયાર થઈ રહી છે. દેશની ૩૧૫થી વધુ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ ચિપ ડિઝાઇન કરી રહ્યા છે, જે વિકસિત ભારતના મજબૂત પાયાની નિશાની છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સાણંદ ખાતે માઇક્રોન પ્લાન્ટના લોકાર્પણને









## માઇક્રોનનો વિશ્વનો સૌથી મોટો પ્લાન્ટ

માઈક્રોનના મેગા સેમિકન્ડક્ટર પ્લાન્ટમાં SSD (સોલિડ સ્ટેટ ડ્રાઈવ), DRAM અને NAND જેવાં આધુનિક સ્ટોરેજ અને મેમરી ઉપકરણોનું નિર્માણ કરવામાં આવશે. આ ઉત્પાદનો ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના યુગમાં અત્યંત મહત્ત્વનાં સાબિત થશે, મજબૂત મેમરી સપોર્ટ વિના AI પ્રણાલીઓ કાર્યક્ષમ રીતે કામ કરી શકતી નથી. માઈક્રોનનો આ પ્લાન્ટ વિશ્વના સૌથી મોટા અને અત્યંત સ્વચ્છ 'ક્લીનરૂમ' ધરાવતાં એકમોમાં સ્થાન પામ્યો છે, જ્યાં ઑપરેશન થિયેટર કરતાં પણ વધુ શુદ્ધ વાતાવરણમાં ચિપનું પૅકેજિંગ કરવામાં આવે છે. રોજગારીના ક્ષેત્રે પણ આ પ્લાન્ટ આશાનું નવું કિરણ લઈને આવ્યો છે. હાલમાં ૨૦૦૦ લોકોની ટીમ કાર્યરત છે, જે આગામી સમયમાં વધીને ૫૦૦૦થી વધુ પ્રત્યક્ષ રોજગારી સુધી પહોંચશે. આ પ્લાન્ટમાં દિવ્યાંગ નાગરિકોને પણ ઑપરેશન અને ટૅક્નિશિયન તરીકે રોજગારીની સમાન તકો પૂરી પાડવામાં આવી છે.

સેમિકન્ડક્ટર ઈકો સિસ્ટિમ ક્ષેત્રે પાયાની ઈંટ ગણાવતાં કહ્યું કે, વડાપ્રધાનશ્રીના વિઝનરી નેતૃત્વમાં આજે ગુજરાત ગ્લોબલ મૅપ પર ગ્રોથ એન્જિન તરીકે ચમક્યું છે. સાણંદ અને ધોલેરા સેમિકન્ડક્ટર ફૅસિલિટી પ્લાન્ટનાં મુખ્ય કેન્દ્રો બનીને ઊભર્યાં છે. લાર્જ સ્કેલ અને જેટ સ્પીડથી ઈન્ડસ્ટ્રિયલ ટ્રાન્સફૉર્મેશન શક્ય બન્યું છે. આ વિકાસયાત્રા માત્ર નવા ઉદ્યોગોની શરૂઆત નથી, પરંતુ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વિશ્વના દેશો માટે વિશ્વાસુ મિત્ર તરીકે 'નવા ભારત'ની ઓળખ પણ છે.

ગુજરાત વર્ષ-૨૦૨૨માં સેમિકન્ડક્ટર પૉલિસી જાહેર કરનાર દેશનું પ્રથમ રાજ્ય હતું. હવે ગુજરાત એઆઈ (AI) અને સેમિકન્ડક્ટર જેવાં ઊભરતાં સેક્ટરમાં પણ 'ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર' બનવા જઈ રહ્યું છે. માઈક્રોનનો આ પ્લાન્ટ માત્ર ઔદ્યોગિક પરિયોજના નથી, પણ યુવાનોનાં સપનાઓનું ઈન્વેસ્ટમેન્ટ છે. 'મેક ઇન ઈન્ડિયા, મેડ ફોર ધ વર્લ્ડ'ના મંત્ર સાથે વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા ગુજરાત કટિબદ્ધ છે.

માઈક્રોનના મેગા સેમિકન્ડક્ટર પ્લાન્ટના ઉદ્ઘાટન પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા તથા રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, સાંસદ સભ્યશ્રીઓ તેમજ ધારાસભ્યશ્રીઓ, રાજ્યના મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસ, વિજ્ઞાન અને ટૅક્નોલૉજી સચિવ શ્રી પી. ભારતી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.





# ગાંધીનગરમાં 'ગુજરાત સેમિકનેક્ટ કૉન્ફરન્સ ૨૦૨૬'

'વિકસિત ભારત @ ૨૦૪૭' અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરવા તરફ ગુજરાતે વધુ એક ઐતિહાસિક પગલું ભર્યું છે. તે અંતર્ગત ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં 'ગુજરાત સેમિકનેક્ટ કૉન્ફરન્સ ૨૦૨૬'નો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો.

વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનથી પ્રેરિત અને રાજ્ય સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા આયોજિત આ ગ્લોબલ કૉન્ફરન્સની થીમ "ગુજરાત: ભારતનું સિલિકોન ગેટ-વે" રાખવામાં આવી હતી, જેણે હાઈ-ટેક ચિપ નિર્માતાઓ અને સ્થાનિક ઉદ્યોગ વચ્ચે વ્યૂહાત્મક સહયોગને પ્રોત્સાહન આપ્યું હતું.

ગુજરાત સેમિ કનેક્ટ કૉન્ફરન્સ ૨૦૨૬નો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, ગુજરાત પૉલિસી સ્ટેબિલિટી, ટ્રાન્સપરન્સી, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ તથા ડેવલપમેન્ટ માટેની પૉલિટિકલ વિલ સાથે સેમિકન્ડક્ટર અને ચિપ મેન્યુફેક્ચરિંગમાં ફાસ્ટ મૂવર બની રહ્યું છે અને દેશના ગ્રોથ એન્જિન ગુજરાતને ટેક એન્જિન બનાવવાનો સ્પષ્ટ સંકેત આ કૉન્ફરન્સ આપે છે. ભારત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશિપમાં હવે હાર્ડવેરના ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ સશક્ત કરી રહ્યું છે અને ઈન્ડિયા ઈઝ રેડી, ઈન્ડિયા ઈઝ રિલાયેબલ એન્ડ ઈન્ડિયા ડિલિવર્સનો જે વિશ્વાસ તેમણે અપાવ્યો છે તેને આ ગુજરાત સેમિકનેક્ટ કૉન્ફરન્સથી પાર પાડવાની નેમ છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત સેમિ કનેક્ટ કૉન્ફરન્સ ૨૦૨૬ને રાઈટ જોબ એટ રાઈટ ટાઈમ ગણાવતાં ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના હસ્તે સાણંદમાં માઈક્રોન પ્લાન્ટની શરૂઆતથી દેશ માટે ટેક્નોલૉજિકલ યુગના રિવોલ્યૂશનનો શંખનાદ થયો છે. આ ઐતિહાસિક ઘટના પછી તરત જ શરૂ થઈ રહેલી આ ગુજરાત સેમિ કનેક્ટ કૉન્ફરન્સ રાજ્યની સેમિકન્ડક્ટર સેક્ટર ઈકોસિસ્ટિમની સજ્જતા તથા વૈશ્વિક ભાગીદારોને રાજ્યમાં આકર્ષીને રિસર્ચ, ઈનોવેશન અને સપ્લાય ચેઈન લોકલાઈઝેશનથી આત્મનિર્ભર ભારતનું વિઝન પાર પાડશે.

ધોલેરા SIR હવે એક બ્લૂ પ્રિન્ટ નથી રહ્યું પણ ભારતનું સેમિકોન સિટી બનવા જઈ રહ્યું છે. ધોલેરા અને સાણંદમાં સેમિકન્ડક્ટર સેક્ટર માટે ભવિષ્યની જરૂરિયાતો મુજબનું ક્વૉલિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પ્લગ એન્ડ પ્લે ફૅસેલિટી તથા લોજિસ્ટિક્સ વ્યવસ્થાઓ આધુનિક બનાવી છે.




વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ગુજરાત સેક્ટર સ્પેસિફિક પૉલિસી મેકિંગથી પૉલિસી ડ્રિવન સ્ટેટ, ટેક્નોલૉજી આધારિત વિકાસને પ્રાથમિકતા અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના કારણે ગ્લોબલ કંપનીઝ અને રોકાણકારો માટે રોકાણની પહેલી પસંદ બન્યું છે. સુદૃઢ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સેમિકોન ઈન્ડસ્ટ્રીઝ માટે યુવા સ્કિલ્ડ વર્કફોર્સ તૈયાર કરવાની દિશામાં પણ ગુજરાત પ્રતિબદ્ધ છે

તથા આઇ.આઇ.ટી. ગાંધીનગરમાં આ હેતુસર સમર્થ પ્રોજેક્ટ અંતર્ગત નેનો ફેબ્રિકેશન લૅબનું નિર્માણ થઈ રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ સેમિકોન સેક્ટરમાં નવાં રોકાણોથી આત્મનિર્ભર અને વિકસિત ભારત@૨૦૪૭ના વડાપ્રધાનશ્રીના સંકલ્પને ચિપથી ચૅમ્પિયન સુધીની સફરથી ચરિતાર્થ કરવામાં ગુજરાત લીડ લેશે અને સેમિકોન સેક્ટરના રોકાણકારોને ગુજરાતમાં તેમનું રોકાણ સસ્ટેનેબલ ડેવલપમેન્ટના બેન્ચમાર્ક પ્રસ્થાપિત કરશે તેવો વિશ્વાસ આપ્યો હતો.

આ પ્રસંગે કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, ભારતની સેમિકન્ડક્ટર સફરમાં માઇક્રોનના પ્રથમ પ્લાન્ટના પ્રારંભ સાથે ભારતે વિશ્વના સેમિકન્ડક્ટર નકશા પર વિશેષ સ્થાન મેળવ્યું છે. આ સફળતા બાદ હવે સરકાર 'સેમિકોન 2.O' લોન્ચ કરવા જઈ રહી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતને માત્ર ઉત્પાદન જ નહીં પરંતુ ડિઝાઇન, મશીનરી અને ટેલેન્ટનું વૈશ્વિક કેન્દ્ર બનાવવાનો છે. વર્ષ ૨૦૨૧માં જ્યારે આ અંગે પ્રથમ પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું, ત્યારે વડાપ્રધાનશ્રીએ ૪૫ મિનિટને બદલે ૩ કલાક સુધી તમામ વિગતો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી, જે તેમની આ મિશન પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

કેન્દ્રીય મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, 'લર્ન ટુ વોક બિફોર યૂ રન'ના સિદ્ધાંત સાથે સેમિકોન 1.O સફળ થયા બાદ હવે સેમિકોન 2.O અંતર્ગત કેટલીક પ્રાથમિકતાઓ નક્કી કરવામાં આવી છે, જેમાં ડિઝાઇન ઇકોસિસ્ટિમ થકી ક્વાલકોમ, બ્રોડકોમ અને એનવીડિયા જેવી કંપનીઓ દેશમાં જ તૈયાર થાય તે માટે ડીપ-ટેક સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપશે. ભારત માત્ર ચિપ્સ જ નહીં, પરંતુ ચિપ બનાવવાની મશીનરી, મટીરિયલ અને ટેસ્ટિંગ ઇકોસિસ્ટિમ પણ વિકસાવશે. જાપાનના

માઇક્રોન ટેકનોલૉજીએ ગુજરાતના સાણંદમાં ભારતની પ્રથમ સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટિંગ ફેસિલિટી, 'માઇક્રોન પાયોનિયર'નો પ્રારંભ કર્યો છે. આ પ્રોજેક્ટ ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઇનનું એક મહત્ત્વપૂર્ણ કેન્દ્ર બનાવવાની દિશામાં મોટું કદમ છે, જે ભવિષ્યની ડિજિટલ ક્રાંતિ માટે મજબૂત પાયો પણ નાખશે. AI ના યુગમાં મેમરી ચિપ્સની માંગ ઝડપથી વધી રહી છે ત્યારે ભારત આ વૈશ્વિક જરૂરિયાતને પૂરી કરવા માટે તૈયાર થઈ રહ્યું છે.

**શ્રી સંજય મેહરોત્રા,** CEO, માઇક્રોન ટેકનોલૉજી

કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગથી સેમિકન્ડક્ટર મિશન અંતર્ગત ટાટા ઇલેક્ટ્રોનિક્સની અરજી માત્ર ૧૦૦ દિવસમાં મંજૂર કરવામાં આવી હતી, જે રાજ્ય સરકારના સહયોગનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. ધોલેરા હવે ભારતના 'સેમિકોન સિટી' તરીકે ઊભરી રહ્યું છે. ટાટા ઇલેક્ટ્રોનિક્સના આ પ્રોજેક્ટમાં હાલમાં ૭ હજાર લોકો કાર્યરત છે અને ભવિષ્યમાં ૨૦ હજાર જેટલી રોજગારીની તકો ઊભી થશે. આ વિસ્તારમાં ફોર-લેન હાઇવે, અવિરત વીજળી અને પાણી પુરવઠા જેવી આધુનિક માળખાગત સુવિધાઓ તૈયાર કરવામાં આવી છે.

**ડૉ. રણધીર ઠાકુર,** CEO-MD, ટાટા ઇલેક્ટ્રોનિક્સ

ભારત આજે ઇલેક્ટ્રોનિક્સના માત્ર ગ્રાહક બનવાના બદલે સેમિકન્ડક્ટર ઉત્પાદન અને ડિઝાઇનના વૈશ્વિક હબ તરીકે ઊભરી રહ્યું છે. 'સીજી સેમિ' એ ઑગસ્ટ ૨૦૨૫માં તેનો પ્રથમ પ્લાન્ટ પૂર્ણ કર્યો છે અને ટૂંક સમયમાં વ્યાવસાયિક ઉત્પાદન શરૂ કરશે. વર્ષ ૨૦૨૭ સુધીમાં બીજા પ્લાન્ટની સ્થાપના સાથે વાર્ષિક અંદાજે ૪ અબજ ચિપ્સનું ઉત્પાદન કરવાની ક્ષમતા હાંસલ થશે. જે ઑટોમોટિવ અને ઇન્ડસ્ટ્રિયલ સેક્ટર માટે ગેઇમ-ચેન્જર સાબિત થશે.

**શ્રી જી.સી.ચતુર્વેદી,** ચૅરમૅન, સીજી Semi

રાજ્ય સરકારની દૂરંદેશી નીતિઓ અને વહીવટી તત્પરતાને પરિણામે આજે ગુજરાત ભારતના સેમિકન્ડક્ટર મિશનનું કેન્દ્રબિંદુ બન્યું છે. કેન્સ ટેકનોલૉજીની સેવા ક્ષેત્રથી લઈને ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ અને હવે સેમિકન્ડક્ટર પૅકેજિંગ તથા એડવાન્સ HDI PCB મેન્યુફેક્ચરિંગ સુધીની સફર ભારતના બદલાતા ઔદ્યોગિક પરિપ્રેક્ષ્યનું પ્રતીક છે. ઉચ્ચ તકનીકી ઉત્પાદન, સ્થાનિક પ્રતિભા અને મજબૂત ઇન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા ગુજરાત જે ઔદ્યોગિક પાયો નાખી રહ્યું છે, તેમાં કેન્સ પૂરા ઉત્સાહ અને શિસ્ત સાથે યોગદાન આપીને ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર હબ બનાવવાના સ્વપ્નને સાકાર કરશે.

**શ્રી રમેશ કન્નન,** મૅનેજિંગ ડિરેક્ટર, કેન્સ ટેકનોલૉજી

સેમિકન્ડક્ટર ઉદ્યોગની આવક વર્ષ ૨૦૩૫ સુધીમાં ૨ ટ્રિલિયન ડોલર સુધી પહોંચવાની અપેક્ષા છે, તેમાં ભારતનો હિસ્સો મહત્ત્વપૂર્ણ રહેશે.

**શ્રી અજિત મનોચા,** CEO, SEMI

મૉડલમાંથી શીખ લઈને ભારત આગામી ૨૦ વર્ષના વિઝન સાથે આ મજબૂત પાયો બનાવી રહ્યું છે.

વૈશ્વિક ટેલેન્ટ હબ વિશે મંત્રીશ્રીએ કહ્યું હતું કે, સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં વૈશ્વિક સ્તરે ૨૦ લાખ નિષ્ણાતોની અછત સર્જાવાની છે, જેને ભારત પૂરી કરશે. ભારતે ૧૦ વર્ષમાં ૮૫ હજાર એન્જિનિયર્સ તૈયાર કરવાનો લક્ષ્યાંક માત્ર ચાર જ વર્ષમાં હાંસલ કરી લીધો છે. હાલમાં દેશની વિવિધ ૩૫ યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓ વાસ્તવિક ચિપ્સ ડિઝાઇન કરી રહ્યા છે. હવે આ નેટવર્કને ૩૧૫થી વધારીને ૫૦૦ યુનિવર્સિટીઓ સુધી લઈ જવામાં આવશે, જેથી દરેક રાજ્યના યુવાનોને આ હાઇ-ટેક ક્ષેત્રમાં રોજગારી મળી શકે.

કેન્દ્રીય મંત્રી શ્રી વૈષ્ણવે વધુમાં, કહ્યું હતું કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્તરે ૨૫૦ બિલિયન ડૉલર અને ડીપ-ટેક વીસી ફંડિંગમાં ૧૭ બિલિયન ડૉલરના રોકાણની પ્રતિબદ્ધતા વ્યક્ત



કરવામાં આવી છે. વર્ષ ૨૦૪૭ સુધી ટેક્સ ઈન્સેન્ટિવ્સની ખાતરી આપીને સરકારે નીતિ વિષયક સ્થિરતા પૂરી પાડી છે. જેનાથી ભારતની આઈટી ઈન્ડસ્ટ્રી હવે સોફ્ટવેર સર્વિસિસથી આગળ વધીને AI-આધારિત સર્વિસિસમાં વિશ્વનું નેતૃત્વ કરશે.

વડાપ્રધાનશ્રીએ બજેટમાં વર્ષ ૨૦૪૭ સુધીનાં પ્રોત્સાહનો આપ્યાં છે, જે ભારતને વિશ્વના ડેટા હબ તરીકે સ્થાપિત કરવામાં અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વિઝનને



સાકાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, ગુજરાત આજે રોકાણકારોની પહેલી પસંદગી બની રહ્યું છે. દેશમાં સૌથી વધુ રિટર્ન ઓન ઈન્વેસ્ટમેન્ટની ગૅરંટી આપતું રાજ્ય ગુજરાત છે. ગુજરાત એ માત્ર રોકાણ માટેનું રાજ્ય નથી, પણ સુરક્ષિત ભવિષ્યની ગૅરંટી છે.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું

## સાયન્સ, ટેકનોલૉજી અને ઈનોવેશન (STI) ૨૦૨૬-૨૦૩૧ નીતિનું અનાવરણ



ગુજરાત સેમિકનેક્ટ કૉન્ફરન્સ ૨૦૨૬ દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત રાજ્યની સાયન્સ, ટેકનોલૉજી અને ઈનોવેશન (STI) નીતિ ૨૦૨૬-૨૦૩૧ જાહેર કરી હતી. આ નવી નીતિનો હેતુ ગુજરાતને નવીનતા આધારિત અને ટેક્નોલૉજીમાં આગળ રહેનાર રાજ્ય બનાવવાનો છે. રાજ્યના સર્વાંગી વિકાસ, ઉદ્યોગોની સ્પર્ધાત્મકતા અને સમાજની પ્રગતિ માટે વિજ્ઞાન અને ટૅક્નોલૉજીને મજબૂત બનાવવું એ આ નીતિનું મુખ્ય લક્ષ્ય છે.

વિકસિત ગુજરાતથી વિકસિત ભારત @૨૦૪૭"ના વિઝનને સાકાર કરવા આ નીતિ રાજ્યને ટૅક્નોલૉજીમાં આત્મનિર્ભર બનાવશે અને વૈશ્વિક સ્તરે આગળ વધવામાં મદદરૂપ થશે. ગુજરાતને જ્ઞાન આધારિત અર્થવ્યવસ્થા બનાવવામાં આ નીતિ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

આ નીતિનો ખાસ ભાગ છે. રૂ. ૧૦૦૦ કરોડનું “સ્વદેશી અનુસંધાન ફંડ", આ ફંડ દ્વારા કૃત્રિમ બુદ્ધિમત્તા (AI), સેમિકન્ડક્ટર,






કે, જ્યારે દુનિયાની સામે કોવિડ-૧૯ના પડકારો ઊભા થયા અને સેમિકન્ડક્ટર ઉત્પાદન બંધ થવાથી દુનિયાના ઘણા ઉદ્યોગોને માઠી અસર થઈ હતી. આ પડકારને અવસર ગણીને વડાપ્રધાનશ્રીએ દેશને સેમિકન્ડક્ટર હબ બનાવવા મહેનત કરી તેનું પરિણામ સાણંદમાં દેશના પ્રથમ માઈક્રોન ATMP પ્લાન્ટરૂપે સાકારિત થયું છે.

આ કૉન્ફરન્સમાં રાજ્યમાં સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટિમને વધુ મજબૂત કરવા વૈશ્વિક સ્તરના દિગ્ગજો સહભાગી થયા હતા. થીમેટિક પેનલ્સ મેન્યુફેક્ચરિંગ, ઈન્ફ્રાસ્ટ્રકચર, ફાઈનાન્સ, R&D અને ફ્યુચર સ્કિલ્સ પર કૉન્ફરન્સમાં ખાસ ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત જાપાન અને તાઈવાન જેવા દેશો સાથે આંતરરાષ્ટ્રીય સહયોગ વધારવા માટે ‘કન્ટ્રી રાઉન્ડ ટેબલ’નું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

### ઉદ્યોગ-રોકાણકારો સાથે વન ટુ વન બેઠક

‘ગુજરાત સેમિકનેક્ટ કૉન્ફરન્સ ૨૦૨૬’માં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિવિધ ઉદ્યોગ અગ્રણીઓની સાથે વન ટુ વન બેઠકમાં સેમિકોન સેક્ટરમાં R&D સેન્ટર, મેમરી મૉડ્યૂલ ફૅસેલિટી, પાવરચિપ ઉત્પાદન અને સ્પેશિયાલિટી કેમિકલ ફૅસેલિટીઝ શરૂ કરવા માટેનાં ફળદાયી ચર્ચા-પરામર્શ કર્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રીને દીપક નાઇટ્રેટના એમડી શ્રી મેઘવ મહેતા, મલેશિયા સ્થિત હોતાચી ઈલેક્ટ્રોનિકના ચૅરમૅન શ્રી દાતો શેરી લી હંગ લૂંગ, સુચિ-ROHM સેમિકોનના એમડી શ્રી મોકોટો તેરાડા અને સ્થાપક શ્રી અશોક મહેતા, હોરિબા ઇન્ડિયાના શ્રી રાજીવ ગૌતમ તથા એપ્લાઇડ મટીરિયલના ચિફ ઓપરેટર ઓફિસર સુશ્રી રાધિકા વિશ્વનાથન આ વન ટુ વન બેઠક અંતર્ગત મળ્યાં હતાં.

ક્વૉન્ટમ ટૅક્નોલૉજી, બાયોટૅક્નોલૉજી, ગ્રીન એનર્જી, ડિફેન્સ ટૅક્નોલૉજી, ઇમર્સિવ ટૅકનોલૉજી અને અંતરિક્ષ જેવાં મહત્ત્વનાં ક્ષેત્રોમાં સંશોધનને પ્રોત્સાહન મળશે. દર વર્ષે ૧૦૦થી વધુ ગુણવત્તા સભર સંશોધન પ્રોજેક્ટ્સને મદદ મળશે.

રાજ્યમાં ગુજરાત રાજ્ય સંશોધન અને નવીનતા ક્લસ્ટર (GRRICO) બનાવવામાં આવશે. શરૂઆત ગાંધીનગર-અમદાવાદ વિસ્તારમાંથી થશે અને ત્યારબાદ વડોદરા-સુરત તથા રાજકોટ-ભાવનગર-જૂનાગઢ- જામનગર સુધી તેનો વિસ્તાર કરવામાં આવશે. અદ્યતન લૅબ, ટૅસ્ટિંગ સુવિધા અને ઉદ્યોગ તથા શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે સહકાર વધારવા માટે ઈનોવેશન અને R&D હબ્સ ઊભા કરાશે.

આ પૉલિસી અંતર્ગત માનવ સંસાધન વિકાસ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. રાજ્યમાં ૨૦૩૦ સુધી ૧ લાખ કુશળ સંશોધકો તૈયાર કરવાનો સંકલ્પ છે. દર વર્ષે ૨૫૦ JRF/SRF/PDF ફૅલોશિપ આપવામાં આવશે. "વુમન ઈન ઈનોવેશન" ફૅલોશિપ, એકીકૃત ગુજરાત H&D પોર્ટલ અને રાજ્યવ્યાપી STEM પ્રવૃત્તિઓ દ્વારા યુવાનોને સંશોધન તરફ પ્રોત્સાહિત કરવામાં આવશે.

વિજ્ઞાન પ્રત્યે રસ વધે તે માટે STEM લર્નિંગ સેન્ટર્સનો વિસ્તાર કરવામાં આવશે. સાયન્સ સિટી અને જિલ્લા વિજ્ઞાન કેન્દ્રને વધુ સશક્ત બનાવાશે. મોબાઈલ વિજ્ઞાન પ્રયોગશાળાઓ મારફત ગામડાં સુધી વિજ્ઞાન પહોંચાડવામાં આવશે અને અનુભૂતિ આધારિત શિક્ષણને પ્રોત્સાહન મળશે.

રાજ્યમાં ૨૦૦થી વધુ IP સુવિધા કેન્દ્રો સ્થાપિત કરવાનું લક્ષ્ય છે. રાજ્ય ૨૦૩૦ સુધી STI ક્ષેત્રમાં ખર્ચને GSDPના ૧% સુધી વધારશે. વિવિધ વિભાગોમાં ૧% R&D ફાળવણી ફરજિયાત બનાવવામાં આવશે. CSR દ્વારા પણ સંશોધન, નવીનતા અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટિમને ટેકો આપવામાં આવશે.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર આ નીતિ અમલમાં મૂકવા માટે નોડલ વિભાગ તરીકે કામ કરશે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટૅક્નોલૉજી (GUJCOST) અમલી એજન્સી રહેશે. ગુજરાત સ્ટેટ રિસર્ચ ફાઉન્ડેશન અને નિષ્ણાતોની ટૅક્નીકલ સમિતિ માર્ગદર્શન આપશે.

ગુજરાત સેમિકનેક્ટ કૉન્ફરન્સ ૨૦૨૬ દરમિયાન આ નીતિ જાહેર થવી રાજ્યની વૈજ્ઞાનિક પ્રતિબદ્ધતા અને ટૅક્નોલૉજીમાં આત્મનિર્ભર બનવાના સંકલ્પનું પ્રતીક છે. આ નીતિ ગુજરાતને નવીનતા આધારિત અને વિશ્વસ્તરીય અર્થવ્યવસ્થા તરફ આગળ વધારશે.

# ગુજરાત હાઈકોર્ટ આર્બિટ્રેશન સેન્ટરનો શિલાન્યાસ



ગુજરાત ઔદ્યોગિક વિકાસ અને ટેક્નોલૉજીના ક્ષેત્રે દેશમાં અગ્રેસર છે. સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી જસ્ટિસ સૂર્યકાંત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત હાઈકોર્ટ આર્બિટ્રેશન સેન્ટરના નવા અત્યાધુનિક ભવનનો શિલાન્યાસ તથા સેન્ટરના લોગોનું અનાવરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત 'ઇન્સ્ટિટ્યૂશનલ આર્બિટ્રેશન એટ અ ક્રોસરોડ્સ: ચૅલેન્જિસ એન્ડ ધ વે ફોરવર્ડ' વિષય પર કૉન્ફરન્સના આયોજન સાથે આર્બિટ્રેશન સેન્ટરના ન્યૂઝલેટરનું વિમોચન અને સેન્ટરની રિ-ડિઝાઇન થયેલી નવી વેબસાઇટ લૉન્ચ થઈ હતી. ગુજરાત હાઈકોર્ટ આર્બિટ્રેશન સેન્ટર અને ગુજરાત રાજ્ય કાયદાકીય સેવા સત્તામંડળના સંયુક્ત ઉપક્રમે તથા ગુજરાત હાઈકોર્ટના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન થયું હતું.

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત હાઈકોર્ટ આર્બિટ્રેશન સેન્ટરના અત્યાધુનિક ભવનનો શિલાન્યાસ અને આયોજિત કૉન્ફરન્સ દેશના વિવાદ નિવારણ માટેના માળખાને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ સાબિત થશે. આપણે માત્ર કાગળ પરના નિયમોથી આગળ જઈ પારદર્શક અને ન્યાયી પ્રક્રિયા દ્વારા પક્ષકારોનો વિશ્વાસ સંપાદિત કરવો પડશે. ભારતે આર્બિટ્રેટર્સની ગુણવત્તા અને તાલીમમાં રોકાણ કરવાની જરૂર છે જેથી ભારત વૈશ્વિક સ્તરના આર્બિટ્રેશન કેન્દ્ર તરીકે ઊભરી શકે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશને 'ગ્લોબલ આર્બિટ્રેશન હબ' બનાવવાના સંકલ્પ સાથે ન્યાયિક પ્રક્રિયામાં સુધારાઓ થઈ રહ્યા છે. આજે ગુજરાતના ન્યાયતંત્રમાં નવો ઐતિહાસિક અધ્યાય ઉમેરાયો છે. ઉપનિષદોમાં વર્ણવાયેલી મધ્યસ્થી સંસ્થાઓ અને 'પંચ પરમેશ્વર'ની ભાવનામાં આજના આધુનિક આર્બિટ્રેશનનું મૂળ છે. વકીલનું સાચું કાર્ય બે વિભાજિત પક્ષોને એક કરવાનું છે અને આ વિચારધારા વર્તમાન આર્બિટ્રેશન સિસ્ટિમનું હાર્દ છે. 'સૌ માટે ન્યાય, સમયસર ન્યાય'ના અભિગમ સાથે રાજ્ય સરકાર ન્યાયિક માળખાકીય સુવિધાઓને મજબૂત બનાવવા કટિબદ્ધ છે, ગુજરાત વેપાર અને ઉદ્યોગક્ષેત્રે વૈશ્વિક રોકાણનું અગ્રણી હોવાથી આર્બિટ્રેશન જેવી પદ્ધતિઓ 'ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ને આધાર પૂરો પાડશે. નવનિર્માણ થનારું આ સ્ટેટ-ઑફ-ધ-આર્ટ ભવન અને લોન્ચ કરવામાં આવેલી નવી વેબસાઇટ મધ્યસ્થી પ્રક્રિયાને નિષ્પક્ષ અને પારદર્શક બનાવશે.

આ કાર્યક્રમના યજમાન તરીકે ગુજરાત હાઈકોર્ટનાં ચીફ જસ્ટિસ શ્રી સુનીતા અગ્રવાલે સ્વાગત પ્રવચનમાં સૌને આવકાર્યા હતા. ભારતના સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયમૂર્તિશ્રીઓ જસ્ટિસ અરવિંદ કુમાર, જસ્ટિસ શ્રી એન. વી. અંજારિયા અને જસ્ટિસ શ્રી વિપુલ એમ. પંચોલીની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી. આ ઉપરાંત, ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ અને જી.એચ.એ.સી.ના પ્રેસિડેન્ટ તથા જી.એસ.એલ.એસ.એ.ના એક્ઝિક્યુટિવ ચૅરમૅન ન્યાયમૂર્તિ શ્રી એ. વાય. કોગજે, ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ અને બિલ્ડિંગ કમિટીના ચૅરપર્સન ન્યાયમૂર્તિ શ્રી એ.એસ. સુપેહિયા, રાજ્યના મુખ્ય ઍડવોકેટ જનરલ શ્રી કમલ ત્રિવેદી સહિત ગુજરાત હાઈકોર્ટના અન્ય ન્યાયમૂર્તિશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# કિશોરીઓને સર્વાઇકલ કૅન્સર સામે રક્ષણ આપતી સ્વદેશી રસી



કૅન્સર શબ્દ સાંભળતા જાણે આભ ફાટ્યું હોય તેમ દર્દીના જીવનમાં અંધકાર છવાઈ જતો હોય છે, એવામાં દેશવ્યાપી HPV રસીકરણ મહાઅભિયાન એ જીવંત આશા છે. ભારતીય મહિલાઓમાં જોવા મળતાં વિવિધ કૅન્સરમાં સર્વાઇકલ (ગર્ભાશય) કૅન્સર બીજા ક્રમે છે. દેશમાં દર ૪ મિનિટ-૧૨ સેકન્ડે એક મહિલાનું સર્વાઇકલ કૅન્સરના દર્દી તરીકે નિદાન અને દર ૭ મિનિટે એક મહિલાનું આ જ કારણે મૃત્યુ થાય છે. ભારતમાં ૭૦-૭૫% દર્દીઓ કૅન્સરના બીજા કે ત્રીજા સ્ટેજે નિદાન માટે પહોંચે છે. આ કૅન્સર ૩૦થી ૬૯ વર્ષની મહિલાઓનાં મૃત્યુનું મુખ્ય કારણ છે. વર્ષ ૨૦૨૨ના ગુજરાતમાં ૪૯૨૮ નવા કેસ અને ૧૭૮૧ મૃત્યુ નોંધાયાં હતાં.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની દીકરીઓના સ્વાસ્થ્ય માટે દેશવ્યાપી HPV રસીકરણના મહાઅભિયાનનો અજમેરથી પ્રારંભ કરાવ્યો જ્યારે રાજ્યમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને આરોગ્ય રાજ્યમંત્રીશ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયાની ઉપસ્થિતિમાં સોલા સિવિલ હૉસ્પિટલ, અમદાવાદથી તેનો શુભારંભ થયો. કૅન્સર સામે લડતી આ HPV રસીને ગુજરાત કૅન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (GCRI)ના નિષ્ણાત તબીબોએ સંપૂર્ણપણે સુરક્ષિત ગણાવી છે.



કૅન્સર માટે મુખ્યત્વે HPV ૧૬ અને ૧૮ પ્રકારના વાઇરસ જવાબદાર છે. ૧૪ વર્ષની વયે આપવામાં આવતી આ રસી રોગપ્રતિકારક શક્તિ વિકસાવવામાં અસરકારક છે. HPV ચેપ લાંબા સમય સુધી રહે તો તે ૧૦થી ૨૦ વર્ષમાં આક્રમક કૅન્સરમાં પરિણમે છે. આ લાંબો સમયગાળો પ્રાથમિક નિવારણની તક પૂરી પાડે છે, તેથી કિશોરી અવસ્થામાં ચેપ લાગે તે પહેલાં જ દીકરીઓને રસી આપવી એ સર્વોત્તમ રક્ષણ છે.

આ રસીને અમેરિકાની Food and Drug Administration અને CDC જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓએ મંજૂરી આપી ઉપરાંત Indian Council of Medical Research (ICMR)ને પૂર્ણ સમર્થન આપ્યું છે. વિશ્વના ૧૦૦થી વધુ દેશોએ આ રસીને પોતાના રાષ્ટ્રીય કાર્યક્રમમાં સામેલ કરી છે. રાજ્ય સરકારની દીકરીઓની સઘન સુરક્ષાના ભાગરૂપે ગુજરાત સરકારે અંદાજે ૫.૫૦ લાખ કિશોરીઓને રસી આપવાનું લક્ષ્ય રાખ્યું છે. આ રસીના એક ડોઝની બજારકિંમત રૂ. ૩,૦૦૦ની સામે રાજ્ય સરકારે રૂ. ૧૫૦ કરોડના ખર્ચે દીકરીઓને નિઃશુલ્ક રસીકરણની ભેટ ધરી છે.

ગુજરાત સરકારે પ્રતિવર્ષ થતા બાળકોના રસીકરણ કાર્યક્રમમાં HPV રસીનો ઉમેરો કર્યો છે. આ અભિયાન અંતર્ગત કૅન્સર થતું અટકાવવા ૧૪ થી ૧૫ વર્ષ વચ્ચેનાં સમયગાળામાં હોય તેવી ૫.૫૦ લાખ કિશોરીઓને રસીકરણથી સુરક્ષિત કરવાનું લક્ષ્ય હાંસલ કરવા ક્વાડ્રિવેલેન્ટ HPV વૅક્સિન ગુજરાતની કિશોરીઓને પૂરી પાડવામાં આવશે. સરકાર દ્વારા તમામ વાલીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાની ૧૪ વર્ષની દીકરીઓને આ રસી અપાવી તેમના કૅન્સરમુક્ત ભવિષ્ય માટે સક્રિયતા કેળવે.




# રાજ્યનાં ૭૩ આદિવાસી ગામોને લિફ્ટ ઇરિગેશનનો લાભ

રાજ્ય સરકાર આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે સંકલ્પબદ્ધ છે. ગુજરાતના આદિજાતિ કૃષકોને પૂરતા પ્રમાણમાં સિંચાઈ સુવિધા મળી રહે જેથી તેઓ વધુ પાક, શાકભાજી, ફળફળાદિનું ઉત્પાદન કરી શકે તે માટે ગુજરાતે નક્કર આયોજન કર્યું છે. આમ ખેડૂતોના સર્વાંગી વિકાસનો માર્ગ પ્રશસ્ત થયો છે. ઉદ્વહન સિંચાઈ યોજનાના માધ્યમથી ગામે-ગામ સિંચાઈની જળસુવિધા ઊભી થવાથી ખેડૂતોની સમૃદ્ધિનાં દ્વાર ખૂલ્યાં છે. સુરત જિલ્લાની તાપી-કરજણ લિંક પાઈપલાઈન સિંચાઈ યોજના સાકાર થવાથી ઉમરપાડા અને ડેડિયાપાડા તાલુકાના આદિવાસી પરિવારોના આંગણે સોનાનો સૂરજ ઊગ્યો છે. આ વિસ્તારોના છેવાડાનાં ગામો સુધી સિંચાઈનું પાણી પહોંચતાં સમગ્ર આદિજાતિ વિસ્તાર નંદનવન બનશે અને પર્યાવરણ અને સંસ્કૃતિનું જતન કરતા આદિવાસી સમાજના ખેડૂતોની ખેતીનો કાયાકલ્પ થશે.

રાજ્યના પાણી પૂરવઠા-જળસંપત્તિ વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના આદિવાસી વિસ્તાર ઉમરપાડા અને નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાનાં ૭૩ આદિજાતિ ગામોની ૫૩,૭૫૦ એકર જમીનને સિંચાઈ સુવિધા આપતી તાપી-કરજણ લિંક પાઈપલાઈન ઉદ્વહન સિંચાઈ યોજનાના અંદાજે ૧૭ કિ.મી. લાંબી પાઈપલાઈન નાખીને ખેતી માટે પાણી ઉપલબ્ધ કરાવાયું છે. ઉકાઈ જળાશય યોજના આધારિત આ ઉદ્વહન સિંચાઈ યોજના રૂ.૬૫૧.૦૮ કરોડના ખર્ચે નિર્માણ થઈ છે તેના લોકાર્પણ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂ. ૨૦૮.૫૧ કરોડના ખર્ચે થનારા આ યોજનાના એક્સટેન્શન કાર્યનું ભૂમિપૂજન પણ કર્યું હતું. આ એક્સટેન્શન યોજના પૂર્ણ થવાથી ઉમરપાડા તાલુકાનાં ૨૯ ગામોની ૧૯,૧૪૧ એકર જમીનને સિંચાઈનો લાભ મળશે.

મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિ ઉપરાંત નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, પાણી પુરવઠા રાજ્યમંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ અને સાંસદશ્રીઓની હાજરીમાં સુરત જિલ્લામાં રૂ. ૧૨૬ કરોડનાં ૧૨ જેટલાં વિવિધ વિકાસકામોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત થયાં. મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોએ વન અધિકાર નિયમ હેઠળ આદિજાતિ લાભાર્થીઓને સનદ વિતરણ, પીએમએવાય આવાસ, ગોડાઉન સહાય અને ટ્રેક્ટર સહાયનું લાભાર્થીઓને વિતરણ કર્યું હતું. આ તબક્કે રાજ્ય સરકારની શિક્ષણ ક્ષેત્રે કટિબદ્ધતા ઉમરપાડા તાલુકામાં સાયન્સ કૉલેજના અદ્યતન ભવનના નિર્માણ માટે રૂ.૨૭ કરોડની મંજૂરીથી લોકોને અવગત કર્યા હતા.



મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, "નાનામાં નાના અને છેવાડાના માનવીને વિકાસની મુખ્ય ધારામાં લાવવા વિકાસની રાજનીતિનો યુગ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શરૂ થયો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જયંતી જનજાતીય ગૌરવ દિવસે ગુજરાતના આદિવાસી વિસ્તારોના સર્વગ્રાહી વિકાસ માટે પાંચ વર્ષ માટે રૂ. ૨ લાખ કરોડની 'જનજાતીય કલ્યાણ યોજના'ની ભેટ આપી છે તેની તેમણે વિસ્તૃત છણાવટ કરી હતી. વાર્ષિક રૂ. ૩૫,૦૦૦ કરોડની જોગવાઈ સાથે શિક્ષણ, સ્વાસ્થ્ય, રોડ-રસ્તા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં કામોને આનાથી વધુ વેગ મળશે.




# નારી ગૌરવ સંવાદ અને માતા યશોદા ઍવૉર્ડ એનાયત

જેમ પૃથ્વી એક ધરી ઉપર ફરે છે અને ઋતુચક્ર દ્વારા સૌનું પોષણ કરે છે તેવી જ રીતે ઘર અને સમાજના કેન્દ્રમાં નારીશક્તિ ધરી રૂપે રહેલી છે. જે ઘર અને સમાજને પોષિત કરી ઉન્નત બનાવે છે. આવી મહિલાઓનું આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ગાંધીનગરમાં રાજ્ય સરકારે સન્માન કર્યું હતું.

આ સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહિલા કલ્યાણ માટે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ એક શ્રેષ્ઠ સ્વૈચ્છિક સંસ્થા અને એક શ્રેષ્ઠ મહિલા કાર્યકરને "ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર"થી સન્માનિત કર્યાં હતાં. આ ઉપરાંત રાજ્યના ચાર ઝોનમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર મુખ્ય સેવિકા, આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનોને "માતા યશોદા ઍવૉર્ડ" પણ એનાયત કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય અને દેશના સર્વાંગી વિકાસમાં મહિલાશક્તિનું અમૂલ્ય યોગદાન છે. મહિલાઓ જ્યારે ઘરનો ઉંબરો ઓળંગીને નવું સાહસ કરે છે, ત્યારે અનેક સામાજિક પડકારો સામે આવે છે. પરંતુ, આ અવરોધોને પાર કરીને સફળ થયેલી મહિલાઓ દેશની અન્ય લાખો બહેનો માટે પ્રેરણાનું કિરણ બને છે. તેમણે આ કાર્યક્રમમાં ઉપસ્થિત સાહસિક મહિલાઓને સમાજના સાચા 'રોલ મૉડેલ' ગણાવ્યાં હતાં.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારથી જ તેમણે મહિલાઓના ઉત્કર્ષ માટે અનેકવિધ નવતર પહેલ કરીને રાજ્યની અનેક મહિલાઓને આત્મનિર્ભર બનાવવામાં સહાયતા કરી છે. રાજ્યમાં હાલ ૨.૭૦ લાખથી વધુ સખીમંડળો કાર્યરત છે. આ મંડળોના માધ્યમથી રાજ્યની લાખો બહેનોને કૌશલ્યવર્ધન તાલીમ આપીને રોજગારી સાથે જોડવામાં આવી છે. આ આંકડાઓ જ સાબિત કરે છે કે, મહિલાઓ રાજ્યના આર્થિક નિર્માણમાં મજબૂત ભાગીદાર છે.

ગુજરાતની દીકરીઓ વિજ્ઞાન અને એન્જિનિયરિંગ જેવાં મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં ડંકો વગાડે તે માટે સરકારે 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી' જેવી ક્રાંતિકારી યોજનાઓ અમલી બનાવી છે. આ યોજનાઓ હેઠળ ધોરણ ૯થી ૧૨ના અભ્યાસ માટે વિદ્યાર્થિનીઓને રૂ. ૫૦ હજારથી રૂ. ૭૫ હજાર સુધીની સહાય આપવામાં આવે છે. મહિલા ઉદ્યોગ સાહસિકોના સ્ટાર્ટઅપ્સને યોગ્ય પ્રોત્સાહન આપીને રાજ્યમાં એક મજબૂત ઈકોસિસ્ટિમનું નિર્માણ કર્યું છે.



વિવિધ ક્ષેત્રોનાં મહિલા અગ્રણીઓ સાથે મુખ્યમંત્રીશ્રીએ પ્રત્યક્ષ સંવાદ કરીને મહિલા ઉત્કર્ષ માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી અને મહિલાઓના કલ્યાણ તથા સ્વાસ્થ્ય સુરક્ષા માટેની રાજ્ય સરકારની પ્રોત્સાહક યોજનાઓની છણાવટ કરી હતી. આ નારીરત્નોએ પણ રાજ્ય સરકારના મહિલા કલ્યાણ માટેનાં અભિગમ અને આયોજનની સરાહના કરી હતી.

આ પ્રસંગે મહિલા અને બાળકલ્યાણ રાજ્ય મંત્રી ડૉ. મનીષાબહેન વકીલે રાજ્યની નારીશક્તિના પ્રદાનને બિરદાવતાં જણાવ્યું હતું કે, મહિલાઓના પ્રશ્નો અને તેમનાં સૂચનો સીધાં સરકાર સુધી પહોંચે અને યોગ્ય સુધારાત્મક ઉપાયો-પગલાંઓ લઈ શકાય તેવા ઉદ્દેશથી 'નારી ગૌરવ સંવાદ'નું આયોજન કરવામાં આવ્યું છે.

# પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને મળી પ્રોત્સાહક સહાય





ભારત સરકાર દ્વારા દેશી ગાય આધારિત રસાયણમુક્ત ખેતીના પ્રચાર માટે નૅશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ સમગ્ર દેશમાં શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા ગ્રામપંચાયતોના ૧૦૧૫ ક્લસ્ટર બનાવી નૈસર્ગિક ખેતી કરવા ઇચ્છુક ખેડૂતોને તાલીમ, માર્ગદર્શન અને પ્રોત્સાહક સહાય પૂરાં પાડવામાં આવી રહ્યાં છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા રાજ્યમાં પ્રાકૃતિક ખેતીમાં નવા જોડાયેલા ૩૫૮૨૯ ખેડૂતોને આ મિશન અંતર્ગત ખરીફ ઋતુના એક એકર માટે રૂ.૨૦૦૦ની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમારોહમાં મુખ્યમંત્રીશ્રીએ કુલ રૂ.૬.૯૭ કરોડની પ્રોત્સાહક સહાય સિંગલ ક્લિકથી ખેડૂતોના બૅંક ખાતામાં જમા કરાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકોને સ્વાસ્થ્યપ્રદ જીવન માટે બૅક ટુ બેઝિકનો મંત્ર અપનાવી પ્રાકૃતિક ખેતીનાં ઉત્પાદનોના વ્યાપક ઉપયોગ માટે આહ્વાન કર્યું છે. પ્રાકૃતિક ખેતી અપનાવીને ભવિષ્યની પેઢીને સુરક્ષિત કરવાનો આત્મસંતોષ મળે તેવું કામ આ ધરતીપુત્રોએ કર્યુ છે. પ્રાકૃતિક ખેતી એ વર્તમાન સમયની માંગ અને આપણા સ્વાસ્થ્યની આવશ્યકતા બની ગઈ છે. આ કાર્યક્રમમાં કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને કૃષિ રાજ્યમંત્રી શ્રી રમેશભાઈ કટારા ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત લૉ સોસાયટીના શતાબ્દી વર્ષનો ભવ્ય સમારંભ

ગુજરાત લૉ સોસાયટી (GLS) વર્ષ ૧૯૨૭થી જ્ઞાન, શિસ્ત અને રાષ્ટ્રનિર્માણ માટેની સક્રિય શૈક્ષણિક સંસ્થા છે. સરદાર વલ્લભભાઈ પટેલ, શ્રી ગણેશ માવલંકર અને શ્રી કસ્તુરભાઈ લાલભાઈ જેવા મહાનુભાવો દ્વારા સ્થાપિત આ શૈક્ષણિક ટ્રસ્ટ આજે એક સમૃદ્ધ મલ્ટિડિસિપ્લિનરી યુનિવર્સિટીમાં પરિવર્તિત થયું છે. અમદાવાદના GLS કેમ્પસમાં “GLS સેન્ટેનરી સેલિબ્રેશન - Unlocking a Century of Legacy” સૂત્ર સાથે સંસ્થાના શતાબ્દી વર્ષની ઉજવણીનો મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે GLS સેન્ટેનિયલ લોગો અને GLS આર્કાઈવનું અનાવરણ થયું. આ આર્કાઈવમાં સંસ્થાના દુર્લભ દસ્તાવેજો, ઐતિહાસિક તસવીરો અને સ્મૃતિચિહ્નો પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં.



મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આઝાદીના આંદોલનમાં યુવાનોના બૌદ્ધિક યોગદાન માટે મહાનુભાવો દ્વારા સ્થાપિત આ સંસ્થાએ નામના મેળવી છે. કોઈ પણ સંસ્થાનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થવા એ ગૌરવપૂર્ણ ક્ષણ કહેવાય. વિકસિત ભારત માટે ભાવિ પેઢીના નિર્માણ માટે સંસ્કાર સાથેનું શિક્ષણ જરૂરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજકારણનું કલેવર બદલ્યું છે. તેમણે વિકાસની રાજનીતિ અપનાવીને દેશના અર્થતંત્રને મજબૂત બનાવ્યું છે. વડાપ્રધાનશ્રીના દૃઢ સંકલ્પ અને વિઝનરી નેતૃત્વના પરિણામે ગુજરાત સેમિકન્ડક્ટર ઇન્ડસ્ટ્રીનું હબ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

# સુરતમાં ગચ્છાધિપતિ પદપ્રદાન સમારોહની ઉજવણી



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરતના વેસુ સ્થિત બલર ફાર્મ ખાતે યોજાયેલા આચાર્ય ભગવંત વિજય યશોવર્મ સૂરીશ્વરજી મહારાજના ગચ્છાધિપતિ પદપ્રદાન સમારોહમાં સહભાગી થઈ નૂતન ગચ્છાધિપતિના આશીર્વાદ મેળવ્યા હતા. આ વેળાએ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલની પણ પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૬૫માં નાની વયે દીક્ષા લઈને આચાર્યશ્રીએ દેશના ખૂણેખૂણામાં પરિભ્રમણ કરી અનેક લોકો અને પરિવારોનું કલ્યાણ કરવાની સાથે ખરા અર્થમાં તેઓના પથદર્શક બનવાનું ઉત્તમ કાર્ય કર્યું. મુખ્યમંત્રીશ્રીએ ૬૩ વર્ષના આચાર્યશ્રીના સફળ દીક્ષાપર્યાયને સમગ્ર માનવ સમાજ માટે પ્રેરણાદાયી ગણાવી સમાજને સુસંસ્કૃત કરવા તેમણે આપેલા યોગદાનની સરાહના કરી હતી. આચાર્યશ્રીએ બાળકો, યુવાઓ અને પરિવારો માટે અનેક શિબિરો યોજી સમાજસેવા અને સમાજ સુધારણાનું શ્રેષ્ઠ કાર્ય કર્યું છે.

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, સુરતની પાવન ભૂમિ પર હજારો લોકોને જૈનાચાર્ય અભયદેવસૂરી અને વિજય યશોવર્મસૂરીશ્વરજીનો લાભ મળી રહ્યો છે. મુખ્યમંત્રીશ્રી અને અન્ય મહાનુભાવોએ યશોવર્મસૂરીશ્વરજી મહારાજના જીવનચરિત્રને આલેખતા "શ્રદ્ધેય ગુરુદેવશ્રી" પુસ્તકનું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે મહારાષ્ટ્ર સરકારના મંત્રી શ્રી મંગલપ્રભાત લોઢા, ધારાસભ્યશ્રીઓ, સ્થાનિક પદાધિકારી, અધિકારી, જૈન મુનિ, સાધુભગવંતો સહિત જૈન શ્રાવકો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના નૂતન ભવનનું ઉદ્ઘાટન



નર્મદા કૅનાલના કાંઠે આવેલા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ શાંતિગ્રામમાં ભવ્ય અને મંગલમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં હસ્તે બિલ્ડિંગના પ્રવેશદ્વારે શિલાલેખનું અનાવરણ તેમજ નવીન બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આપણો પ્રાચીન ઇતિહાસ સાક્ષી છે કે હોળી એ સમાજમાં અજ્ઞાન, અનિષ્ટ અને અંધકારની સામે જ્ઞાન, ઈષ્ટ અને સંસ્કારનો અગ્નિ પ્રજ્વલિત કરતું પર્વ છે. સનાતન ધર્મ સંસ્કૃતિની અટલ આસ્થાની હજારો વર્ષોની આ જ્યોતનો પ્રકાશ સમાજમાં વધુ વ્યાપક બનાવવા માટે વિશ્વનેતા અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આપણે 'સોમનાથ સ્વાભિમાન પર્વ' ઊજવી રહ્યા છીએ. વડાપ્રધાન શ્રીના માર્ગદર્શન હેઠળ કાર્યરત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ રાજકોટ સંસ્થાન વિદ્યાર્થીઓને સમયાનુકૂળ શિક્ષણ પૂરું પાડે છે. અહીં વિદ્યાર્થીઓને આધ્યાત્મિક મૂલ્યોની સાથે ૨૧મી સદીના ભારત માટે આવશ્યક એવું સાયન્સ, ટૅક્નૉલોજી અને ઇનોવેશનનું જ્ઞાન મળે તે વર્તમાન સમયની માંગ છે. આ અવસરે પૂજ્ય મહંત શ્રી દેવપ્રસાદદાસજી સ્વામીએ પોતાનાં આશીર્વચન પાઠવી સભાને લાભાન્વિત કરી હતી.

# ગુજરાતમાં ઉત્સાહપૂર્ણ ઊજવાયો રંગોત્સવ

હોળીનો ઉત્સવ આપણી સંસ્કૃતિમાં પરસ્પર સત્ય, પ્રેમ અને એકતાનો પ્રતીક છે. આ પાવન પર્વ નિમિત્તે ગુજરાતની જનતાને રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ રંગોત્સવની શુભેચ્છાઓ પાઠવી હતી. રાજ્યપાલશ્રીએ પર્યાવરણની જાળવણી માટે કેમિકલયુક્ત રંગોનો ત્યાગ કરી પ્રાકૃતિક રંગોનો ઉપયોગ કરવા નાગરિકોને અનુરોધ કર્યો હતો. આ મહાપર્વને તેમણે જીવનમાં સુખ, સમૃદ્ધિ, શાંતિ અને ઊર્જાનું દ્યોતક ગણાવ્યું હતું.



અમદાવાદના માનવમંદિરમાં આયોજિત 'વૈદિક હોળી' પૂજનની ઉજવણીમાં મુખ્યમંત્રીશ્રી શ્રદ્ધાપૂર્વક જોડાયા હતા. પ્રગટાવવામાં આવેલી હોળીની પરિક્રમા કરી રાજયના નાગરિકોની સુખાકારી, સમૃદ્ધિ અને સર્વાંગી વિકાસ માટે તેમણે પ્રાર્થના કરી હતી. આ તકે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, હોળીનું પર્વ અસત્ય પર સત્યના વિજયનું અને રંગોનું પર્વ છે. આ તહેવાર આપણા સૌના જીવનમાં રાગ-દ્વેષ ભૂલી એકબીજાને સ્નેહથી મળવાનો સામાજિક સમરસતાનો સંદેશ આપે છે. આપણે સૌ સાથે મળીને આ રંગોત્સવને એવી રીતે ઊજવીએ કે જેનાથી પર્યાવરણનું પણ જતન થાય.

નાયબ મુખ્યમંત્રીશ્રી સુરેન્દ્રનગરના દુધરેજ ધામના શ્રી વડવાળા મંદિરના 'હોળી મહોત્સવ'માં સહભાગી થયા હતા. સાથે જ સુરતના પીપલોદ વિસ્તારના અંબિકા નિકેતન વૃદ્ધાશ્રમના વડીલો સાથે ધુળેટીના પાવન પર્વની ઉજવણી કરી આશીર્વાદ મેળવ્યા હતા.

# ગુજરાત યુનિવર્સિટીમાં વિકાસની ત્રિવેણી

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિમેન-લેડ ડેવલપમેન્ટના અભિગમને સાકાર કરવા ગુજરાત પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે વિકાસ ત્રિવેણીનો પ્રારંભ કરાવ્યો હતો. ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન સેન્ટરનું વિદ્યાગૌરી નીલકંઠ સભાપુરમ્ નામકરણ, નવનિર્મિત રિસર્ચ પાર્કનું લોકાર્પણ તથા herSTARTના પાંચમા સંસ્કરણનો શુભારંભ, આમ તેઓ વિકાસની વહેતી ત્રિવેણીમાં સહભાગી થયા હતા.



મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત યુનિવર્સિટી સ્ટાર્ટઅપ એન્ડ એન્ટરપ્રિન્યોરશિપ કાઉન્સિલ (GUSEC) દ્વારા વિમેન સ્ટાર્ટઅપ્સને ઈન્ક્યુબેશન, મેન્ટરશિપ અને માર્કેટ એક્સેસ સપોર્ટ આપવાના આશયથી ‘herSTART’ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે તેનું પાંચમું સંસ્કરણ ગુજરાત યુનિવર્સિટીમાં શરૂ થયું છે. તેમણે પ્રથમ ગુજરાતી મહિલા સ્નાતક વિદ્યાગૌરી નીલકંઠના નામ સાથે યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટરને જોડીને વિદ્યાગૌરી નીલકંઠ સભાપુરમ્ નામકરણ માટેની ગુજરાત યુનિવર્સિટીની પહેલની સરાહના કરી હતી. ગુજરાતની દીકરીઓ-બહેનોના એન્ટરપ્રાઈઝિંગ કૌશલ્યને ન્યૂ એજ ટેક્નોલૉજી સાથે જોડીને તેમને ખીલવાના અવસરો આપવામાં herSTART મહત્ત્વપૂર્ણ બન્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ ટેક્નોલૉજીને માત્ર કારકિર્દીનો વિકલ્પ નહિ, પરંતુ રાષ્ટ્રના ઘડતરનું મિશન ગણાવતાં યુવાશક્તિને ઈમર્જિંગ સેક્ટર્સના સ્ટાર્ટઅપ્સ દ્વારા ગુજરાતને સ્ટાર્ટઅપ હબ સાથોસાથ વિમેન-લેડ ડીપ-ટેક ઈનોવેશન હબ બનાવવાનું આહ્વાન કર્યું હતું. તેમણે herSTARTના ચોથા સંસ્કરણની સફળતાની કૉફી ટેબલ બુકનું વિમોચન અને વિમેન-લેડ સ્ટાર્ટઅપ્સ ધરાવતા મહાનુભાવોનું સન્માન કર્યું હતું.

# તપોવન વિદ્યાવિહારનો ઉદ્ઘાટન સમારોહ



**विद्या ददाति विनयं विनयाद् याति पात्रताम्** આ સુભાષિતમાં વિદ્યાર્થી માટે વિનમ્રતા અને વિનમ્રતાથી વ્યક્તિત્વની ઉચ્ચતમ પાત્રતા મેળવવાની સીધી કડી દર્શાવવામાં આવી છે. વિદ્યાવિહાર એ સ્થાન છે જ્યાં વર્ગખંડોમાં વિદ્યાર્થીઓ જીવનદર્શનના વિવિધ પાઠ શીખે છે.

અમદાવાદમાં તપોવન વિદ્યાવિહારનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાદાન કરનારા દાતાશ્રીઓનું સન્માન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રી સહિત નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને પૂ. આચાર્ય ભગવંત શ્રી હંસકીર્તિ સૂરીશ્વરજી મહારાજ, શ્રી ભવ્યકીર્તિ સૂરીશ્વરજી મહારાજની ઉપસ્થિતિ કાર્યક્રમ માટે પ્રોત્સાહક બની રહી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાવિહારના વર્ગખંડોની મુલાકાત લીધી હતી. આ સમારંભમાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આધુનિક શિક્ષણની અદ્યતન સુવિધાઓ આપતું આ વિદ્યા સંકુલ શિક્ષણની સાથે સાથે સંસ્કાર પણ આપશે. તપોવન વિદ્યાવિહાર વડાપ્રધાનશ્રીના 'વિકાસ ભી વિરાસત ભી'ના સૂત્રને ચરિતાર્થ કરે છે.

આ પ્રસંગે અમદાવાદ શહેરનાં મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, સ્થાનિક ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહ, શ્રી અમિત ઠાકર સહિત જૈન સાધુ-સંતો, જૈન અગ્રણીઓ અને લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વીર યદુવંશી દગાયચાદાદાના મંદિરનો પુનઃ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને પોતાની સંસ્કૃતિ અને આધ્યાત્મિક વારસા સાથે ફરી જોડવાનું કાર્ય કર્યું છે. દેશનાં તીર્થસ્થાનોના વિકાસથી પર્યટન વધે છે અને સ્થાનિક અર્થતંત્રને નવું બળ મળે છે. પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના પીપરાળા ગામે શ્રી વીર યદુવંશી દગાયચાદાદા (ડાંગર) મંદિરનો પુનઃ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કાર્યક્રમના આયોજકો તથા આહીર સમાજના અગ્રણીઓએ મુખ્યમંત્રીશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આવા ભક્તિમય અને ધાર્મિક ઉત્સવો સમાજમાં એકતા, સંસ્કાર અને આધ્યાત્મિક શક્તિનો સંચાર કરે છે. ઇતિહાસ મુજબ વિક્રમ સંવત ૧૩૦૦માં દગાયચાદાદાએ કચ્છમાં તુણા ગામનું તોરણ બાંધી ગામ વસાવ્યું હતું અને ત્યારથી કચ્છ, સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાતમાં આહીર સમાજ વસેલો છે. સમાજના ગૌરવશાળી ઇતિહાસ અને સંસ્કૃતિને નવી પેઢી સુધી પહોંચાડવાનો પ્રયાસ આ મંદિરની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા દ્વારા થયો છે. આ પ્રસંગે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગા, સાંસદ શ્રી પૂનમબહેન માડમ સ્થાનિક પદાધિકારીઓ-અધિકારીઓ તેમજ લોકસાહિત્યકાર માયાભાઈ આહીર, મંદિર ટ્રસ્ટના હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં આહીર સમાજનાં ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ગુજરાત બનશે સેમિકન્ડક્ટર અને ટેક્નોલૉજીનું ગ્લોબલ હબ






ન્યૂઝ કેપિટલ ગુજરાત દ્વારા આયોજિત GIFT Economic Forum માં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહભાગી થયા હતા. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની વિકાસગાથા અને રાષ્ટ્રવિકાસમાં ગુજરાતના યોગદાનની રૂપરેખા આપી હતી. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગુજરાત એક "પૉલિસી ડ્રીવન સ્ટેટ" બન્યું છે. રાજ્યમાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ જેવાં વિવિધ આયોજનો અને 'ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ની નીતિના કારણે દેશ-દુનિયાના ઈન્વેસ્ટર્સ ગુજરાતમાં મૂડીરોકાણ માટે તત્પર બન્યા છે. ઉત્તમ નાણાકીય વ્યવસ્થાપનથી ગુજરાત વિવિધ સેક્ટર્સમાં તેમજ માથાદીઠ આવકમાં દેશમાં મોખરે છે. સેમિકન્ડક્ટર જેવા ઇમર્જિંગ સેક્ટર્સમાં ગુજરાત વૈશ્વિક હબ બનવા સજ્જ બન્યું છે. આવનાર સમયમાં ભારતને વિશ્વનું ત્રીજા ક્રમનું અર્થતંત્ર બનાવવામાં ગુજરાત શ્રેષ્ઠ યોગદાન આપશે. દેશનું ગ્રોથ એન્જિન ગુજરાત આવનાર દિવસોમાં દેશનું "ટૅક એન્જિન" પણ બનશે તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ ઉપરાંત ગિફ્ટ ઈકોનોમિક ફોરમ ખાતે "મૉડેલ સ્ટેટ ગુજરાત" પરિસંવાદમાં નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. આ પરિસંવાદમાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના સર્વાંગી વિકાસ, રોજગારી, ન્યૂ એજ ટેક્નોલૉજી, ગ્રીન એનર્જી, સ્ટેબલ સેક્ટર વાઈઝ પૉલિસી અને હેલ્થ સેક્ટર તથા સ્પોર્ટ્સ સેક્ટરમાં વિઝનરી લીડ વિશે વિસ્તૃત સંવાદ કરી ગુજરાતની પરિશ્રમથી પારસમણી સુધીની સફર વિશે સૌને માહિતગાર કર્યા હતા.



**શુભકામનાઓ :** UPSC સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૫માં ગુજરાતનાં કુલ ૩૪ જેટલાં તેજસ્વી દીકરા-દીકરીઓ ઉત્તીર્ણ થયાં છે, જે આપણા રાજ્ય માટે અત્યંત ગૌરવની વાત છે. સફળતા મેળવનાર સૌ ઉમેદવારોને હાર્દિક અભિનંદન સહ ઉજ્જ્વળ ભવિષ્યની હાર્દિક શુભકામના પાઠવતાં જણાવ્યું હતું કે, "SPIPA - ગુજરાત સરકાર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પૂરી પાડવામાં આવતી ઉત્તમ તાલીમ, પ્રોત્સાહક વાતાવરણ અને રાજ્યના યુવાનોની અથાગ મહેનત આજે સફળતાનાં શિખરો સર કરી રહી છે, તેની મને ખુશી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ "વિકસિત ભારત@2047"નું મહાન વિઝન આપણી સામે મૂક્યું છે. આ વિઝનને સાકાર કરવામાં આપ સૌ પોતાની વહીવટી કુશળતાથી શ્રેષ્ઠ યોગદાન આપશો, અને રાષ્ટ્રસેવા તથા જનકલ્યાણના ભાવને સર્વોપરી રાખીને ગુડ ગવર્નન્સની નવી મિસાલ કાયમ કરશો તેવો મને વિશ્વાસ છે. આપની આ સિદ્ધિ અન્ય લાખો યુવાનો માટે પ્રેરણારૂપ બની રહેશે"..



**સંવાદ :** દિલ્હીથી પરત ફરતી વખતે ઍરપોર્ટ પર સામાન્ય નાગરિકની જેમ કોઈ પણ જાતના પ્રોટોકોલ વગર લોકોની વચ્ચે બેસીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ સહજતાથી લોકો સાથે સંવાદ કર્યો હતો. તેઓએ લોકો સાથે આત્મીયતા કેળવીને તેમની વાતો સાંભળી, કાગળમાંથી બનાવેલ કૃતિઓ અંગે રસપૂર્વક માહિતી મેળવી હતી. સામાન્ય નાગરિકો સાથેનો તેમનો આ મૈત્રીપૂર્ણ વ્યવહાર લોકોને ઊડીને આંખે વળગ્યો હતો.

**અમૃતપર્વ :** શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP), અમદાવાદના અધ્યક્ષ પૂજ્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીનાં ૭૫ વર્ષ પરિપૂર્તિ નિમિત્તે અમદાવાદમાં 'અમૃતવંદના મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહભાગી થયા હતા. આ પ્રસંગે સ્વામી માધવપ્રિયદાસજીના જીવન પર આધારિત 'અમૃતવંદના' ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીના હસ્તે સ્વામી માધવપ્રિયદાસજીનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વામિનારાયણ સંપ્રદાયના પૂજ્ય સંતશ્રીઓ, સાહિત્યકારો, ઉદ્યોગપતિઓ તથા હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




**કથારસ :** વલ્લભીપુરના પચ્છેગામમાં આયોજિત ધાર્મિક મહાસંગમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે હાજરી આપી અને પ્રસિદ્ધ ભાગવત કથાકાર શ્રી રમેશભાઈ ઓઝાના શ્રીમદ્ ભાગવત કથારસનો લાભ લીધો. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ કથાના આયોજન બદલ ગોહિલ પરિવાર સેવાભાવી ટ્રસ્ટ તથા સર્વે શ્રદ્ધાળુ ભક્તોને અભિનંદન પાઠવ્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીએ યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે સનાતન સંસ્કૃતિ અને વિરાસતના ગૌરવને વૈશ્વિક સ્તરે ઉજાગર કર્યું છે તેવી ભાવના લોકો સમક્ષ રજૂ કરી હતી.




**મહોત્સવ :** અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં SMVS સ્વામિનારાયણ સંસ્થાના સંસ્થાપક ગુરુદેવ પૂ. બાપજીના ૯૩મા પ્રાગટ્ય મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. 'સાબરમતીના કાંઠે એક આદર્શ શિલ્પી' થીમ પર આધારિત આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ SMVSના સ્થાપકની દિવ્ય ચેતનાને વંદન કરી, સૌને એકતા, પ્રેમ અને સમરસતાના પર્વ ધુળેટીની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે ભગવાન સ્વામિનારાયણની શિક્ષાપત્રીની આજ્ઞાને શિરોમાન્ય રાખી SMVS દ્વારા કુદરતી કે માનવસર્જિત આફતોમાં હંમેશાં અગ્રેસર રહીને કરવામાં આવતાં સેવાકાર્યોને બિરદાવ્યાં હતાં.





**જીવનચરિત્ર :** ઈસ્કોનના સંસ્થાપક આચાર્ય શ્રીલ પ્રભુપાદજીના પ્રેરણાદાયી જીવન પર આધારિત ગુજરાતી જીવનચરિત્ર "વિશ્વગુરુ શ્રીલ પ્રભુપાદ" પુસ્તકનું વિમોચન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગાંધીનગરમાં કરવામાં આવ્યું હતું. આ પુસ્તકનાં લેખિકા ડૉ. ઉષાબહેનને મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીએ શ્રીલ પ્રભુપાદજીના વિરલ વ્યક્તિત્વ અને વિશ્વભરમાં કૃષ્ણભક્તિના પ્રસારમાં તેમના યોગદાનને બિરદાવ્યું હતું. આ પુસ્તક વિમોચન પ્રસંગે શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા, ઈસ્કોન હરેકૃષ્ણ મંદિર અમદાવાદ સાથે સંલગ્ન હોદ્દેદારો સહિત વિદ્વાનો, શિક્ષણવિદો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.




**મુલાકાત :** લક્ઝમબર્ગના ગ્રાન્ડ ડચીના નાણામંત્રી શ્રી ગિલિસ રોથ અને ડેલિગેશને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી. લક્ઝમબર્ગ ૮૦ જેટલા દેશોમાં ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સિયલ સર્વિસિસમાં પ્રેઝન્સ ધરાવે છે. આ સંદર્ભમાં તેમણે ભારત-ગુજરાત સાથે નાણાકીય સંબંધો વિસ્તારવા માટેની ઉત્સુકતા દર્શાવી હતી. મુખ્યમંત્રીશ્રીએ લક્ઝમબર્ગની ગ્રીન બૉન્ડ અને ગ્રીન ફાઈનાન્સિંગ ક્ષેત્રના કૌશલ્યનો લાભ રાજ્યને મળે તે માટે ચર્ચા કરી હતી. લક્ઝમબર્ગના ફાઈનાન્સ મિનિસ્ટરે મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત સરકારના પ્રતિનિધિમંડળને લક્ઝમબર્ગ ગ્રાન્ડ ડચીની મુલાકાતે આવવાનું ભાવભર્યુ આમંત્રણ આપ્યું હતું.




**જ્ઞાનયજ્ઞ :** અમદાવાદમાં ખોડિયાર ગામ, ઘુમામાં આયોજિત શ્રીમદ્ ભાગવત કથામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે હાજરી આપી હતી. તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે સૌને સાથે મળીને આગળ વધવા અને આ કાર્યમાં પ્રવૃત્ત થવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ઊર્જામંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વ ઉમિયાધામ શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞમાં શાસ્ત્રી અને કથાકાર શ્રી રાજેન્દ્ર પ્રસાદજીએ કથાનું રસપાન કરાવ્યું હતું. આ પ્રસંગે વિશ્વ ઉમિયાધામના આગેવાનો અને શ્રાવકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

**નવનિર્માણ :** અમદાવાદના ઘાટલોડિયા વોર્ડમાં નવનિર્મિત વોટર ડિસ્ટ્રિબ્યૂશન સ્ટેશનનું મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અમદાવાદ મહાનગરપાલિકાના ઉત્તર પશ્ચિમ ઝોનના ઘાટલોડિયા વૉર્ડમાં રૂ. ૫૫.૩૧ કરોડના ખર્ચે ૨૫૦ લાખ લિટર ક્ષમતાની પંપહાઉસ સાથેની ભૂગર્ભ ટાંકી, ૨૫ લાખ લિટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી સાથે નવું વોટર ડિસ્ટ્રિબ્યૂશન સ્ટેશન બનાવવામાં આવ્યું છે. આ વિસ્તારમાં ઘાટલોડિયા બ્રિજથી સંસ્કૃત ફ્લેટ જેવા ઘાટલોડિયા ટી.પી-૨ના સમગ્ર વિસ્તારના રહીશોને પૂરતા પ્રમાણમાં પાણીનો પુરવઠો મળી રહેશે.





**લોકાર્પણ :** અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા નાગરિકોની સુવિધા માટે નવનિર્મિત સ્વ. બંસીભાઈ પ્રાણલાલ પટેલ બોડકદેવ સબ-ઝોનલ ઑફિસનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લોકાર્પણ અને નિરીક્ષણ કર્યું હતું. આ અત્યાધુનિક સબ-ઝોનલ ઑફિસના કાર્યરત થવાથી બોડકદેવ અને તેની આસપાસના વિસ્તારના રહીશોને હવે મ્યુનિસિપલ કૉર્પોરેશનને લગતા કામકાજ માટે મુખ્ય ઝોનલ ઑફિસ સુધી જવું પડશે નહીં. આ ભવનમાં ટૅક્સ કલેક્શન, સિવિક સૅન્ટર અને વિવિધ વહીવટી સેવાઓ માટે અદ્યતન માળખાગત સુવિધાઓ ઊભી કરવામાં આવી છે, જેનો સીધો લાભ સ્થાનિકોને મળશે.



**સેવા :** અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મહેસૂલ વિભાગની તથા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની કચેરીઓનાં નવનિર્મિત થનારાં ભવનના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા વહીવટી તંત્રની આ નવીન કચેરીઓના નિર્માણથી ઘાટલોડિયા વિસ્તારના નાગરિકોને સરકારી સેવાઓ વધુ સુગમતાથી એક જ સ્થળે ઉપલબ્ધ થશે. આ પ્રસંગે અમદાવાદના કલેક્ટર શ્રી સુજીત કુમાર, મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, ડેપ્યુટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ સહિત સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.





**વિમોચન :** ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે "SHAPING TOMORROW'S CITIES - FROM CLIMATE RISK TO GREEN OPPORTUNITIES" પુસ્તકનું વિમોચન કર્યું હતું. ગુજરાત ઊર્જા વિકાસ નિગમના મૅનેજિંગ ડિરેક્ટર સુ.શ્રી. શાલિની અગ્રવાલે વિશ્વના દેશોના શહેરી વિકાસને અનુરૂપ ભવિષ્યના શહેરી વિકાસના વિઝનથી આ પુસ્તકમાં સચોટ નિરૂપણ કર્યું છે. વધતા જતા શહેરીકરણને કારણે આવનારા દિવસોમાં પર્યાવરણ અને સામાજિક પડકારો માટેનાં આગોતરા આયોજન અને નીતિ નિર્માણના મહત્ત્વ વિશે પુસ્તકમાં છણાવટ કરવામાં આવી છે.



**અનાવરણ :** રાજ્યની આદિવાસી સંસ્કૃતિ અને કલાઓના સંરક્ષણને આવનારી પેઢી સુધી પહોંચાડતો 'કવાંટ ગેર મેળો' માત્ર એક ઉત્સવ નથી, પ્રકૃતિ સાથેના સામંજસ્ય, સામાજિક સમરસતા અને પરંપરાઓનું જીવંત પ્રતીક છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં "કવાંટ ગેર મેળા"ની સાંસ્કૃતિક મહત્તાને ઉજાગર કરતી ટપાલ ટિકિટ અને વિશેષ કવરની પ્રથમ પ્રતનું અનાવરણ કર્યું હતું. ઉત્તર ગુજરાત તથા દક્ષિણ ગુજરાત પરિક્ષેત્રના પૉસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે મુખ્યમંત્રીશ્રીને આ ટપાલ ટિકિટ અને કવરની ભેટ આપી હતી. રાજ્યની સમૃદ્ધ આદિવાસી પરંપરાઓ અને સાંસ્કૃતિક ધરોહરને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવવાની દિશામાં આ પહેલ મહત્ત્વપૂર્ણ છે.



**યાત્રા :** અખિલ ભારતીય કુર્મી પાટીદાર મહાસભા દ્વારા આયોજિત સરદાર એકતા-યાત્રાનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદથી પ્રસ્થાન કરાવ્યું હતું. ગુજરાત અને મધ્યપ્રદેશના વિસ્તારોમાં યોજાનારી યાત્રામાં સરદાર પટેલના જીવન સાથે જોડાયેલી અમૂલ્ય ચીજવસ્તુઓ લોકોના દર્શન માટે રાખવાના આયોજન બદલ મુખ્યમંત્રીશ્રીએ આયોજકોને અભિનંદન પાઠવ્યાં હતાં. આ યાત્રાના આયોજક શ્રી સતીષભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. પૂર્વમંત્રી શ્રી ગોરધનભાઈ ઝડફિયાએ પ્રાસંગિક પ્રવચનમાં રાષ્ટ્રવ્યાપી સરદાર એકતા-યાત્રાના આયોજન અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

# વડોદરા શહેર અને જિલ્લાને વિવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ



રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ વડોદરા મહાનગરપાલિકા દ્વારા આયોજિત કાર્યક્રમમાં સહભાગી થઈને વડોદરા મહાનગરપાલિકાના રૂ.૨૦૩ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત તેમજ ડેસરમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં દીકરીઓ માટે નવી હોસ્ટેલનું ખાતમુહૂર્ત કર્યું હતું.

મહત્તમ ગવર્નન્સ, મિનિમમ ગવર્નમેન્ટના વિકાસમંત્રને આધારે ઇ-ગવર્નન્સને પ્રોત્સાહન આપતા સાંસદ ડૉ. હેમાંગભાઈ જોશીના નવતર પ્રયોગના ભાગરૂપે 'એમપી ઑફિસ ઈ-પોર્ટલ' વડોદરામાં લોન્ચ થયું. નાયબ મુખ્યમંત્રીશ્રીએ પોર્ટલનું વિધિવત્ લોન્ચિંગ કર્યું હતું. આ પોર્ટલ દ્વારા નાગરિકોને સાંસદ કાર્યાલય સંબંધિત વિવિધ સેવાઓ અને માહિતી પોતાના મોબાઇલમાં આંગળીના ટેરવે ઉપલબ્ધ થશે. ડિજિટલ ઈન્ડિયા તરફ આગળ વધી રહેલા દેશમાં નાગરિકોને સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે તે હેતુસર આ ઇ-પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરીમાં યોજાયેલી જિલ્લા આયોજન મંડળની બેઠકમાં જિલ્લાના વિકાસ આયોજનને મંજૂરી પ્રાપ્ત થઈ હતી. વડોદરાના નવાયાર્ડ વિસ્તારમાં રેલવે કૉલોનીના 'ડી' કેબિન સ્થિત અતિ પ્રાચીન શ્રી રામેશ્વર મહાદેવ મંદિર ખાતે પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિસભર વાતાવરણમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી અખંડ જ્યોત અને ભવ્ય કળશ યાત્રામાં સહભાગી થયા હતા. આ મહોત્સવ અંતર્ગત મંદિરમાં ખાટુ શ્યામ, સાંવરિયા શેઠ અને ભારતમાતાની મૂર્તિઓની શાસ્ત્રોક્ત વિધિ મુજબ પ્રાણ-પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર મહાનગરપાલિકાઓના દરેક વૉર્ડમાં નાગરિકોની પાયાની જરૂરિયાતોને સુવિધામાં બદલવા માટે મક્કમ નિર્ધાર સાથે કાર્ય કરી રહી છે. આ પ્રસંગે મહિલા અને બાળકલ્યાણ રાજ્યમંત્રી ડૉ. મનીષાબહેન વકીલ, સ્થાનિક પદાધિકારીઓ-અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

*લગ્નોત્સવ : ગુજરાત ઠાકોર ક્ષત્રિય સમાજ દ્વારા કલોલમાં આયોજિત ૩૫મા સમૂહ લગ્નોત્સવ પ્રસંગમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ નવદંપતીઓને શુભકામનાઓ પાઠવી હતી. આ અવસરે તેઓએ લોકોને સરકારની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી છેવાડાનો કોઈ પણ સરકારની પરિવાર યોજનાઓના લાભથી વંચિત ન રહી જાય તેમ જણાવ્યું હતું. તેમણે સામાજિક પરિવર્તન અને શિક્ષણ પર ભાર મૂકતા દીકરાઓની માતાઓને 'આજે લગ્ન બાદ ઘરે પધારેલી 'વહુ'ને પોતાની દીકરી માનીને આદર પ્રેમ આપજો' તેવી ભાવુક શીખ પણ આપી હતી.*











# અંતરિયાળથી અગ્રગણ્ય સુધી : મહિલાઓની યાત્રા

**ખ્યાતિ જોશી**

મહિલાઓ ગામની સરપંચ બની વહીવટ સંભાળે, પાણી સમિતિ અને દૂધ મંડળી ચલાવે, દેશ વિદેશથી આવતા પ્રવાસીઓને રિક્ષામાં વિશ્વનું સૌથી ઊંચું સ્ટેચ્યૂ બતાવે, ઘરના ઓટલે ભરતકામ કરતી કચ્છની બહેનો દુનિયાભરમાં પોતાની હસ્તકલાનો ડંકો વગાડે, આખા ગામના ખેતર પર ડ્રોન ઉડાવી દેશભરની 'લખપતિ દીદી'ઓમાં પોતાનું સ્થાન મક્કમ કરે એ છે આજની નારીની પ્રગતિ. સાંસ્કૃતિક વારસા, પરંપરા, આધુનિકતા અને પડકારો વચ્ચે આજે ગુજરાતનો ચહેરો બદલાયો છે. ખાસ કરીને જ્યારે વાત આવે છે મહિલાઓ અને બાળકોની તો પાછલા અઢી દાયકામાં મહિલાઓ અને બાળકોના જીવનધોરણમાં નોંધપાત્ર સુધારો આવ્યો છે.

એક સમય હતો જ્યારે રાજ્યના ગામડાંઓમાં મહિલાઓ માત્ર ખેતીના કામમાં સહકાર આપતી. આજે આ સ્થિતિમાં મોટોપાયે સુધારો થયો છે. આધુનિક વિકાસમાં મહિલાઓને ભાગીદાર બનાવવામાં ન આવે તો વિકાસ અધૂરો ગણાય, આ દિશામાં ભારતે અને વિશેષ કરીને ગુજરાતે નોંધપાત્ર પ્રયાસો આદર્યા અને જેનાં સુખદ પરિણામો આપણી સમક્ષ છે.

પાછલા પચીસ વર્ષમાં ગુજરાતે વિકાસનો એવો રસ્તો લીધો કે આજે રાષ્ટ્રીય સ્તરે તેને મહિલા અને બાળકલ્યાણના માપદંડ તરીકે ગણવામાં આવે છે. આ સમયગાળામાં અલગ અલગ યોજનાઓ, શાળાઓ, આરોગ્ય કેન્દ્રો, મહિલા સંગઠનો, આંગણવાડીઓ અને સ્વસહાય જૂથો દ્વારા મહિલાઓ અને બાળકો માટે અનુકૂળ પરિસ્થિતિઓ ઊભી કરી. આજનું ગુજરાતમાં મહિલાની ભૂમિકા બદલાઈ છે અને તેનું જીવનધોરણ સુધર્યું છે.

બેટી બચાવો-બેટી પઢાવો, કન્યા કેળવણી રથ, મમતા અભિયાન, સખી મંડળ, મહિલા સેવા સહકારી મંડળીઓ, આંગણવાડી જેવી યોજનાઓએ મહિલાઓની માનસિક, શારીરિક અને આર્થિક સ્વતંત્રતાને વધુ મજબૂત બનાવી છે. ગુજરાતમાં મહિલાઓ-કુંવારિકાઓ રાત્રિના બાર-બે વાગે પણ એકલી જાય તો કોઈ મુશ્કેલી નથી. રાજ્યની મહિલાઓ કામ અર્થે કે હરવા-ફરવા માટે ઘરની બહાર સુરક્ષિતતા અનુભવે છે-આ સુરક્ષામય અનુભૂતિમાં જ બધું આવી જાય છે.

### શિક્ષણ એ આત્મવિશ્વાસનો આધાર

સરકારે કન્યાઓ માટે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની પહોંચ સુલભ બનાવી છે. શાળાઓ સુધી ટ્રાન્સપોર્ટ, કન્યા કેળવણી રથ, નિ:શૂલ્ક પાઠ્યપુસ્તકો, યુનિવર્સિટી ગ્રાન્ટ જેવી અનેક સહાયોથી શિક્ષણ પાછળ થતો ખર્ચ નજીવો બનાવ્યો છે. ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોની બાળાઓ ડૉક્ટર-પાઇલટ બની આત્મવિશ્વાસ સાથે જીવી રહી છે.

### બાળ આરોગ્ય : એક સુખદ પરિવર્તન

છેલ્લા પચીસ વર્ષમાં ગુજરાતમાં બાળ આરોગ્ય ક્ષેત્રે નોંધપાત્ર સુધારો નોંધાયો છે. એક સમય હતો જ્યારે રાજ્યના નર્મદા, દાહોદ, તાપી, ડાંગ સહિતના ઘણા ગ્રામીણ

અને આદિવાસી વિસ્તારોમાં બાળમૃત્યુ દર ઊંચો હતો. આજે આશાવર્કર, આંગણવાડી કાર્યકરો અને આરોગ્ય કેન્દ્રો દ્વારા ગર્ભવતી મહિલાઓ અને નવજાત બાળકો માટે સતત દેખરેખ, મફત દવાઓ, પોષણયુક્ત આહાર અને સુવિધાજનક રસીકરણ કાર્યક્રમોને કારણે ખૂબ પરિવર્તન આવ્યું છે. રાજ્યભરમાં યોજાતા મમતા અને મિશન પોષણ જેવા અભિયાનો દ્વારા માતા અને બાળ, બંનેના આરોગ્ય પર ધ્યાન આપ્યું છે. બાળકો માટે આંગણવાડીઓમાં ગરમ પૌષ્ટિક ભોજન ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. બાળમૃત્યુ દર ઘટ્યો છે– જે ગુજરાત માટે ગર્વની વાત છે.

**યોજનાથી વિકાસના પંથે :** દીકરીના જન્મ સમયે જ તેના ભવિષ્યને સુરક્ષિત કરી શકાય એ હેતુસર રાજ્ય સરકારે વ્હાલી દીકરી યોજના અમલમાં મૂકી છે. આ યોજના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે આશાનું કિરણ બની છે. દીકરીના જન્મ સમયે નાણાકીય સહાય આપી પરિવારને આર્થિક સધ્ધરતા પૂરી પાડવામાં આવે છે. ત્યારબાદ શાળામાં પ્રવેશ અને ધોરણ ૯ સુધી સહાય મળતી રહે છે. આ યોજનાનો મુખ્ય હેતુ સ્ત્રી ભ્રૂણહત્યા અટકાવવી, દીકરીઓના જન્મ દરમાં વૃદ્ધિ લાવવી અને શિક્ષણ તથા સામાજિક સમાનતાને બળ આપવું છે. દીકરીના લગ્નના ખર્ચની ચિંતા વગર માતા-પિતા તેને ઉચ્ચ શિક્ષણ માટે આગળ ધપાવે તેવો આત્મવિશ્વાસ સમગ્ર સમાજમાં જોવા મળે છે.

મહિલા અને બાળ વિકાસના વિવિધ સૂચકાંકમાં છેલ્લાં પચીસ વર્ષમાં નોંધાયેલા સુધારાઓ એ માત્ર નીતિગત સફળતા કરતા વધુ સમાજના મનોબળને પ્રતિબિંબિત કરે છે. જેમાં દીકરીઓના જન્મથી લઈ શિક્ષણ, આરોગ્ય અને આર્થિક સદ્ધરતા સુધીના દરેક પગથિયે રાજ્યની ઉપસ્થિતિ અનુભવાય છે.

# ‘સુંદર’ મિશન મંગલમ્ સખીમંડળની બહેનો બની પ્રેરણારૂપ

**મેહુલ વાંઝવાલા**




સશક્ત મહિલા થકી સશક્ત પરિવાર અને સશક્ત સમાજનું નિર્માણ શક્ય બને છે. આ વિચારને સાકાર કરતી અનેક કહાનીઓ આજે સમગ્ર ગુજરાતમાં અને ખાસ કરીને ડાંગ જેવા આદિવાસી વિસ્તારમાં જીવાય છે. રાજ્ય સરકારની મિશન મંગલમ્ યોજના ગ્રામીણ બહેનો માટે આવક, આત્મવિશ્વાસ અને સશક્તીકરણનો મજબૂત આધાર બની છે. ડાંગ જિલ્લાના દગડપાડા ગામની ‘સુંદર’ મિશન મંગલમ્ સખીમંડળની મહેનતુ બહેનો તેનું જીવંત ઉદાહરણ છે.

વર્ષ ૨૦૧૯માં માત્ર ૧૦ બહેનો સાથે શરૂ થયેલા આ સખીમંડળે નાની બચત અને પરંપરાગત કૌશલ્યને વ્યવસાયમાં ફેરવ્યાં છે. મંડળની બહેનો લાલકડા ચોખા, નાગલી અને નાગલીનો લોટ, અડદની દાળ, નાગલીના પાપડ, બિસ્કિટ, અડદની દાળનો લોટ, લીલા મરચાં તેમજ આયુર્વેદિક રીતે તૈયાર કરેલી ડાંગી ચટણી જેવી વસ્તુઓ બનાવે છે. આ ઉપરાંત વાંસના અલંકારો બનાવીને પણ તેનું વેચાણ કરે છે. મિશન મંગલમ્ યોજના અંતર્ગત ‘સુંદર’ સખીમંડળને રૂ.૩૦ હજારનું રિવૉલ્વિંગ ફંડ પ્રાપ્ત થયું, જેનાથી કાચા માલની ખરીદી, ઉત્પાદનવૃદ્ધિ અને પૅકિંગ માટે સહાયતા મળી. આ સહાયથી બહેનો ઘરનો ઉંબરો ઓળંગી બજાર સુધી પહોંચી શકી અને આર્થિક સધ્ધરતા તરફ મક્કમ પગલે આગળ વધી છે. મંડળનાં સક્રિય સભ્ય રસિલાબહેન વળવી જણાવે છે કે, અગાઉ અમે મંડળની બહેનો ઘરકામમાં જ પ્રવૃત્ત રહેતી હતી, જ્યારે આજે સખીમંડળના માધ્યમથી અમે પરંપરાગત ખાદ્યવસ્તુઓ બનાવી વેચાણ કરીએ છીએ અને મહિને સરેરાશ રૂ.૧૫ હજાર જેટલી આવક મેળવીએ છીએ.

ડાંગ દરબાર ખાતે લગાવવામાં આવેલા સ્ટોલ દ્વારા ‘સુંદર’ સખીમંડળની બહેનોએ પોતાના હાથથી બનાવેલી ખાદ્યવસ્તુઓ અને વાંસનાં ઘરેણાંનું વ્યાપક વેચાણ કર્યું હતું. સ્થાનિક સ્વાદ અને આયુર્વેદિક ગુણવત્તાને કારણે મુલાકાતીઓ તરફથી ઉત્પાદનોને સારો પ્રતિસાદ સાંપડ્યો હતો.

નાની બચતથી શરૂ થયેલી આ પહેલે આજે આ સખીમંડળની બહેનોને આર્થિક સ્વાવલંબન, સામાજિક ઓળખ અને આત્મસન્માનની નવી દિશા આપ્યાં છે. આદિવાસી પરંપરા અને સામુહિક પ્રયાસોથી ઊભું થયેલું ‘સુંદર’ સખીમંડળનું સ્વરોજગારી મૉડેલ અન્ય ગામોની બહેનો માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ બની રહ્યું છે.



# બ્રહ્માંડનાં રહસ્યો ઉકેલતી આણંદના એક સામાન્ય સેલ્સમેનની પુત્રી

**હેતલ દવે**

આણંદ શહેરમાં ૧૩'×૧૩'ની એક સામાન્ય ઓરડીમાં વસવાટ કરતાં માતા-પિતાની સાથે રહી અભ્યાસ કરનારી ૩૨ વર્ષીય એક યુવતીએ તેમની આર્થિક સંકડામણને હાર આપી સફળ ખગોળ વૈજ્ઞાનિક બની બતાવ્યું છે. આ યુવતીએ અંતરીક્ષમાં છ નવી આકાશગંગાઓના સમૂહને શોધીને ભારતીય નામોથી નવાજ્યા છે.

આ યુવતી એટલે એક ખાનગી કંપનીમાં સેલ્સમૅન તરીકે કામ કરતા અર્જુનભાઈ અને સીવણકાર્ય કરતાં લતાબહેન શાહની એક માત્ર પુત્રી એકતા. એકતાએ કે. જે. ઠક્કર પ્રાથમિક શાળા, આણંદ હાઈસ્કૂલમાં માધ્યમિક અને બાદમાં ડી. ઝેડ. પટેલ હાઈસ્કૂલમાં વિજ્ઞાન પ્રવાહમાં ગણિત સાથે ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કર્યો. એકતાએ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડામાં ગ્રૅજ્યુએશન કર્યું. આ અભ્યાસ દરમિયાન જામ (JAM), નૅશનલ ગ્રૅજયુએટ ફિઝિક્સ એક્ઝામિનેશનમાં પણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી. એમ. એસ. યુનિવર્સિટીના અભ્યાસ દરમિયાન તેમના પિતાએ લોન લઈ લેપટોપ લઈ આપ્યું હતું, જેના આધારે દેશમાં થતી સ્પર્ધાઓમાં ભાગ લેવા એકતા પહોંચી જતી હતી. બાદમાં તેણે આઈઆઈટી - મુંબઈમાં પોસ્ટ ગ્રૅજ્યુએશન કર્યું.

રોચસ્ટર યુનિવર્સિટીમાં એસ્ટ્રોફિઝિક્સમાં પીએચડી ડિગ્રી માટે એકતા આખી દુનિયામાંથી પસંદ થયેલા ત્રણ વિદ્યાર્થીઓ પૈકી એક હતી. રોચસ્ટર યુનિવર્સિટીમાં એકતાને પ્રસિદ્ધ અમેરિકન સંસ્થા નાસા દ્વારા અનુદાનિત પ્રોજેક્ટમાં કામ કરવાની તક સાંપડી. હવે તેમના રસપ્રદ સંશોધનની વાત શરૂ થાય છે. તેમને મસમોટા હવાઈ ટેલિસ્કોપ સેન્ટરમાં કામ કરવાની તક મળી. આવા ટેલિસ્કોપમાં કામ કરવા માટે તેનું એક રાતનું ભાડું જ એક કરોડ રૂપિયા જેટલું થઈ જાય છે !

તેમના સંશોધનના અંતે એ ફલિત થયું કે, હાલના બ્રહ્માંડમાં જ્યારે બે ગૅલેક્સીઓ અથડાય છે, ત્યારે નવા તારાઓનું સર્જન લગભગ બે ગણું વધી જાય છે. છ વર્ષના સંશોધનને અંતે પીએચડીની ડિગ્રી મેળવ્યા પછી તેઓ અમેરિકાની યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયા ડેવિસમાં પોસ્ટ ડૉક્ટર રિસર્ચ ફૅલોશિપ મેળવી ત્રણ સંશોધન કર્યાં. એ સંશોધન દરમિયાન તેમણે આકાશમાં બ્રહ્માંડના બાળપણમાં રહેલા ગૅલેક્સીના છ નવા સમૂહો પણ શોધી કાઢ્યા. અહીં સામાન્ય લોકોને પ્રશ્ન થાય કે, આકાશમાં એટલાં તારામંડળો છે તો એમાં આ મંડળ નવું છે ? એ કેવી રીતે ખબર પડે. એ માટે એમિશન સ્પેક્ટ્રા અને એક્ઝર્બોશન સ્પેક્ટ્રાના આધારે તે નિયત કરવામાં આવે છે. સરળ ભાષામાં કહીએ તો એ ગૅલેક્સીમાં રહેલા હાઇડ્રોજન, હિલિયમ જેવા વાયુના સ્તરને માપીને નિયત કરાય છે. આ વાયુના સ્તરની નોંધ કરવામાં આવે છે અને એ તેની ઓળખ બની જાય છે.




આ નવા છ સમૂહને તેમણે કર્મેન્દ્રિય મુજબ નામ આપ્યાં છે, જેમાં દૃષ્ટિ, શ્રવણ, સુરભિ, રુચિ, સ્પર્શ, સ્મૃતિ એવાં નામો આપી ભારતનું ગૌરવ આકાશમાં સ્થાપિત કર્યું છે. તેમના આ સંશોધનને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી છે. લાગલગાટ ૯ વર્ષ સુધી અમેરિકામાં સંશોધન કાર્ય કરી એકતા હવે સ્વદેશ પરત ફરી છે. તેઓનો નાસાની સબજેક્ટ એક્સપર્ટ પૅનલમાં સમાવેશ થયો છે.

# તેર વર્ષના ટેણિયાની 'સહજ' સિદ્ધિ



દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રજૂ થતી 'મન કી બાત'માં વ્યક્ત થતી રાષ્ટ્રપ્રેમ, શિસ્ત, સંકલ્પ અને 'સુપર ભારત'ની કલ્પનાએ એક બાળકના મનમાં સંસ્કાર અને સપનાઓનાં બીજ વાવ્યાં છે. આ બહુમુખી પ્રતિભાશાળી બાળક સહજ રામાણીનું ૮૦ લાખ વિદ્યાર્થીઓ વચ્ચે નામ પ્રથમ ક્રમે ઝળક્યું, તે ક્ષણ ગુજરાત માટે ગૌરવની ક્ષણ હતી.

વાત એમ છે કે, ભારત સરકારના ઊર્જા મંત્રાલય હેઠળ કાર્યરત બ્યૂરો ઑફ એનર્જી એફિશિયન્સી દ્વારા આયોજિત રાષ્ટ્રીય ચિત્ર સ્પર્ધા-૨૦૨૪માં ગાંધીનગરના સહજે પ્રથમ સ્થાન મેળવી ૧૨ વર્ષની ઉંમરે મોટું ગૌરવ મેળવ્યું. જે સમગ્ર ગુજરાત માટે ગૌરવની ક્ષણ બની હતી.

પર્યાવરણ બચાવો - ઊર્જા બચાવો વિષયની ચિત્ર સ્પર્ધામાં જ્યાં ઘણા વિદ્યાર્થીઓએ દૃશ્યો દોર્યાં, ત્યાં સહજે 'માનવ-મન અને તેની શક્તિઓ'નો વિચાર દોર્યો. કોઈ કોચિંગ વિના તેણે ૧૮ રચનાઓ બનાવી, જેમાં દરેક બ્રશસ્ટ્રોકમાં ભારતમાતા પ્રત્યેનો ભાવ અને પર્યાવરણની ચિંતા ઝળકી હતી.




સહજની કલા વિશ્વમંચે પણ ઝળકી છે. જાપાનની Kao Corporationની ૧૬મી કાઓ આંતરરાષ્ટ્રીય પર્યાવરણ ચિત્ર સ્પર્ધા (૨૦૨૫)માં તેને "Kao Honorable Mention Award" મળ્યો. હજારો બાળકો વચ્ચે ભારતના એકમાત્ર બાળ કલાકાર તરીકે આ સન્માન મેળવવું ગર્વની વાત છે.


તેનો જીવનમંત્ર સફળતા એટલે 'પ્રાર્થના, શિસ્તબદ્ધ મહેનત અને શ્રદ્ધાનો સંગમ' છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીથી પ્રેરિત સહજ 'મન કી બાત'નો નિયમિત શ્રોતા છે અને 'સુપર ભારત'નું સ્વપ્ન જુએ છે. 'વિકસિત ભારત @૨૦૪૭' ના સ્વપ્ન સાથે તેનું લક્ષ્ય એક મૂલ્યનિષ્ઠ IAS અધિકારી બની રાષ્ટ્રની સેવા કરવાનું છે.

સહજના પિતા ચતુર્ભુજભાઈ રામાણી જણાવે છે કે, સહજની સફળતા બાદ તેમને રાજ્યના અગ્રણીઓ સાથે મુલાકાત કરવાની તક મળી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, મંત્રીશ્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયા, તત્કાલીન અગ્રસચિવ એમ.કે. દાસ અને ધારાસભ્ય શ્રીમતી રીટાબહેન પટેલ સહિતનાં મહાનુભાવોએ સહજને આશીર્વાદ અને પ્રેરણા આપ્યાં છે. આ તમામ આગેવાનોના પ્રોત્સાહનથી તેના સપનાને ઊંચી ઉડાન મળી છે, પરિવાર આ સૌનાં માર્ગદર્શન અને હૂંફ માટે હૃદયપૂર્વક આભારી છે.

સહજે 'પ્રમુખ વિઝન કૉન્ફરન્સ ૩.૦ (૨૦૨૫)'માં 'વિકસિત ભારત @૨૦૪૭' વિષયની પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો. ઓલિમ્પિયાડમાં અનેક મેડલ મેળવ્યા તેમજ ફૂટબૉલ, ક્રિકેટ અને કરાટેમાં પણ સિદ્ધિઓ મેળવી. ૩૧૫ સંસ્કૃત શ્લોક કંઠસ્થ કરવા બદલ 'બાલ વિદ્વાન' બની ગિનીસ વર્લ્ડ રેકૉર્ડમાં સ્થાન મેળવ્યું. કલાક્ષેત્રે 'શ્રી રસિકલાલ પરીખ પુરસ્કાર' અને 'અતુલ્ય વારસો આઈડેન્ટિટી ઍવૉર્ડ-૨૦૨૫' સહિત અનેક સન્માન મળ્યા. ૨૬ જાન્યુઆરી ૨૦૨૬એ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મેયર મીરાંબહેન પટેલના હસ્તે વિશેષ સન્માન પ્રાપ્ત કર્યું છે. માત્ર ૧૩ વર્ષની વયે સહજે ૬૨ પુરસ્કારો મેળવી ગુજરાત અને ભારતનું ગૌરવ વધાર્યું છે.

"વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વંદે માતરમ ગીતની રચનાના 150 વર્ષની દેશવ્યાપી ઉજવણીથી દેશના મહાન નાયકોનું પૂણ્ય સ્મરણ અને ભારત માતાની ભાવ વંદના કરવાનો આપણને પુન: અવસર આપ્યો છે. રાષ્ટ્ર વિરોધી શક્તિઓ અને દુશ્મનોનો નાશ કરનારી ભારત માતા બહુબલ ધારિણી અને રિપુદલ વારિણી છે."

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**



## 'વંદે માતરમ્' એ માત્ર ગીત નથી, રાષ્ટ્રભક્તિનો મહામંત્ર છે



ગુજરાત વિધાનસભા ખાતે 'વંદે માતરમ્'ની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી અંગેના સરકારી સંકલ્પ પર ચર્ચામાં સહભાગી થતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, 'વંદે માતરમ્' એ માત્ર બે શબ્દો નથી, પરંતુ ભારત માતાની ચરણવંદના કરવાની આરાધના છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૭ નવેમ્બર ૨૦૨૫થી આ ગીતના ૧૫૦ વર્ષની ઉજવણીનો જે પ્રારંભ થયો છે, તે દેશના સાંસ્કૃતિક જાગરણનો દસ્તાવેજ છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના ક્રાંતિવીરોને યાદ કરતાં કહ્યું કે, નવસારીના પારસી પરિવારની દીકરી મૅડમ ભીખાઈજી કામાએ ૧૯૦૭માં જર્મનીના સ્ટુટગાર્ટમાં અંગ્રેજોની હાજરીમાં ભારતનો ધ્વજ લહેરાવ્યો હતો, જેના પર 'વંદે માતરમ્' અંકિત હતું. આ ઉપરાંત, મહર્ષિ અરવિંદ ઘોષે પણ વડોદરામાં રહીને જ આ ગીતને ક્રાંતિનો મંત્ર બનાવવાનું કાર્ય કર્યું હતું. કચ્છના ભુજોડીમાં બનેલું 'વંદે માતરમ્ મેમોરિયલ' આજે પણ આઝાદીના ઈતિહાસને જીવંત રાખી રહ્યું છે.

## રાષ્ટ્રીય GDPમાં ગુજરાતનું યોગદાન વધીને ૮.૩ ટકા



ગુજરાત વિધાનસભામાં અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અંતિમ દિવસે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ રાજ્યની મજબૂત આર્થિક સ્થિતિ અને નાણાકીય શિસ્તનું ચિત્ર રજૂ કર્યું હતું.

નાણામંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ-SDGs ઇન્ડિયા ઇન્ડેક્સ મુજબ, ગુજરાત 'સારા સ્વાસ્થ્ય અને સુખાકારી'માં દેશમાં પ્રથમ ક્રમે છે, જેનો સ્કોર વર્ષ ૨૦૧૮માં બાવનથી વધીને ૯૦ થયો છે. છેલ્લા બે દાયકામાં રાષ્ટ્રીય GDPમાં ગુજરાતનું યોગદાન ૫.૧ ટકાથી વધીને ૮.૩ ટકા થયું છે. 'રાજ્યનો સરેરાશ વિકાસ દર પણ છેલ્લાં ૧૦ વર્ષમાં ૧૧.૪ ટકા રહ્યો છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૧૦.૨ ટકા કરતાં વધારે છે. પરિણામે ગુજરાતની માથાદીઠ આવક રાષ્ટ્રીય સરેરાશ કરતાં ૬૦ ટકાથી વધુ નોંધાઈ છે. ગુજરાત દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૯ ટકા અને નિકાસમાં ૨૬ ટકા સાથે પ્રથમ સ્થાને છે. ગુજરાતે ચુસ્ત નાણાકીય શિસ્ત જાળવવા અને જાહેર દેવામાં ઘટાડો કરવા માટે "ફિસ્કલ રિસ્પોન્સિબિલિટી એન્ડ બજેટ મૅનેજમેન્ટ (FRBM) એક્ટ-૨૦૦૩" હેઠળનાં તમામ નાણાકીય લક્ષ્યાંકો સફળતાપૂર્વક સિદ્ધ કર્યાં છે. છેલ્લાં ૨૨ વર્ષથી એટલે કે, વર્ષ ૨૦૦૪-૦૫થી ૨૦૨૫-૨૬ દરમિયાન ગુજરાતે એક પણ વાર ઓવરડ્રાફ્ટ લીધો નથી.

## બે વર્ષમાં ૫.૮૩ લાખ યુવાઓને અપાઈ રોજગારી

ગુજરાત વિધાનસભામાં રોજગારી અંગે વિગતવાર માહિતી રજૂ કરતાં શ્રમ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં રોજગાર કચેરીઓ ખાતે કુલ ૬,૯૨,૬૨૧ ઉમેદવારોની નોંધણી કરવામાં આવી છે. જેમાં ૬,૨૮,૭૨૯ શિક્ષિત અને ૬૩,૮૯૨ અર્ધશિક્ષિત યુવાનોનો સમાવેશ થાય છે. આ ઉમેદવારો પૈકી કુલ ૫,૮૩,૪૯૫ યુવાનોને વિવિધ ક્ષેત્રોમાં સફળતાપૂર્વક રોજગારી પૂરી પાડવામાં આવી છે. ડિજિટલ ઇન્ડિયાના વિઝન સાથે 'અનુબંધમ્' વેબ પોર્ટલ દ્વારા હવે નોકરીદાતા અને નોકરીવાંચ્છુઓ સીધા એકબીજાના સંપર્કમાં આવી શકે છે. યુવાનો ઘરે બેઠાં ઓનલાઇન નોંધણી કરી શકે છે અને ખાલી જગ્યાઓ વિશે જાણકારી મેળવી શકે છે.



## 'સુપોષિત ભારત'ને વેગ આપવા રૂ. ૭,૬૯૦ કરોડની જોગવાઈ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સુપોષિત ભારત'ના વિઝનને વધુ વેગ આપવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં મહિલા અને બાળકલ્યાણ ક્ષેત્રે રૂ. ૭,૬૯૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. મહિલા અને બાળ કલ્યાણ રાજ્યમંત્રી ડૉ. મનીષાબહેન



વકીલે જણાવ્યું હતું કે, આંગણવાડી ક્ષેત્રે માળખાગત સુધારા માટે રાજ્યમાં ૨,૦૦૦ નવાં આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે રૂ. ૩૬૦ કરોડની જોગવાઈ કરાઈ છે. આદિજાતિ વિસ્તારોના ૫૩ ઘટકોમાં દૂધ સંજીવની યોજનાનો વિસ્તાર કરાશે. દૂધમાં ફેટનું પ્રમાણ ૧.૫% થી વધારીને ૩% અને ૪.૫% (પાઇલટ પ્રોજેક્ટ તરીકે નર્મદા, દાહોદ અને ડાંગમાં) કરવા માટે રૂ. ૩૮.૬૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આંગણવાડીનાં બાળકોની હાજરી અને મૉનિટરિંગ માટે AI બેઝ્ડ અટેન્ડન્સ સિસ્ટિમ વિકસાવાઈ છે. પોષણ યોજના-THRના પૅકેજિંગ પર QR કોડ લગાવાશે. બાલિકા પંચાયત યોજના માટે રૂ. ૧.૦૩ કરોડની ફાળવણી કરાઈ છે.

## રાજ્યમાં ૧૦,૨૮૮ પોલીસ અધિકારીઓની ભરતીની પ્રક્રિયા પ્રગતિમાં



વિધાનસભા ગૃહ ખાતે રાજ્યમાં પોલીસ ભરતી અને બઢતી અંગેના મહત્ત્વના આંકડાઓ રજૂ કરતાં કાયદા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું કે, રાજ્યમાં વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૦,૨૮૮ પોલીસ અધિકારીઓની ભરતીની પ્રક્રિયા ચાલી રહી છે. જ્યારે વર્ષ ૨૦૨૪માં ૬,૩૧૯ અને વર્ષ ૨૦૨૫માં ૪,૭૮૧ મળીને કુલ ૧૧,૧૦૦ પોલીસ અધિકારીઓને બઢતી આપવામાં આવી છે. જાન્યુઆરી-૨૦૨૬માં વડોદરા શહેરમાં ૧,૧૩૧ પોલીસ કોન્સ્ટેબલની સીધી ભરતીથી નિમણૂક કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન સમગ્ર રાજ્યમાં ૪૭૫ બિનહથિયારી PSIની ભરતી કરવામાં આવી છે. જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬માં અંદાજે ૬૫૯ બિનહથિયારી PSI અને ૧૨૯ હથિયારી PSI માટે સીધી ભરતીની પ્રક્રિયા હાલ કાર્યરત છે, જે પૂર્ણ થતાં વડોદરા શહેરની ઘટ પૂરી કરવામાં આવશે.

## અમદાવાદમાં નિર્માણ પામશે 'સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવ'



ગુજરાત વિધાનસભા ખાતે 'ગુજરાત સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ કોન્કલેવ-૨૦૨૩'ના મહત્ત્વપૂર્ણ વિષય પર રજૂ થયેલા બિન-સરકારી સંકલ્પને ટેકો આપતા રમત-ગમત રાજ્યમંત્રી ડૉ. જયરામભાઈ ગામીતે જણાવ્યું હતું કે, અમદાવાદમાં રૂ. ૫૦૦ કરોડના ખર્ચે ઍક્વેટિક સ્ટેડિયમ અને સ્પોર્ટ્સ એક્સેલન્સ ઇન્સ્ટિટ્યૂટનું નિર્માણ કરવામાં આવશે. ગાંધીનગરમાં દિવ્યાંગ ખેલાડીઓ માટે રૂ. ૧૦૦ કરોડના ખર્ચે અત્યાધુનિક પેરા હાઇ-પર્ફોર્મન્સ સેન્ટરની કામગીરી પ્રગતિમાં છે. નવીન મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં રમત-ગમત સંકુલોના નિર્માણ માટે પણ રૂ. ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ૧૫ જિલ્લા તથા ૧૮ તાલુકામાં રમત સંકુલોનું કામ પ્રગતિ હેઠળ છે. રાજ્યમાં 'ખેલ મહાકુંભ'માં અત્યાર સુધી કુલ ૧,૮૫૦ ખેલાડીઓને રૂ. ૨૮.૫૯ કરોડના પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા છે. મણિનગર, અમદાવાદના ધારાસભ્ય શ્રી અમૂલ ભટ્ટ દ્વારા રજૂ કરાયેલા 'ગુજરાત સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ કોન્કલેવ-૨૦૨૩' બિન-સરકારી સંકલ્પને વિધાનસભા ગૃહમાં સ્વીકારવામાં આવ્યો હતો.

## 'તીર્થગામ' અને 'પાવનગામ' યોજના



ગુજરાત વિધાનસભાના સત્ર દરમિયાન પંચાયત રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહીડાએ રાજ્યની 'તીર્થગામ' અને 'પાવનગામ' યોજનાઓ અંગે પુછાયેલા પ્રશ્નના જવાબમાં યોજના અંગે મહત્ત્વપૂર્ણ વિગતો રજૂ કરતાં જણાવ્યું હતું કે, જે ગામમાં છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન અકસ્માત સિવાયનો કોઈ ગુનો નોંધાયો ન હોય તેને 'તીર્થગામ' જાહેર કરવામાં આવે છે. જે ગામમાં છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન અકસ્માત સિવાયનો કોઈ ગુનો નોંધાયો ન હોય તેને 'પાવનગામ' તરીકે પસંદ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૨ના સુધારા મુજબ, આ યોજનાના લાભ માટે સામાન્ય ગામોએ ૧૦૦માંથી લઘુતમ ૭૦ ગુણ અને આદિવાસી ગામોએ લઘુતમ ૬૦ ગુણ મેળવવાના રહે છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૬ અને વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૧૧ ગામોની પસંદગી કરવામાં આવી હતી.

## રાજકોટમાં ૨,૯૧૩ લાભાર્થીઓને શ્રી વાજપેયી બૅંકેબલ યોજનામાં લોન



વિધાનસભા ગૃહ ખાતે સભ્યશ્રી દ્વારા પુછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોરે જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં ૩૧-૧૨-૨૦૨૫ સુધીના એક વર્ષમાં 'શ્રી વાજપેયી બૅંકેબલ યોજના' હેઠળ ૨,૯૧૩ અરજીઓ મંજૂર કરી લોન અપાઈ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ યોજનામાં લોનની મર્યાદા રૂ. ૮ લાખથી વધારીને રૂ. ૨૫ લાખ અને સબસિડી મર્યાદા રૂ. ૧.૨૫ લાખથી વધારીને રૂ. ૩.૭૫ લાખ કરવામાં આવી છે.




**યૂથ પાર્લામેન્ટ :** વલસાડના વાપી સ્થિત કે.બી.એસ. કૉમર્સ એન્ડ સાયન્સ કૉલેજમાં નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને 'વિકસિત ભારત યૂથ પાર્લામેન્ટ ૨૦૨૬' યોજાઈ હતી. જેમાં વલસાડના વિવિધ તાલુકાઓમાંથી આવેલા યુવાનો દ્વારા રાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી, સ્પર્ધાના અંતે પસંદ થયેલા વિજેતાઓ આગામી સમયમાં યોજાનારી રાજ્યકક્ષાની યૂથ પાર્લામેન્ટમાં વલસાડ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.



**ખાતમુહૂર્ત :** અમરેલીમાં કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી અને ઊર્જા રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ 'ત્રિવિધ' વિકાસલક્ષી પ્રોજેક્ટના ખાતમુહૂર્ત કર્યાં હતાં. જે અંતર્ગત અંદાજે રૂ. ૨.૬૭ કરોડના ખર્ચે સરદાર સર્કલથી શ્રી સ્વામિનારાયણ મંદિર રોડ, શહેરનાં મુખ્ય પ્રવેશદ્વારોના રસ્તાઓ પર સર્કલ ડેવલપમેન્ટ અને રજવાડી પ્રવેશદ્વાર સહિતનાં કામો થશે. ઉપરાંત મંત્રીશ્રીઓએ રૂ. ૬૦ કરોડનાં વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ પણ કર્યાં હતાં.




**ઉનાઈ ઉત્સવ :** શ્રી ઉનાઈ માતાજી મંદિર પરિસરમાં 'ઉનાઈ ઉત્સવ ૨૦૨૬'નો શુભારંભ આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં થયો હતો. મંત્રીશ્રીએ માતાજીની આરતી કરી હતી. મંત્રીશ્રી અને મહાનુભાવો શક્તિ, ભક્તિ અને સંસ્કૃતિના ત્રિવેણી સંગમ સાથે ઊજવાયેલા ૧૪મા પાટોત્સવમાં સહભાગી થયા હતા. આ ઉત્સવમાં માતાજીની ભાવવંદના અને આરાધના સાથે રજૂ કરાયેલા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોએ લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા.



**MoU :** ગાંધીનગરમાં યોજાયેલી 'ગુજરાત વાઇસ ચાન્સેલર્સ મીટ' દરમિયાન આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, બ્લોકચેન, સાયબર સિક્યૉરિટી અને ઈમર્જિંગ ટેક્નૉલૉજી લૉ એન્ડ પૉલિસી વિષયક પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સ શરૂ કરવા GIL, DST અને GNLU વચ્ચે MoU થયો. આ પ્રસંગે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા હાજર રહ્યા, તેમજ ૨૦થી વધુ યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલરોએ ભાગ લીધો.





**મહોત્સવ :** ભાવનગરના પ્રવાસ દરમિયાન મત્સ્યોદ્યોગ રાજ્યમંત્રી શ્રી પરષોત્તમભાઈ સોલંકી વલ્લભીપુર તાલુકાના પચ્છેગામમાં આયોજિત મુરલીધરજી મહારાજ નિજ મંદિર મહોત્સવમાં સહભાગી થયા હતા. આ પાવન અવસરે મંત્રીશ્રીએ કથાકાર રમેશભાઈ ઓઝા (ભાઈશ્રી)ના વ્યાસપીઠ પરથી પ્રસ્તુત થયેલ શ્રીમદ્ ભાગવત કથામૃતનું રસપાન કર્યું હતું. મહોત્સવમાં મહાનુભાવો સહિત સંતો-મહંતો તેમજ ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.



**લોકાર્પણ :** 'અ' વર્ગમાં સમાવિષ્ટ ધ્રાંગધ્રા નગરપાલિકાના સર્વાંગી વિકાસને વેગ આપવાના હેતુ સાથે શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાના અધ્યક્ષસ્થાને જોગાસર તળાવ ખાતે વિવિધ વિકાસકામોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે મંત્રીશ્રીએ રૂ. ૧૦.૩૫ કરોડનાં વિવિધ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યાં હતાં. આ વિકાસકામોની ભેટ મળવાથી, લોકોની જનસુખાકારીમાં વધારો થશે.



**પ્રોજેક્ટ :** વન અને પર્યાવરણ મંત્રી શ્રી પ્રવિણભાઈ માળીના માર્ગદર્શન હેઠળ ડીસા તાલુકાના ડાવસ ગામે ૧૩ એકર વિસ્તારમાં રૂ. ૩.૫ કરોડના ખર્ચે અદ્યતન હાઈટેક નર્સરી બનાવાશે. અહીં દર વર્ષે ૧૦ લાખથી વધુ રોપાઓનું વાવેતર થશે તેમજ સીડ બૅંક, સીડ પ્રોસેસિંગ એરિયા અને નર્સરી ઈન્ફોર્મેશન સેન્ટર વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટ વનીકરણ અને પર્યાવરણ સંરક્ષણને મજબૂત બનાવશે.

**વિકાસકામો :** કચ્છના ભુજોડીમાં ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગાએ અંજાર વિધાનસભા ક્ષેત્રના રૂ. ૩ કરોડના ખર્ચે વિવિધ ૪ રસ્તાના વિકાસકામોનું ખાતમૂહુર્ત કર્યું હતું. આ  કામોમાં ભૂજોડી એપ્રોચ રોડ, લેર એપ્રોચ રોડ, પૈયા એપ્રોચ રોડ તથા નાના બંદરા, મોટા બંદરા રોડનો સમાવેશ થાય છે. કાર્યક્રમમાં મહાનુભાવો, આસપાસના ગામોના સરપંચો અને મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા.





**સુવિધા :** જૂનાગઢના ચોકી સોરઠ ખાતે રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્રમાં રૂ.૧૮ કરોડના ખર્ચે બનેલ અદ્યતન સુવિધા સાથેના કર્મવીર કેડેટ ભવનનું પોલીસ હાઉસિંગ રાજ્યમંત્રીશ્રી કમલેશભાઈ પટેલે લોકાર્પણ કર્યું હતું. મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ નવનિર્મિત ભવનનું નિરીક્ષણ કર્યું હતું. ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા બનેલા આ ભવનમાં ૪૫૬ પોલીસ તાલીમાર્થીઓ માટે રહેવાની સુવિધા ઉપલબ્ધ છે.



**શુભેચ્છાઓ :** બોર્ડ પરીક્ષા અંતર્ગત ગાંધીનગરની એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલની મુલાકાત દરમિયાન શિક્ષણ રાજયમંત્રી શ્રીમતી રિવાબા જાડેજાએ પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થીઓને સાકરથી મોં મીઠું કરાવી સફળતાની શુભેચ્છાઓ પાઠવી હતી. તેઓએ વિદ્યાર્થીઓને ચિંતામુક્ત થઈ પરીક્ષા આપવા પ્રેરણા આપી હતી. મંત્રીશ્રીએ પરીક્ષા કેન્દ્ર પરની સુવિધાઓ અને સીસીટીવી કેમેરા જેવી સુરક્ષા વ્યવસ્થાઓની પણ સમીક્ષા કરી હતી.

# દિવ્યાંગજનોના કલ્યાણ માટે બોટાદમાં વિશેષ કૅમ્પ



બોટાદ જિલ્લામાં દિવ્યાંગજનોના સશક્તીકરણ અને સામાજિક કલ્યાણ માટે મહત્ત્વપૂર્ણ પહેલરૂપે પી.ટી.સી. કૉલેજમાં ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના કેન્દ્રીય રાજ્યમંત્રીશ્રી નિમુબહેન બાંભણિયાના અધ્યક્ષસ્થાને દિવ્યાંગજનો માટે સાધન સહાય વિતરણ કૅમ્પ યોજાયો હતો. આ અવસરે કેન્દ્રીય રાજયમંત્રીશ્રીએ સરકારની દિવ્યાંગજન કલ્યાણ માટેની પ્રતિબદ્ધતા પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સરકાર દિવ્યાંગજનોનું જીવન સરળ બને તે માટે સતત પ્રયત્નશીલ છે અને તેમની સહાયમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે.

જિલ્લા વહીવટી તંત્ર, બોટાદ દ્વારા એલીમેમ્કો તથા ઇન્ડિયન ઓઇલ કૉર્પોરેશનના CSR ફંડથી આયોજિત આ કૅમ્પમાં ૩૧૫ દિવ્યાંગજનોને સહાયપેટે અંદાજે રૂ.૪૪,૩૮,૭૧૭ની કિંમતનાં ૬૨૯ સાધન વિતરિત કરાયાં હતાં, જેમાં ૪૧ મોટર ચાલિત ટ્રાઇસિકલ, ૧૦૭ ટ્રાઇસિકલ, ૩૯ વ્હીલચૅર, ૨૧૮ બૈસાખી, ૫૮ છડી, ૧૭ સુગમ્ય કેન, ૧૪ રોલેટર, ૫ બ્રેઇલ કિટ, ૦૧ ફોલ્ડિંગ બ્રેઇલ કેન, ૪૧ ટી.એલ.એમ. કિટ, ૪૬ બી.ટી.ઈ. ડિજિટલ પ્રકાર શ્રવણ યંત્ર, ૪૨ કૃત્રિમ અંગ સહિતનાં સાધનોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત તેમણે બોટાદના ખસ રોડ ખાતે અંદાજે રૂ. ૪ કરોડના ખર્ચે નિર્માણાધીન ડૉ. આંબેડકર ભવનનું ખાતમુહૂર્ત કર્યું હતું તેમજ બોટાદના સાળંગપુર મંદિરમાં ‘સ્વદેશી વેચાણ અને પ્રદર્શન’ મેળાનો શુભારંભ કરાવી સખી મંડળના વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી.

# ડુમસ સી-ફેસ બનશે સુરતનું નવું ટૂરિસ્ટ આકર્ષણ



સુરત શહેરને ગ્લોબલ સ્માર્ટ સિટી બનાવવાની દિશામાં વધુ એક મહત્ત્વના કદમ અંતર્ગત ડુમસમાં કેન્દ્રીય જળશક્તિમંત્રી શ્રી સી.આર. પાટીલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં રૂ.૧૬૬ કરોડના ખર્ચે સુરત મહાનગરપાલિકાના ડ્રીમ પ્રોજેક્ટ અને સુરતના પ્રવાસન ક્ષેત્રે સીમાચિહ્નરૂપ 'ડુમસ સી-ફેસ ડેવલપમેન્ટ' પ્રોજેક્ટ અંતર્ગત ફેઝ-૦૧નું લોકાર્પણ તેમજ સુરત મહાનગરપાલિકાના કુલ રૂ.૯૨૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રકલ્પોનાં લોકાર્પણ- ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં હતાં.

ડુમસ સી-ફેસ પ્રોજેક્ટને રાજ્યના પ્રવાસન નકશામાં નજરાણા સમાન ગણાવતાં કેન્દ્રીય મંત્રીશ્રીએ કહ્યું કે, આ પ્રોજેક્ટ આગામી સમયમાં સુરતની નવી ઓળખ બનશે. આધુનિક સુવિધાઓથી સજ્જ સી-ફેસ સુરતને આંતરરાષ્ટ્રીય સ્તરના ટૂરિસ્ટ ડેસ્ટિનેશન તરીકે સ્થાપિત કરશે.

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, ડુમસ સી-ફેસ પ્રોજેક્ટ સુરતને વિશ્વકક્ષાએ આગવી ઓળખ અપાવશે. સુરતના નાગરિકોને સહેલાણીઓ માટે આનંદપ્રમોદના કેન્દ્ર સમાન આ વૈશ્વિક પ્રોજેક્ટને સ્વચ્છ, સુઘડ રાખવા અને તેની જાળવણી કરવા અનુરોધ કર્યો હતો.

***ડુમસ બીચ ખાતે ‘ડુમસ સી ફેસ (ફેઝ-૧)’ પ્રોજેક્ટ હેઠળ દરિયા ગણેશ મંદિર, મલ્ટિ-લેવલ કાર પાર્કિંગ, બસ-ટુ વ્હીલર પાર્કિંગ, પ્રોમિનેડ, અર્બન બીચ, યોગ ગ્રાઉન્ડ, બાળકોનું પ્લે ગ્રાઉન્ડ, ઈવેન્ટ ગ્રાઉન્ડ, ચોપાટી સહિત અનેક આધુનિક સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ દક્ષિણ ગુજરાત માટે ટૂરિઝમનું આકર્ષણનું કેન્દ્ર બનશે.***

# ભૂમિ સીમાંકન માટે રાજ્યભરમાં એકસમાન કાર્યપદ્ધતિ

**નિર્ણય :** ખેડૂત કલ્યાણ તરફ રાજ્ય સરકારે વધુ એક નિર્ણય કર્યો છે. પ્રમોલગેશન થયેલા ગામોની માપણીની ક્ષતિ સુધારણા માટે સમગ્ર રાજ્યમાં એક સમાન પદ્ધતિ અને આયોજનબદ્ધ નિકાલ ભૂમિ સીમાંકનથી કરાશે.

**દિશાનિર્દેશો :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં પ્રમોલગેશન થયેલા ગામોમાં માપણી અંતર્ગત રહી ગયેલી ક્ષતિઓની સુધારણાની અરજીઓનો એકસમાન પદ્ધતિ અને આયોજનબદ્ધ ધોરણે નિકાલ હાથ ધરવા માટે ભૂમિ સીમાંકન માટેના સ્પષ્ટ દિશાનિર્દેશો મહેસૂલ વિભાગની ઉચ્ચસ્તરીય બેઠકમાં આપ્યા હતા. ખેતીની જમીનોની માપણીમાં પ્રમોલગેશન પછી ખેડૂતોની વાંધા અરજીઓનો નિકાલ પારદર્શક અને ચોકસાઈપૂર્વક રીતે કરીને ઇઝ ઓફ ડુંઈંગ બિઝનેસને વેગ આપવા સાથે ગ્રામીણ ખેડૂતોના હિતોની રક્ષા કરવાનો ખેડૂત કલ્યાણલક્ષી અભિગમ આ નિર્ણયથી અપનાવ્યો છે. તેમણે ભૂમિ સીમાંકન અંતર્ગત રાજ્યના જિલ્લાઓમાં કલેકટરની અધ્યક્ષતામાં ભૂમિ સીમાંકન સમિતિ કાર્યરત કરવા અને જિલ્લાની ભૂમિ સીમાંકન કામગીરીની સમીક્ષા કરવાની સૂચનાઓ આપી હતી.



મુખ્યમંત્રીશ્રીએ ભૂમિ સીમાંકન અંતર્ગતના માપણી ક્ષતિ સુધારણાના જટિલ પ્રશ્નોનું ત્વરાએ નિવારણ થાય એટલું જ નહિ, રજૂઆતકર્તાને કચેરીએ જવું જ ન પડે તે માટે તાલુકા વિકાસ અધિકારી, મામલતદારોને વધુ સત્તાધિકારો આપીને મોબાઇલ મેજિસ્ટ્રેટ કોર્ટ સમિતિ દ્વારા ગુજરાત જમીન મહેસુલ અધિનિયમની વિવિધ મુજબ કાર્યવાહી કરીને નિવારણ લાવવા પણ સૂચનાઓ આપી હતી. આ ઉપરાંત આવા માપણી ક્ષતિ સુધારણાના મહત્તમ પ્રશ્નોનું નિરાકરણ ભૂમિ સીમાંકનમાં રાજ્યભરમાં એકસમાન કાર્યપદ્ધતિએ ઝડપી અને પારદર્શી રીતે લાવીને લોકોને સુશાસનની સચોટ અને અસરકારક અનુભૂતિ થાય તેવી કામગીરી માટે મહેસુલ વિભાગને સૂચનાઓ આપી હતી.

**કૅટેગરી :** આવી જિલ્લા સ્તરીય સમિતિમાં કલેકટર ઉપરાંત નિવાસી અધિક કલેક્ટર, SLR/ નાયબ નિયામક જમીન દફતર, પ્રાંત અધિકારી, DILR, મામલતદાર, TDO, જમીન સંપાદન અધિકારી, સરદાર સરોવર પુન:વસવાટ એજન્સી કે અન્ય સંપાદક સંસ્થાના પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવશે. ભૂમિ સીમાંકન અંતર્ગત પ્રમોલગેશન બાદ માપણીની ક્ષતિ સુધારણા માટે આવેલી અરજીઓના આયોજનબદ્ધ અને સુચારુ નિવારણ માટે મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશોને પગલે મહેસૂલ વિભાગ દ્વારા સાત જેટલી અલગ-અલગ કૅટેગરી નિયત કરવામાં આવી છે.

# આવાસ વિહોણા પરિવારોને ઘરથાળના પ્લૉટ આપવાની યોજના

**નિર્ણય :** રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોના આવાસ વિહોણા પરિવારોને રહેણાક હેતુ માટે ઘરથાળના નિ:શુલ્ક પ્લૉટ આપવાની યોજના વધુ સરળ તેમજ બૃહદ બનાવવાનો ગરીબલક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે.

**લાભાર્થીઓ માટે પાત્રતા :** ગ્રામીણ વિસ્તારમાં વસતા અને સામાજિક-આર્થિક અને જાતિ આધારીત ગણતરી ૨૦૧૧ (SECC) અથવા કેન્દ્ર અથવા રાજ્ય સરકારની આવાસ યોજનાઓ જેવી કે પ્રધાનમંત્રી આવાસ યોજના, આંબેડકર આવાસ યોજના વગેરે અન્વયે પાત્રતા યાદી તૈયાર કરવાના ઉદ્દેશથી હાથ ધરવામાં આવેલા કોઈ પણ સર્વે અંતર્ગત આવાસ યોજનાઓની સહાય માટે લાયકાત ધરાવતા હોય અથવા પાત્રતા ધરાવતા કુટુંબની યાદીમાં સમાવિષ્ટ કરવાપાત્ર હોય અથવા રાજ્ય કે કેન્દ્ર સરકાર દ્વારા આવાસને લગતી વખતોવખત બહાર પાડવામાં આવનાર આવાસ યોજનાઓની સહાય માટે તે યોજનાનાં ધોરણો મુજબ લાયકાત ધરાવતા હોય તેવા લોકોને આ યોજનાનો લાભ આપવામાં આવશે.



**લાભ :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના આ ગરીબલક્ષી નિર્ણયને પરિણામે આવાસવિહોણા વધુ ગ્રામીણ ગરીબોને આવાસ માટે ઘરથાળનો પ્લૉટ મળતો થશે તેમજ બધા જરૂરતમંદ લાભાર્થીઓને આવરી લઈને આ સેચ્યુરેશન એપ્રોચ પણ સાકાર કરી શકાશે.

# દક્ષિણ ગુજરાતના વિકાસને નવી ગતિ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'જે કહેવુ તે કરવું'નું ધ્યેય સાકાર કર્યું છે તેનું તાજેતરનું જ ઉદાહરણ છે કે તેમના માર્ગદર્શનમાં ગ્રીટ દ્વારા રાજ્યના સર્વાંગી અને સંતુલિત વિકાસ માટે ૬ ગ્રોથ હબ વિકસાવવા દરેક ક્ષેત્રની જરૂરિયાત મુજબ ખૂબ જ ટૂંકા ગાળામાં જે રિજનલ ઈકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર થયા છે. તેમાં દક્ષિણ ગુજરાતના ગ્રોથ હબ તરીકે સુરત ઈકોનોમિક રિજિયન SER માટે રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન માટે સૌ પ્રથમ રૂ. ૧૧૮૫ કરોડ પાયાના કામો મંજૂર કરવામાં આવ્યાં છે.

**સમાવિષ્ટ જિલ્લા :** સ્ટ્રેટેજિક મલ્ટિ ડિસ્ટ્રિક આર્થિક ક્ષેત્રના વિકાસ માટેના ઈકોનોમિક માસ્ટર પ્લાનથી અમૃતકાલ વિઝનને પાર પાડવાના મહત્ત્વપૂર્ણ પરિબળ તરીકે રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન માટે SERના પાંચ જિલ્લાઓમાં કુલ ૩૮૩ કિલોમીટરનાં ૨૪ કામો માટે આ ૧૧૮૫ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. SERમાં સુરત, ભરૂચ, નવસારી, વલસાડ, તાપી અને ડાંગ જિલ્લાનો સમાવેશ થાય છે અને આ વિસ્તારો રાજયના કુલ આર્થિક વિકાસમાં ૩૫ ટકાથી વધુ યોગદાન આપે છે. ગુજરાત@૨૦૪૭નો રોડ મેપ અંતર્ગત "અર્નિંગ વેલ - લિવિંગ વેલ"નું ધ્યેય પાર પાડવા રાજયમાં આર્થિક વિકાસથી અર્થવ્યવસ્થા સુદૃઢ કરવાની જે નેમ મુખ્યમંત્રીશ્રીએ રાખી છે. તેમાં સુરત ઈકોનોમિક રિજિયન લાંબા ગાળાના આર્થિક વિકાસને આગળ ધપાવવાના મુખ્ય વિકાસ કેન્દ્ર તરીકે ઊભરી રહ્યું છે.

**ફાયદાઓ :** મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારત @૨૦૪૭ના સંકલ્પને આ અમૃતકાલમાં વિકસિત ગુજરાત@૨૦૪૭થી સાકાર કરવાનો નિર્ધાર કર્યો છે. આ હેતુસર રાજ્યના સર્વાંગી વિકાસને ગતિ આપવા ગુજરાત રાજય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન- ગ્રીટની રચના કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈનોવેશન, ઈન્ડિવિજુઅલ અને ઈન્સ્ટિટ્યૂશન આધારિત લાંબાગાળાના અને પરિણામલક્ષી વિકાસનું દીર્ઘદૃષ્ટીપૂર્ણ આયોજન કરાયું છે. રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશનથી અનેક ફાયદાઓ થશે

**લોજિસ્ટિક કાર્યક્ષમતા વધશે :** સુરત, તાપી, વલસાડ, ભરૂચ અને નવસારી જિલ્લાના મુખ્ય ઔદ્યોગિક હબ અને જી.આઇ.ડી.સી. વિસ્તારોને જોડતા માર્ગોની સુધારણા થવાથી લોજિસ્ટિક કાર્યક્ષમતા વધશે અને માલસામાન તથા શ્રમિકોની



અવર-જવર વધુ સુગમ થશે. એટલું જ નહીં ટેક્સટાઈલ, કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ અને ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝના વિકાસને મજબૂતી મળશે.

**ઈન્ડસ્ટ્રિયલ એક્સપાન્શન - ઔદ્યોગિક વિસ્તરણ :** SERમાં સમાવેશ થયેલા જિલ્લાઓમાં આ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશનના કારણે ફીશરીઝ, હજીરા પોર્ટ, સુગર ફેક્ટરી, સુમુલ ડેરી, પાપડ ઉદ્યોગ, માઈનિંગ એન્ડ લિગ્નાઈટ પ્રોજેક્ટ જેવાં વિવિધ ઉત્પાદન એકમો ધરાવતા ઔદ્યોગિક ક્ષેત્રને સીધો લાભ મળતો થશે. આ ઉપરાંત કડોદ, કડોદરા, જોલવા, માંગરોળ, કોસંબા અને તડકેશ્વર જેવા મહત્ત્વના જી.આઈ.ડી.સી. વિસ્તારોની કનેક્ટિવિટી મજબૂત થવાથી ઔદ્યોગિક વિસ્તરણ દ્વારા વિકાસને પણ વેગ મળશે.

**કૃષિ પરિવહન સુવિધા સરળ થશે :** SERના જિલ્લાઓની ખેતપેદાશોના પરિવહનમાં ઝડપ આવશે, ખેડૂતો પોતાનાં પાક ઉત્પાદનો તથા ચીજ વસ્તુઓ બજાર સુધી સરળતાથી પહોંચાડી શકશે તેમજ કૃષિ ક્ષેત્રને વધુ પ્રોત્સાહન મળશે.

**પ્રવાસન વિકાસ - ટૂરિઝમ ડેવલપમેન્ટ :** દક્ષિણ ગુજરાત પ્રદેશનાં ધાર્મિક સ્થળોએ આવનારા પ્રવાસીઓને આ સંગીન રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન વધુ સરળતા આપશે. મહાલનાં જંગલો, સાપુતારા, વિલ્સન હિલ જેવાં સ્થળોએ પહોંચવું સુગમ બનવાથી સમગ્રતયા પ્રવાસન પ્રવૃત્તિઓને નવી દિશા મળશે.

**રોજગારી સર્જનના અવસરો :** સુરત ઈકોનોમિક રિજિયનમાં મુખ્યત્વે ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ, પેટ્રોકેમિકલ એન્ડ કેમિકલ, ટેક્સટાઈલ, ફિશરિઝ જેવા પરંપરાગત સેક્ટર્સ ઉપરાંત સેમિકન્ડક્ટર, ગ્રીનહાઈડ્રોજન, લોજિસ્ટિક્સ જેવાં ઊભરતા ક્ષેત્રોના વિકાસની નવી તકો ઊભી થશે.

**આર્થિક વિકાસને નવું બળ :** મુખ્યમંત્રીશ્રીએ SERને વિકસિત ગુજરાત@૨૦૪૭ માટેનું સ્ટ્રેટેજિક ગ્રોથ એન્જિન બનાવવાનો અભિગમ રાખ્યો છે અને ૨૦૪૭ સુધીમાં ૩.૫ ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થા બનાવવાના રાજ્યના વિઝનમાં આ SER જી.એસ. ડી.પી.માં ૩૫% થી વધુ યોગદાન આપે તેવી અપેક્ષા છે. તેમણે SER માટે રોડ ઈન્ફ્રાસ્ટ્ક્યર અપગ્રેડેશનની આપેલી આ મંજૂરીને પરિણામે ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધારિત આર્થિક વિકાસને નવું બળ મળતું થતાં સર્વગ્રાહી વિકાસનાં નવાં સિમાચિહ્નો આ SER સર કરશે.

# આવશ્યક દવાઓની યાદીમાં ૧૫૦ નવી દવાઓ ઉમેરાઈ

**નિર્ણય :** ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટેની આવશ્યક દવાઓની યાદી (EDL)માં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. ગુજરાત મેડિકલ સર્વિસિસ કૉર્પોરેશન લિ. (GMSCL) દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ની ૧,૩૮૬ દવાઓની સમીક્ષા કર્યા બાદ, ૧૫૦ નવી દવાઓનો ઉમેરો કરવામાં આવ્યો છે અને બિનજરૂરી ૫૭ દવાઓ રદ કરવામાં આવી છે, જેના પરિણામે હવે આગામી વર્ષ માટે કુલ ૧,૪૭૯ જેટલી સર્જિકલ અને ડાયગ્નોસ્ટિક સહિતની જરૂરી દવાઓ દર્દીઓને સરળતાથી ઉપલબ્ધ બનશે.

**લાભ :** રાજ્ય સરકાર દર વર્ષે ડ્રગ્સ ફોર્મ્યુલરીની સમીક્ષા કરી તેને અદ્યતન બનાવે છે, જેથી દર્દીઓને આધુનિક અને અસરકારક સારવાર મળી રહે. આ બાબતે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે દવાઓની ખરીદી માટે એસેન્સિયલ ડ્રગ લિસ્ટને રિવાઇઝ કરવામાં આવે છે. EDLમાં સમાવિષ્ટ આ પ્રત્યેક દવા અને સર્જિકલ આઇટમ રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોથી લઈને મેડિકલ કૉલેજ સંલગ્ન હૉસ્પિટલો સુધીના તમામ સ્તરે વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે.

**સમાવિષ્ટ દવાઓ :** રાજ્ય સરકારના એસેન્સિયલ ડ્રગ લિસ્ટમાં પ્રાથમિક કક્ષાની ૩૭૮ દવાઓ, સેકન્ડરી કક્ષાની ૬૨૮ દવાઓ અને ટર્સરી કક્ષાની ૧,૪૭૫ દવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગત વર્ષની સરખામણીએ જીવનરક્ષક દવાઓના ગ્રૂપમાં મોટો વધારો જોવા મળ્યો છે. એન્ટિ-ઈન્ફેક્ટિવ મેડિસિન્સ ૨૦૨થી વધારીને ૨૧૬, શ્વસનતંત્રની દવાઓ ૨૯થી વધારીને ૪૦, આંખની દવાઓ ૫૧થી વધારીને ૫૮, ગેસ્ટ્રો ઈન્ટેસ્ટાઈનલ દવાઓ ૫૨ (બાવન)થી વધારીને ૫૬ તેમજ મેડિકલ ડિવાઈ સિસની સંખ્યા ૨૮૭થી વધારીને ૩૪૯ કરવામાં આવી છે. ઉપરાંત વર્ષ ૨૦૨૫-૨૬ના EDLમાં હૃદયરોગની ૧૧૬, કેન્સરની ૫૬, ન્યૂરોલોજિકલ ડિસઓર્ડર્સની ૭૫ અને માનસિક રોગોની ૪૩ દવાઓ સહિત અનેકવિધ દવાઓનો સમાવેશ કરીને આરોગ્ય સેવાઓને વધુ સુદૃઢ બનાવવામાં આવી છે.

# 'ઍસેટ સેફ્ટી મૉનિટરિંગ પોર્ટલ' અમલી બનશે

**નિર્ણય :** નાગરિકોની સલામતી તથા જાહેર મિલકતોના સંરક્ષણને ટોચની પ્રાથમિકતા આપતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે 'ઍસેટ સેફ્ટી મૉનિટરિંગ પોર્ટલ' અમલી બનાવવાનો નિર્ણય કર્યો છે.

**લાભ :** આ નિર્ણયથી રાજ્યમાં હયાત રોડ, બ્રિજ, બિલ્ડિંગ સહિત તમામ સરકારી તેમજ જાહેર ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું રાજ્યકક્ષાએથી ઇન્ટિગ્રેટેડ મૉનિટરિંગ થશે કે જેથી કોઈ પણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સામાન્ય પ્રજાની સલામતી માટે જોખમકારક ન બને. આ નિર્ણય માત્ર એક ટૅકનિકલ ઇનોવેશન નથી પણ સરકારની સંવેદનશીલતા, પારદર્શકતા તથા સમયબદ્ધ જવાબદારીનો સશક્ત દાખલો છે.

**ઍસેટ્સ હવે ઇન્ટિગ્રેટેડ ડિજિટલ દેખરેખ હેઠળ :** આ નિર્ણય અંતર્ગત રાજ્યના રોડ, બ્રિજ, સરકારી ઇમારતો તથા અન્ય નાગરિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર સહિત ૧.૫૦ લાખથી વધુ જાહેર સંપત્તિઓની હવે એક જ સેન્ટ્રલાઇઝ્ડ ડિજિટલ પ્લૅટફૉર્મ પર નોંધણી થશે. જીઆઈએસ આધારિત લોકેશન, ફોટોગ્રાફ્સ, સંરક્ષક અધિકારીની વિગતો તથા ખાસ ડિજિટલ ઓળખ - આ સંપૂર્ણ વ્યવસ્થા મિલકતોની આવરદાની વૈજ્ઞાનિક તેમજ સતત દેખરેખ સુનિશ્ચિત કરશે. તેનાથી માત્ર વર્તમાન સુરક્ષાની સાથે ભવિષ્યની બાંધકામ પ્રક્રિયા પણ ડેટા આધારિત બનશે.

**પ્રક્રિયા :** ઍસેટ સેફ્ટી મૉનિટરિંગ પોર્ટલના માધ્યમથી કોઈ પણ મિલકતની માળાખકીય નબળાઈ, નિરીક્ષણમાં વિલંબ કે રિપૅરિંગની જરૂરિયાત પ્રત્યે બેદરકારી ન થાય. સ્વચાલિત નિરીક્ષણ કૅલેન્ડર તથા રિયલ-ટાઇમ ઍલર્ટ સિસ્ટિમ વહીવટી તંત્રને સમયસર કાર્યવાહી માટે ફરજ પાડશે. તેના હેઠળ આ એકીકૃત પોર્ટલ પર ફિલ્ડ ઑફિસર્સ ડિજિટલ લૉગ-ઇન વડે નિરીક્ષણ રિપોર્ટ તથા ફોટોગ્રાફ્સ અપલોડ કરશે. જિલ્લા કલેક્ટરો તથા મહાનગરપાલિકા કમિશનરો તેની સાપ્તાહિક, માસિક તથા ત્રિમાસિક સમીક્ષા કરશે. પ્રભારી સચિવો જિલ્લા પ્રવાસ દરમિયાન જરૂરી નિર્દેશો આપશે.

**ઉચ્ચ કક્ષાએથી સીધી નજર :** જીએડીમાં રચાયેલા ડેડિકેટેડ ઍસેટ સેફ્ટી મૉનિટરિંગ સેલ રાજ્ય કક્ષાએ ડેઇલી મૉનિટરિંગ કરશે તથા મુખ્ય સચિવને નિયમિત રિપોર્ટ સોંપશે. આ વ્યવસ્થા ગ્રાઉન્ડ ઇમ્પ્લિમેન્ટેશનની અસરકારકતા સુનિશ્ચિત કરશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો ઍસેટ સેફ્ટી મૉનિટરિંગ પોર્ટલ લાગુ કરવાનો નિર્ણય ગુજરાતના વહીવટી ઇતિહાસમાં એક માઇલસ્ટોન સાબિત થશે. આ પોર્ટલ સલામત, પારદર્શક અને વિશ્વસનીય ગુજરાતના મજબૂત પાયા સમાન છે.

# આદિજાતિ વિસ્તારોને જિલ્લા મુખ્ય મથક સાથે સીધી કનેક્ટિવિટી મળશે

**નિર્ણય :** રાજ્યના આદિજાતિ વિસ્તાર નર્મદા જિલ્લાના ૧૧ જેટલાં ગામોના ૧૮ હજારથી વધુ લોકોને જિલ્લા મુખ્ય મથક અને તાલુકા મથક સાથેની અવરજવરની સરળ સુવિધા માટેનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**મંજૂરી :** નર્મદા જિલ્લામાં ૨ નવા પુલોના નિર્માણ માટે રૂ. ૩૦૨.૪૦ કરોડનાં કામોને મંજૂરી આપી છે. તદનુસાર, નર્મદા જિલ્લાના રેંગણ ઘાટથી રામપુરા ઘાટ ઉપર પુલ માટે રૂ. ૧૨૩.૧૩ કરોડ અને શહેરાવ ઘાટથી તિલકવાડા ઘાટને જોડતા પુલ માટે રૂ. ૧૭૯.૨૭ કરોડ મંજૂર કર્યા છે.

**સવલત :** આદિજાતિ ક્ષેત્ર નર્મદા જિલ્લામાં આ બે પુલના નિર્માણથી ઉત્તર અને દક્ષિણ વિસ્તારના તિલકવાડા, વાસણ, રેંગણ, રામપુરા, માંગરોલ અને શહેરાવ સહિતનાં ગામોમાં વસતા ગ્રામજનોને પણ અવરજવર માટે સુગમતા રહેશે તથા આ વિસ્તારમાંથી શાળા-કૉલેજોમાં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓને ચોમાસામાં પણ આવવા-જવામાં રસ્તાની સવલત મળશે. ઉપરાંત નાંદોદ અને તિલકવાડા તાલુકામાં દર વર્ષે ચૈત્ર માસ દરમિયાન યોજાતી ઉત્તરવાહિની પરિક્રમામાં આવતા લાખો પરિક્રમાર્થીઓને ભવિષ્યમાં આ બંને પુલોનો લાભ મળવાથી કુલ ૧૭ કિલોમીટરનો ફેરાવો ઘટશે અને સમય તથા ઈંધણની પણ બચત થશે.

## પ્રવાસન વિકાસ માટે રૂ. ૨૮.૬૮ કરોડનાં કામો મંજૂર

**નિર્ણય :** રાજ્યના ઐતિહાસિક વારસાને જાળવવા અને યાત્રાધામોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવાના મક્કમ નિર્ધાર સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી દ્વારા એક જ દિવસમાં વિવિધ યાત્રાધામ અને પ્રવાસન સ્થળો માટે અંદાજે રૂ. ૨૮.૬૮ કરોડનાં વિકાસલક્ષી કામોને વહીવટી અને નાણાકીય મંજૂરી આપવામાં આવી છે.

**નાણાંની ફાળવણી :** જૂનાગઢના ઉપરકોટ કિલ્લામાં પ્રવાસી સુવિધામાં વધારવા અને ટૂરિસ્ટ ફૅસિલિટી સેન્ટરના પ્રથમ તબક્કા માટે રૂ. ૧.૦૭ કરોડના ખર્ચને મંજૂરી અપાઈ છે. હર્ષદમાતાના મંદિરના સર્વગ્રાહી વિકાસ માટે સૌથી મોટી રકમ એટલે કે રૂ. ૨૦.૦૯ કરોડનાં કામોનો વર્કઓર્ડર આપવાનો મહત્ત્વનો નિર્ણય લેવાયો છે.

મહેસાણાના શંખલપુર સ્થિત શ્રી ટોડા બહુચરાજી માતાજી મંદિર ખાતે સોલાર સિસ્ટિમ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે રૂ. ૬૦.૬૪ લાખ તેમજ અમરેલીના બગસરા સ્થિત આઈ શ્રી ખોડિયાર મંદિર, સુડાવડ ખાતે સત્સંગ હૉલ, પાર્કિંગ શેડ અને વૉટર વર્ક્સ સહિતનાં કામો માટે રૂ. ૪૯.૮૦ લાખની મંજૂરી આપવામાં આવી છે. વલસાડ જિલ્લાના ઘડોઈ ખાતે આવેલા શ્રી ઘાટકેશ્વર મહાદેવ મંદિરના વિકાસ માટે રિવરફ્રન્ટ ઘાટ, લેન્ડસ્કેપિંગ અને ચિલ્ડ્રન પ્લે એરિયા જેવાં કામો માટે રૂ. ૧.૮૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.

પંચમહાલના ગોધરામાં ગાંધીઆશ્રમના રિનોવેશન માટે રૂ. ૩.૩૬ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે 'ડાંગ દરબાર-૨૦૨૬' ના ભવ્ય આયોજન માટે રૂ. ૧.૨૫ કરોડની રકમ ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## ગિફ્ટ સિટી મેટ્રો કનેક્શન વિસ્તરશે

**નિર્ણય :** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નવી દિલ્હીમાં મળેલી કેન્દ્રીય કૅબિનેટની બેઠકમાં ગિફ્ટ સિટીની કનેક્ટિવિટી વધુ સુગમ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ગુજરાત મેટ્રો રેલ કૉર્પોરેશન લિમિટેડ (GMRC) ના ગિફ્ટ સિટીથી શાહપુર સુધીના હાલના નોર્થ-સાઉથ કૉરિડોરના વિસ્તરણને મંજૂરી આપવામાં આવી છે.

**લાભ :** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી સ્થપાયેલા અને વિશ્વભરમાં ફિનટેક હબ તરીકે ખ્યાતિ મેળવી રહેલા ગિફ્ટ સિટીમાં મલ્ટિનૅશનલ ફિનટેક કંપનીઓ સહિત ગિફ્ટ સિટીમાં કાર્યરત એકમો, શૈક્ષણિક સંસ્થાઓ અને વ્યાપારી કેન્દ્રો તથા અમદાવાદ અને ગિફ્ટ સિટી વચ્ચે દૈનિક મુસાફરી કરતા નાગરિકોને આ કનેક્ટિવિટીનો લાભ મળશે. તે બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાનશ્રી અને કેન્દ્રીય કૅબિનેટનો આભાર માન્યો હતો. વર્તમાન સ્થિતિએ ગુજરાત મેટ્રોના ૬૮.૨૮-કિમી અમદાવાદ મેટ્રો ફેઝ-I {APMC થી મોટેરા સ્ટેડિયમ (નોર્થ-સાઉથ કૉરિડોર) અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ (ઈસ્ટ-વેસ્ટ કૉરિડોર)} અને ફેઝ-II (મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર અને GNLU થી ગિફ્ટ સિટી), કુલ ૫૩ સ્ટેશનો સાથે સપ્ટેમ્બર-૨૦૨૨ (ફેઝ-I) અને જાન્યુઆરી-૨૦૨૬ (ફેઝ-II) થી સફળતાપૂર્વક કાર્યરત કરવામાં આવ્યા છે તેનો લાભ દરરોજ અંદાજે ૧.૬૦ લાખ મુસાફરોને તેનો લાભ મળે છે.

**આયોજન :** કેન્દ્રીય કૅબિનેટે ગિફ્ટ સિટીથી શાહપુર સુધીના ૩.૩૩ કિલોમીટર લાંબા વિસ્તરણને જે મંજૂરી આપી છે તેમાં ત્રણ એલિવેટેડ સ્ટેશનનો સમાવેશ થશે અને અંદાજે ૧૦૬૭.૩૫ કરોડનો આ પ્રોજેક્ટ લગભગ ચાર વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

સંપાદન સહયોગ : સમાચાર શાખા, ગાંધીનગર




# કચ્છી ખારેકને GI-Tag મળતાં ખેડૂતોની સમૃદ્ધિનાં દ્વાર ખૂલ્યાં

*જિજ્ઞા વરસાણી*

કચ્છ શુષ્ક આબોહવા ધરાવતો વિસ્તાર હોવા છતાં કૃષિ વિકાસમાં રાષ્ટ્રીય અગ્રેસર છે. કચ્છ વર્તમાન સમયમાં બાગાયતના હબ તરીકે દેશ-વિદેશમાં જાણીતું બન્યું છે. ખેડૂતોના અથાક પરિશ્રમ, સરકારના બાગાયત વિકાસ કેન્દ્રિત અભિગમ અને કૃષિ વૈજ્ઞાનિકોના પ્રયાસોથી કચ્છ બાગાયતી પાક ક્ષેત્રે અવ્વલ જિલ્લો બન્યો છે, તેમાં પણ કચ્છી ખારેક-સૂકા મેવાને જીઆઇ-ટૅગ પ્રાપ્ત થતાં કચ્છના ખેડૂતો માટે નવી દિશા ખૂલી છે.

સમગ્ર દેશમાં સૌ પ્રથમ કચ્છની ધરતી પર અંદાજે ૪ સદી પૂર્વે ખારેકની ખેતીની શરૂઆત થઈ હતી. દેશી ખારેકને જીઆઇ-ટૅગ (જિયૉગ્રાફિકલ ઇન્ડિકેશન)ની માન્યતા મળતાં, કચ્છની દેશી ખારેક હવે દુનિયાભરની બજારમાં વધારે આદર અને નિકાસલક્ષી માંગ મેળવતી થઈ છે. આ સાથે કચ્છી દેશી ખારેક જીઆઇ-ટૅગની માન્યતા મેળવનાર રણપ્રદેશ કચ્છની સર્વપ્રથમ કૃષિ પેદાશ છે. સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી તેમજ મુન્દ્રા સ્થિત ખારેક સંશોધન કેન્દ્રના સહયોગથી કચ્છી ખારેકને માન્યતા અપાવવા માટે પ્રયાસો થયા હતા. જેમાં વર્ષ ૨૦૨૪માં કચ્છી ખારેકને જીઆઇ-ટૅગની માન્યતા અપાઇ છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ખારેકનું વાવેતર ૧૯,૩૮૭ હેક્ટરમાં થયુ અને ૧,૮૪,૮૩૨ મેટ્રિક ટન ઉત્પાદન નોંધાયું છે.



કચ્છમાં પ્રથમવાર ખારેકની ખેતી મુન્દ્રા તાલુકાના ધ્રબની ધરતી પર શરૂ કરાઈ હતી. ખારેક ઉગાડનાર ખેડૂતને શ્રેષ્ઠ તકનીકી જ્ઞાનથી સજ્જ બનાવવાના હેતુથી સરકારે ઈઝરાયલના ટૅક્નીકલ સહયોગ સાથે કચ્છમાં ખજૂર માટે સેન્ટર ઑફ એક્સલેન્સની સ્થાપના કરી. જે આધુનિક ટૅક્નોલૉજીના નિર્દેશનની સુવિધા સાથે કાર્યરત છે. રાજ્ય સરકાર ખારેકના નવા વાવેતરને પણ પ્રોત્સાહન આપી રહી છે, જેના કારણે ખેડૂતો ઉચ્ચ ટૅક્નોલૉજીથી ખારેકનું ઉત્પાદન કરશે અને જીઆઇ-ટૅગના કારણે ખેડૂતોને સ્પર્ધાત્મક બજારમાં સારા ભાવ મળી રહ્યા છે અને કચ્છના ખેડૂતો સમૃદ્ધ બની રહ્યાં છે. કચ્છના મુન્દ્રા, અંજાર, ભુજ, માંડવી તથા નખત્રાણામાં તેનું વધુ વાવેતર થાય છે.




ખારેકને તમામ પ્રકારની જમીન અનુકૂળ આવે છે પરંતુ જમીનની ગુણવત્તાની સીધી અસર ઉત્પાદન પર થાય છે. ખારેક ખારાશ વિનાની જમીન અને પાણીમાં પણ થઈ શકે છે અને જેટલી સારી જમીન અને પાણી મળે તેટલું સારું ઉત્પાદન મળી શકે છે. ખારેક એ બાગાયતી પાકોમાં સૌથી વધુ ખારાશ સહન કરી શકતો પાક છે. આ પાક લગભગ ૬૦૦૦ ટી.ડી.એસ સુધી ખારાશ સહન કરી શકે છે. કચ્છના ખારેક સંશોધન કેન્દ્ર પાસે ખારેકનું જર્મપ્લાઝમ કલેક્શન છે, જેમાં કચ્છના લોકલ તથા વિદેશી એમ મળીને કુલ ૨૦૭ જર્મપ્લાઝમનો સંગ્રહ છે. ત્યાં વિદેશની ૧૭ જાતોનું વાવેતર કરેલું છે.

મુન્દ્રા ખારેક સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, કચ્છની વિશિષ્ટતાના કારણે અહીંની ખારેક તેના મીઠા સ્વાદ, મુલાયમ ટેક્સ્ચર, રંગ, કદ, આકાર અને ઉચ્ચ પોષક તત્ત્વો માટે જાણીતી છે, તેને જીઆઇ-ટૅગ મળતાં, તેના બ્રાન્ડિંગ અને નિકાસને પ્રોત્સાહન મળ્યું છે. ઉપરાંત ગુજરાતના કૃષિ અને સાંસ્કૃતિક વારસાને વૈશ્વિક ઓળખ મળી છે.

# કરલીના ખેડૂતની કમાલ, વર્ષે રૂ. ૫ લાખની આવક

મહેસાણાના ઊંઝા તાલુકાના કરલી ગામના ખેડૂત રમેશભાઈ સુથાર પ્રાકૃતિક કૃષિ દ્વારા દેણપ ગામે આવેલી તેમની જમીનમાં બાગાયતી અને શાકભાજીના વિવિધ પાકો ઉગાડી વર્ષે આશરે રૂ. ૪થી ૫ લાખની આવક મેળવી રહ્યા છે.

રમેશભાઈએ વર્ષ ૨૦૦૩થી ૨૦૧૨ દરમિયાન વૈજ્ઞાનિકોની ભલામણ મુજબ ખેતી કરી હતી. તેમણે જૂનાગઢ, દાંતીવાડા, નવસારી અને આણંદ જેવી કૃષિ યુનિવર્સિટીઓમાં ઑર્ગેનિક ફાર્મિંગ, ઇન્ટિગ્રેટેડ પેસ્ટ મૅનેજમેન્ટ, નીંદણ નિયંત્રણ અને ઔષધીય પાકોની તાલીમ મેળવેલી છે. વર્ષ ૨૦૧૨માં પ્રાકૃતિક કૃષિ અંગેની શિબિરોમાં હાજરી આપ્યા બાદ તેમણે મિશ્રક્રોપિંગમાં (મિશ્ર પાકોમાં) બાગબાની મૉડલમાં પપૈયાની ખેતીની શરૂઆત કરી ત્યારબાદ ચીકુ, જામફળ, સરગવો, કેળાં, ફાલસાં, લીંબુ, આંબા અને કરમદાં જેવા પાકો લીધા.



હાલમાં તેઓ પપૈયાં, મૂળા, ગાજર, બીટ, કોબી, ટામેટાં, ધાણા, પાલક, મરચાં, આદુ, લસણ અને હળદર જેવી શિયાળુ શાકભાજી તેમજ વરિયાળી અને પીળા સરસવનું વાવેતર કરે છે. તેઓ FPO મારફતે ખેડૂતોને સંગઠિત કરી બજાર સુધી સારો ભાવ મેળવવામાં મદદ કરે છે.

તેમની પાસે એક કાંકરેજી ગાય છે, જેના છાણ અને મૂત્રથી તેઓ જીવામૃત, બીજામૃત અને ઘનજીવામૃત તૈયાર કરે છે. સરકારની દેશી ગાય નિભાવ યોજના હેઠળ માસિક રૂ. ૯૦૦ સહાય ઉપરાંત તાર ફેન્સિંગ યોજના તેમજ મિની ટ્રેક્ટર માટે મળતી સબસિડી તેમને મળી છે. રમેશભાઈનું કહેવું છે કે, પ્રાકૃતિક કૃષિ અપનાવી ઓછા ખર્ચે વધુ આવક અને જમીન સ્વસ્થ રાખવી શક્ય છે.

# ગોડાઉન સુવિધા : ઉત્પાદન સુરક્ષિત, ખેડૂતો નિશ્ચિંત

અઢળક પ્રાકૃતિક ઉત્પાદન થયા બાદ તેનું યોગ્ય વેચાણ ન થવું ખેડૂતો માટે મોટો પડકાર છે, પરંતુ વલસાડ સહિતના જિલ્લાઓમાં હવે આ સમસ્યા ઘટી છે, જેનું જીવંત ઉદાહરણ મહિલા ખેડૂત ઊર્મિલાબહેન પટેલ છે. છેલ્લાં પાંચ વર્ષથી પ્રાકૃતિક ખેતી અપનાવનાર ઊર્મિલાબહેને આત્મા પ્રોજેક્ટની તાલીમથી પ્રેરાઈ રાસાયણિક ખેતી સંપૂર્ણ બંધ કરી દીધી છે. આજે તેઓ આત્મવિશ્વાસ સાથે પ્રાકૃતિક પદ્ધતિથી ઉત્પાદન કરી અન્ય ખેડૂતો માટે પ્રેરણાસ્રોત બની રહ્યાં છે.



ઊર્મિલાબહેન જાતે જીવામૃત, ઘનજીવામૃત, બ્રહ્માસ્ત્ર, નિમાસ્ત્ર અને દશપર્ણી અર્ક તૈયાર કરે છે. અઠવાડિયામાં બે દિવસ તેઓ પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણ માટે હાજર રહે છે, જ્યાં જીવામૃત સાથે વાલ, લાલ કળાના ચોખા, તુવર અને અન્ય અનાજ-કઠોળનું વેચાણ કરે છે.

આત્મા પ્રોજેક્ટ દ્વારા કોટલાવ ગામના ખેડૂત તાલીમ કેન્દ્રમાં પ્રાકૃતિક ખેતપેદાશ વેચાણની ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. અહીં રોજ મોટી સંખ્યામાં લોકોની અવરજવર હોવાથી ખેડૂતોનો પાક ઝડપથી વેચાઈ જાય છે. બચેલો પાક સુરક્ષિત રાખવા આત્મા પ્રોજેક્ટ દ્વારા ગોડાઉનની સુવિધા મળતાં ઊર્મિલાબહેન સહિતના ખેડૂતોની ચિંતા હળવી થઈ છે. તેઓ પોતાના ગામના ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી અપનાવવા પ્રેરણા આપે છે અને માને છે કે, આવનારી પેઢી માટે પ્રાકૃતિક ખેતી જ શ્રેષ્ઠ માર્ગ છે.

સંપાદન સહયોગ : શિવરામ આલ, સ્મિતા ચૌહાણ, જિજ્ઞેશ સોલંકી

# શબ્દ રમત

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| શ | ર | મા | વું | વ | ન | ક | બુ | લૂ |
| રૂ | રૂ | ર્ખ | રા | હિ | ત | શ | ર | માં |
| ક | મૂ | દ | ધ | મ | માં | ર | સ | વું |
| ર | લ્ય | બૂ | મ | મ | તો | છે | મ | મ |
| વું | હિ | સ્વી | કા | ર | વું | ત | જા | સ |
| ધ્યા | ન | કા | વ | દ | હ | રા | વ | વું |
| લ્ય | કો | ન | વું | થ | વા | વું | વું | જા |
| હ | ક | બૂ | લ | વું | લે | વ | રા | મૂ |
| વા | છે | ત | શ | રૂ | વ | ફો | કા | ન |

નોંધ : (મિત્રો, આ શબ્દ રમત ‘રૂઢિપ્રયોગ વિશે’ છે.)

૧. અક્કલ ફૂટવી - રૂઢિપ્રયોગનો અર્થ ......... બનવું થાય છે.

૨. ભૂ પાઈ દેવું : ...............

૩. ઊંચો જીવ થવો : ............મન ન લાગવું

૪. મીંડું વળવું : ...............

૫. દમ ભિડાવવો : ...............

૬. ધાપ ખાવી : ...............

૭. એકડા વગરનાં મીંડાં : તદન વ્યર્થ, અથવા ..................

૮. મંત્ર ફૂંકવો : ...............અથવા ચેતવવું

૯. કાને લેવું : ...........પર લેવું.

૧૦. ‘હેઠું જોવું’ નો અર્થ ............... થાય.

૧૧. હઠ ઉપર આવવું : ............... કરવી

૧૨. ‘હાથ પર લેવું’ એટલે કે. ...............

૧૩. હકાર ભણવો : ...............

૧૪. માથે ચઢાવવું : ...............

૧૫. માથે નાખવું : એટલે .............. કરવું અથવા સોંપવું.

**૧. મૂર્ખ, ૨. હરાવવું, ૩. કામમાં, ૪. રદ થવું, ૫. ધમકાવવું, ૬. છેતરાવું, ૭. મૂલ્યહિન, ૮. સમજાવવું, ૯. ધ્યાન, ૧૦. શરમાવું ૧૧. મમત, ૧૨. શરૂ કરવું ૧૩. કબૂલવું, ૧૪. સ્વીકારવું, ૧૫. હવાલે**



# વિરુદ્ધ આહાર : અજાણતાં કરાતી દૈનિક ભૂલો

*ડૉ. શીતલ ભાગીયા*

આવો, હેલ્થ ટિપ્સ અંતર્ગત વીર્ય, પાક, ક્રમ, ઉપચાર અને પ્રકૃતિ તેમજ સંસ્કાર વિરુદ્ધ આહાર વિશે વિસ્તૃત માહિતી મેળવીએ.

**વીર્ય વિરુદ્ધ :** ઉષ્ણ અને શીત ગુણ ધરાવતા પદાર્થોનો સંયોગ કરવો, જેમકે માછલી (ઉષ્ણ) અને દૂધ (શીત) એકસાથે ખાવા. ગરમ ખોરાક પછી તરત જ આઈસક્રીમ કે ઠંડા પદાર્થો ખાવા. પિત્ઝા કે ફાસ્ટ ફૂડ સાથે લેવામાં આવતા વિવિધ જાતનાં કોલ્ડડ્રિંક્સ વીર્ય વિરુદ્ધ બને છે.

**પાક વિરુદ્ધ :** અયોગ્ય રીતે પકવેલ આહારનું સેવન કરવું, કાચા ન ખવાય તેવા પદાર્થો કાચા ખાવા, બરાબર પકવ્યા વગરનો અર્ધપક્વ ખોરાક લેવો, તેમજ અતિપક્વ બળેલો ખોરાક લેવો પાક વિરુદ્ધ બને છે.

**ક્રમ વિરુદ્ધ :** આહાર લેવાનો અયોગ્ય ક્રમ અથવા ન કરવા યોગ્ય વિહાર કરવો. ભોજન પછી તરત જ ભારે વ્યાયામ, ભારે ખોરાક લીધા પછી તરત જ સૂઈ જવું. ગરમ ભોજન પછી તરત જ ઠંડુ પાણી પીવું, ભૂખ ન લાગી હોય છતાં ફરીથી જમવું વગેરે ક્રમ વિરુદ્ધ આહાર બને છે. જમીને તરત ચાલવા નીકળવું ક્રમ વિરુદ્ધ બને છે.

**ઉપચાર વિરુદ્ધ :** રોગની સ્થિતિમાં અયોગ્ય આહાર અથવા જીવનશૈલી અપનાવવી. જેમકે તાવમાં દહીં અથવા ભારે આહાર લેવો, કફ રોગમાં દૂધ અને મીઠાઈ વધુ લેવાં, વાયુના રોગમાં ઠંડી વસ્તુનું સેવન કરવું. ઘી લીધા પછી ઠંડુ પાણી લેવું, વગેરે ઉપચાર વિરુદ્ધ આહાર બને છે.

**પ્રકૃતિ વિરુદ્ધ :** વ્યક્તિની દોષપ્રકૃતિ પ્રમાણે અયોગ્ય આહાર, જેમકે પિત્ત પ્રકૃતિ ધરાવતી વ્યક્તિએ ખૂબ તીખો, ખાટો અને ગરમ આહાર લેવો. કફ પ્રકૃતિમાં વધારે પડતી મીઠાઈ અને દહીં લેવાં પ્રકૃતિ વિરુદ્ધ આહાર ગણાય છે.

**સંસ્કાર વિરુદ્ધ :** અયોગ્ય પ્રક્રિયા અથવા પદ્ધતિથી તૈયાર કરેલો આહાર, જેમકે મધને ગરમ કરવું. (મધને ક્યારેય ઉકાળવું કે ગરમ વસ્તુમાં નાખવું જોઈએ નહીં. ગરમ કરવાથી મધમાં રહેલાં તત્ત્વો ઝેરી બની જાય છે), વજન ઘટાડવા ગરમ પાણીમાં મધ નાખીને લેવું સંસ્કાર વિરુદ્ધ બને છે.

**દહીંને ગરમ કરવું :** દહીંને ક્યારેય વઘારવું કે ગરમ કરવું ન જોઈએ, ઘી વારંવાર ગરમ કરવું, તળવા માટે ઉપયોગમાં લીધેલું તેલ ફરીથી ઉપયોગમાં લેવું વગેરે પણ વિરુદ્ધ બને છે.

# જીનોમ એડિટિંગ (CRISPR) : બીમારીઓનો જડમૂળથી નાશ કરવાની જૈવિક ક્રાંતિ

જિગર ખુંટ

કલ્પના કરો કે કોઈ બાળકના જન્મ પહેલાં જ ખબર પડી જાય કે તેને ભવિષ્યમાં કોઈ આનુવંશિક બીમારી થવાની છે, અને ડૉક્ટરો કમ્પ્યૂટરમાં ટેક્સ્ટ એડિટ કરતા હોય તેમ તેના શરીરમાંથી એ ખામીને દૂર કરે ! આ કોઈ વિજ્ઞાન પર આધારિત ફિલ્મની પટકથા નથી પરંતુ વાસ્તવિકતા છે. આ કરામત, CRISPR (ક્રિસ્પર) નામની ટેક્નૉલોજીની છે. તેને વિજ્ઞાન-જગતમાં 'આણ્વિક કાતર' (Molecular Scissors) કહેવાય છે. તો ચાલુ 'ઝૂમ ઇન' કરીએ આ ટેક્નૉલોજીમાં...

**જીનોમ એડિટિંગ એટલે શું? :** શરીરની રચનાનું સંપૂર્ણ 'મૅન્યુઅલ' આપણા DNAમાં છુપાયેલું છે. ડીએનએમાં રહેલા ચોક્કસ ભાગને 'જનીન' (Gene) કહે છે. ક્યારેક આ જનીનોમાં ખામી સર્જાતા કૅન્સર, સિકલસેલ ઍનિમિયા કે ડાયાબિટીસ જેવી બીમારીઓ થાય છે. જીનોમ એડિટિંગ પદ્ધતિ દ્વારા વૈજ્ઞાનિકો સજીવના ડીએનએમાં ફેરફાર કરી, તેના ચોક્કસ હિસ્સાને હટાવી, તેની જગ્યાએ નવો-તંદુરસ્ત હિસ્સો ઉમેરે છે.

**CRISPR કેવી રીતે કામ કરે છે?**

CRISPR (Clustered Regularly Interspaced Short Palindromic Repeats) એ કુદરતમાંથી પ્રેરણા લઈને વિકસાવેલી ટેક્નોલૉજી છે. બૅક્ટેરિયા પોતાના પર હુમલો કરનાર વાઇરસને યાદ રાખવા માટે આ પદ્ધતિ વાપરતા હતા. વિજ્ઞાનીઓએ તેને લૅબોરેટરીમાં વિકસાવી. તેના બે ભાગ છે: (૧) Cas9 એન્ઝાઇમ: આ કાતર જેવું કામ કરે છે જે ડીએનએને કાપે છે. (૨) ગાઇડ RNA: આ GPS જેવું કામ કરે છે, જે કાતરને બરાબર એ જ જગ્યાએ લઈ જાય છે જ્યાં ખામીયુક્ત જનીન છુપાયેલો હોય. જ્યારે આ જોડી શરીરમાં મોકલવામાં આવે, ત્યારે તે ચોક્કસ ટાર્ગેટ પર પહોંચીને ખરાબ જનીનને કાપી નાખે છે. ત્યારબાદ શરીરની પોતાની રિપેરિંગ સિસ્ટિમ સ્વયં જ તે જગ્યાએ તંદુરસ્ત જનીન જોડી દે છે.

**શું બદલાશે?** CRISPR ટેક્નોલૉજી તબીબી ક્ષેત્રે 'ગેઇમ ચેન્જર' બની શકે છે. આનુવંશિક રોગો જે પેઢી દર પેઢી ઊતરે છે, તેનો જડમૂળથી નાશ થઈ શકે છે. વૈજ્ઞાનિકો દર્દીઓના રોગપ્રતિકારક કોષોને CRISPR દ્વારા 'એડિટ' કરી રહ્યા છે જેથી તે કોષો કૅન્સરના કોષોને શોધીને તેનો નાશ કરી શકે. જનીન ખામીને કારણે આવતા અંધાપાને મટાડવાની ટેક્નોલૉજીથી અંધાપો દૂર કરી શકાશે.

CRISPR સાથે ગંભીર પ્રશ્નો જોડાયેલા છે, જેમકે શું લોકો પોતાના બાળકના દેખાવ, બુદ્ધિ કે શક્તિ વધારવા માટે આ ટેક્નોલૉજીનો દુરુપયોગ કરશે? જો ભ્રૂણ (Embryo)માં ફેરફાર કરવામાં આવે, તો તે ફેરફારો આવનારી તમામ પેઢીઓમાં ઊતરે. વિશ્વભરના દેશો આ ટેક્નોલૉજીના ઉપયોગ માટે નિયમો બનાવી રહ્યા છે. ભારત સરકારે પણ જીનોમ એડિટિંગના સંશોધન માટે માર્ગદર્શિકા જાહેર કરી છે, જેથી તેનો ઉપયોગ માત્ર જીવલેણ બીમારીઓ મટાડવા માટે જ થાય. વર્ષ ૨૦૨૦માં આ શોધ માટે ઇમૅન્યુઅલ ચાર્પેન્ટિયર અને જેનિફર ડૌડનાને નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.



# ડબલ સૅન્ચુરી રક્તદાન : સમાજને સમર્પિત જીવન ડૉ. સિમ્પીનો રક્તસેવા સંદેશ

**અરુણા ડાવરા**

કોઈ મંદિરની દાનપેટીમાં મુકાયેલું નાણું કદાચ એક દિવસ કામ આવે, પણ રક્તદાનમાં આપેલ લોહી કોઈનું મહામૂલું જીવન અવશ્ય બચાવશે

આજના વ્યસ્ત જીવનમાં જ્યારે માણસ પાસે પોતાના માટે પણ સમય નથી, ત્યારે એક વ્યક્તિ એવી છે જેણે પોતાનાં સમય અને રક્ત સમાજને અર્પણ કરીને “માનવતા”ને જીવંત રાખી છે. અમદાવાદ-ગાંધીનગરમાં ડબલ સૅન્ચુરી એટલે કે ૨૨૨ વખત રક્તદાન કરીને ચોથો ક્રમ હાંસલ કરનાર, સરકારમાં સેવારત ડૉ. શશાંક સિમ્પી રક્તદાતા તરીકે અન્ય માટે પ્રેરણારૂપ બન્યા છે.

આજના વૈજ્ઞાનિક યુગમાં અનેક વસ્તુઓ કૃત્રિમ રીતે બનાવવી શક્ય બની છે, પરંતુ રક્તનું ઉત્પાદન કોઈ લૅબોરેટરીમાં થઈ શકતું નથી; રક્ત મેળવવાનો એકમાત્ર સ્રોત રક્તદાન જ છે. MBBSની વિદ્યાર્થીલાઇફ દરમિયાન ઇન્ટર્નશિપમાં એક સગર્ભા માતાને ડિલિવરી બાદ ડિસેમિનેટેડ ઇન્ટ્રાવાસક્યુલર કોએગ્યુલેશન (ડી.આઈ.સી) કોમ્પ્લિકેશન થતાં લોહીની તાત્કાલિક જરૂર પડી. એ ક્ષણે ૨૨ વર્ષના શશાંકે પ્રથમ વખત રક્તદાન કર્યું હતું. એ ક્ષણથી શરૂ થયેલી સેવાયાત્રામાં તેમણે ૬૮ વખત હોલ બ્લડ ડોનેશન અને ૧૫૪ વખત સિંગલ ડોનર પ્લેટલેટ (SDP) ડોનેટ કરીને કુલ ૨૨૨ વખત રક્તદાન કર્યું છે.

વર્ષ ૨૦૧૬થી તેમણે રક્તદાન કૅમ્પ યોજવાનો સંકલ્પ કર્યો. તેઓ હાલ લોકભવનમાં ચિકિત્સક તરીકે કાર્યરત છે. ત્યાં રાજ્યપાલ આચાર્ય શ્રી દેવવ્રત અને લેડી ગવર્નર શ્રીમતી દર્શનાદેવીજીના જન્મદિવસ નિમિત્તે મહા રક્તદાન કૅમ્પ યોજવામાં આવે છે, જેનું સંચાલન ડૉ સિમ્પી કરે છે. અત્યાર સુધીમાં લોકભવનમાં તેમણે ૧૫ મહા રક્તદાન કૅમ્પનું સંચાલન કર્યું છે, જે દ્વારા ૧૦,૭૯૦ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું છે. આ એકત્ર થયેલ રક્ત, જ્યાં લોહીની અછત રહેતી હોય છે તેવી હૉસ્પિટલોમાં પહોંચાડવામાં આવે છે.

ડૉ. સિમ્પીનું માનવું છે કે, જો આપણો થોડા સમય અને થોડા લોહીથી કોઈનો જીવ બચી શકે, તો એથી મોટું પુણ્ય બીજું કયું હોઈ શકે? લોકોમાં રક્તદાન અંગેની ખોટી માન્યતાઓ દૂર કરવાની અપીલ કરતા તેઓ કહે છે કે, ૧૮થી ૬૫ વર્ષની વય, ૪૫ કિલોથી વધુ વજન ધરાવનાર અને 12.5 g/dL હિમોગ્લોબિન ધરાવનાર સ્વસ્થ વ્યક્તિ નિર્ભય પણે રક્તદાન કરી શકે છે. જ્યારે ૧૮થી ૬૦ વર્ષના લોકો કૅન્સર પીડિત દર્દીને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ પછી તેનો જીવ બચાવવા મદદરૂપ સિંગલ ડોનર પ્લેટલેટ (SDP) માટે રકતદાન કરી શકે છે. ડોનેશન પહેલાં હળવો ખોરાક, પૂરતું પાણી અને આરામ જરૂરી છે, જ્યારે ડોનેશન પછી થોડો આરામ અને ૨૪ કલાક ભારે કામ ટાળવું જોઈએ. જ્યારે પણ રક્તદાન કરવા જાઓ, ત્યારે એક નવા દાતાને સાથે લઈ જવા જોઈએ.

રકતદાનને સૌથી મોટી માનવસેવા માનનારા ડૉ. સિમ્પીનું માનવું છે કે, જીવનમાં સંઘર્ષને ક્યારેય ભૂલવો નહીં. શૂન્યમાંથી સર્જન થયા બાદ પણ ભૂતકાળને નજર સમક્ષ રાખવો જોઈએ અને સમાજે આપેલું સમાજને પરત આપવું એ સમાજને સાચું ઋણ ચૂકવવા જેવું છે. સેવારત ડૉ. સિમ્પીના આવા ઉમદા વિચારોને સલામ.

**આયર્ન, વિટામિન-સી અને ફોલિક ઍસિડથી ભરપૂર આહાર લોહીની ટકાવારી જાળવી રાખે છે.**



# ગુજરાત પાક્ષિક ક્વિઝ

- મૃગેશ એસ. દવે

૧. નીચેનામાંથી કયા જિલ્લામાં ગુજરાત સેમિકનેક્ટ કૉન્ફરન્સ ૨૦૨૬નું આયોજન થયું હતું?
(A) રાજકોટ (B) સુરત
(C) ગાંધીનગર (D) અમદાવાદ

૨. ગુજરાત સેમિકનેક્ટ કૉન્ફરન્સ ૨૦૨૬માં કઈ STI નીતિ (૨૦૨૬-૨૦૩૧) જાહેર કરાઈ ?
(A) ઈન્ફોર્મેશન (B) ઈનોવેશન
(C) ઈન્ડસ્ટ્રી (D) ઈન્ટીગ્રેશન

૩. STI નીતિ ૨૦૨૬-૨૦૩૧નો એક અગત્યનો ભાગ રૂ. .......... કરોડનું સ્વદેશી અનુસંધાન ફંડ છે.
(A) ૧૦૦ (B) ૭૫૦ (C) ૫૦૦ (D) ૧૦૦૦

૪. વડાપ્રધાનશ્રીએ દેશવ્યાપી HPV રસીકરણ અભિયાનનો પ્રારંભ ક્યાંથી કરાવ્યો?
(A) ભોપાલ (B) મંડી (C) સાણંદ (D) અજમેર

૫. ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન સેન્ટરનું નામકરણ ............... સભાપુરમ્ કરવામાં આવ્યું.
(A) વિદ્યાગૌરી નીલકંઠ (B) ધીરુબહેન પટેલ
(C) શારદાબહેન મહેતા (D) સાવિત્રીબાઈ ફૂલે

૬. ........ જિલ્લાના પીપરાળા ગામે શ્રી વીર યદુવંશી દગાયચાદાદા મંદિરનો પુનઃપ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાઈ ગયો.
(A) બનાસકાંઠા (B) સાબરકાંઠા
(C) મહેસાણા (D) પાટણ

૭. UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષા ૨૦૨૫માં ગુજરાતના કુલ કેટલા તેજસ્વી ઉમેદવારો ઉત્તીર્ણ થયા છે?
(A) 29 (B) 30 (C) 32 (D) 34

૮. મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિમોચન થયેલા 'Shaping Tomorrow's Cities - From Climate Risk to Green Opportunities' પુસ્તકના લેખકનું નામ જણાવો.
(A) સુશ્રી શાલિની અગ્રવાલ (B) શ્રી તુષાર સુમેરા
(C) શ્રી અશ્વિન પાટીલ (D) ડૉ. આનંદ પટેલ

૯. ગુજરાતના કયા મેળાના સાંસ્કૃતિક મહત્ત્વને ઉજાગર કરવા માટે ટપાલ ટિકિટનું અનાવરણ થયું?
(A) ભવનાથનો મેળો (B) ડાંગ દરબાર
(C) ક્વાંટ ગેર મેળો (D) તરણેતરનો મેળો

૧૦. વંદે માતરમ્ મેમોરિયલ નીચેનામાંથી કયા જિલ્લામાં આવ્યું?
(A) વાવ થરાદ (B) પાટણ
(C) બનાસકાંઠા (D) કચ્છ

૧૧. અંતરિક્ષમાં ૬ નવી આકાશગંગા શોધનાર આણંદની દીકરીનું નામ શું છે?
(A) એકતા શાહ (B) રૂચિ ત્રિવેદી
(C) આરોહી પાઠક (D) પાયલ અમીન

૧૨. રાષ્ટ્રીય ચિત્ર સ્પર્ધા-૨૦૨૪માં પ્રથમ ક્રમ મેળવનાર ગાંધીનગરના બાળકનું નામ શું છે?
(A) જય મોદી (B) પ્રિન્સ વર્મા
(C) ભાવિન ઉપાધ્યાય (D) સહજ રામાણી

૧૩. છેલ્લા બે દાયકામાં રાષ્ટ્રીય જીડીપીમાં ગુજરાતનું યોગદાન ૫.૧ ટકાથી વધીને કેટલા ટકા થયું છે?
(A) ૬.૧ (B) ૮.૩ (C) ૫.૯ (D) ૭.૬

૧૪. જે ગામમાં છેલ્લા ...... વર્ષમાં અકસ્માત સિવાયનો કોઈ પણ ગુનો નોંધાયો ન હોય તેને પાવનગામ તરીકે પસંદ કરવામાં આવે છે.
(A) એક (B) બે (C) ત્રણ (D) પાંચ

૧૫. દક્ષિણ ગુજરાતના ગ્રોથ હબ તરીકે ઓળખાતા સુરત ઈકોનોમિક રિજીયનમાં નીચેનામાંથી કયા જિલ્લાનો સમાવેશ થતો નથી?
(A) વલસાડ (B) તાપી (C) ડાંગ (D) નર્મદા

૧૬. ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૫-૨૬ માટે આવશ્યક દવાઓની યાદીમાં ........ દવાઓ ઉમેરી અને બિનજરૂરી ........ દવાઓ રદ કરી.
(A) 150, 57 (B) 170, 59
(C) 190, 56 (D) 110, 23

૧૭. વ્હાલી દીકરી યોજના હેઠળ લાભાર્થી દીકરીને ત્રણ તબક્કામાં કુલ કેટલી રકમની સહાય કરવામાં આવે છે?
(A) રૂ. ૧,૧૦,૦૦૦ (B) રૂ. ૧,૦૫,૦૦૦
(C) રૂ. ૧, ૦૦,૦૦૦ (D) રૂ. ૭૫,૦૦૦

૧૮. રાજ્યપાલશ્રીની ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ નીચેનામાંથી કયા સ્થળે યોજાઈ ગયો?
(A) દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી (B) નવસારી કૃષિ યુનિવર્સિટી
(C) મહાત્મા મંદિર, ગાંધીનગર (D) ગુજરાત વિધાનસભા

૧૯. ગુજરાતે વર્ષ ૨૦૩૦ સુધીમાં STI ક્ષેત્રમાં ખર્ચને GSDPના ......... ટકા સુધી વધારવાનું લક્ષ્ય બનાવ્યું છે.
(A) 1 (B) 1.25
(C) 0.75 (D) 0.5

૨૦. રાજ્યમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર મુખ્ય સેવિકા આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને કયો એવોર્ડ આપવામાં આવે છે?
(A) જિજાબાઈ એવોર્ડ (B) માતા યશોદા એવોર્ડ
(C) સુરમ્યા એવોર્ડ (D) કૌશલ્યા એવોર્ડ

**જવાબ: 1(C), 2(B), 3(D), 4(D), 5(A), 6(D), 7(D), 8(A), 9(C), 10(D), 11(A), 12(D), 13(B), 14(C), 15(D), 16(A), 17(A), 18(D), 19(A), 20(B)**

*ગુજરાત ક્વિઝ અંગે આપના પ્રતિભાવ gujaratmagazine@gmail.com પર મોકલવા વિનંતી છે.*

## વ્હાલી દીકરી યોજના : ઘરબેઠાં અરજી કરવાનું સરનામું

# ઇ-મહિલા કલ્યાણ પોર્ટલ

**હર્ષદ રુપાપરા**

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે 'બેટી બચાવો, બેટી પઢાવો'નો મંત્ર આપ્યો ત્યારે તેમણે દીકરીઓને રાષ્ટ્રના નિર્માણમાં ભાગીદાર બનાવવાનું સપનું જોયું હતું. વડાપ્રધાનશ્રીના આ જ સંકલ્પને સાકાર કરવા માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્યમાં દીકરીઓના જન્મને વધાવવા અને તેમના શિક્ષણ તેમજ ઉજ્જ્વળ ભવિષ્ય માટે 'વ્હાલી દીકરી યોજના' આશીર્વાદરૂપ સાબિત થઈ છે. આ યોજનાનો લાભ પારદર્શી, ઝડપી અને સરળ રીતે નાગરિકોને મળી રહે તે માટે ડિજિટલ ટૅક્નોલૉજીના ઉપયોગથી ઇ-મહિલા કલ્યાણ પોર્ટલ (emahilakalyan.gujarat.gov.in) કાર્યરત છે.

આ યોજનામાં લાભાર્થી દીકરીને ત્રણ તબક્કામાં કુલ રૂ. ૧,૧૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે, સહાય ઉપરાંત લાભાર્થી દીકરીનાં માતા-પિતા પૈકી કમાનાર વ્યક્તિના અવસાનના કિસ્સામાં રૂ.૧૦,૦૦૦ની વીમા-સહાય પણ આપવામાં આવે છે.

### કઈ રીતે અરજી કરશો ?

૧. અરજદારે કોઈ પણ બ્રાઉઝરમાં https://emahilakalyan.gujarat.gov.in વેબસાઇટ પર જઈ "સાઇન-અપ" મેનુ પર ક્લિક કરી ઑનલાઇન રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.

૨. અરજદારે પોતાની પ્રાથમિક માહિતી ભરીને મોબાઈલ નંબર અને ઈ-મેલ ઍડ્રેસ રજિસ્ટર કરી યૂઝર નેમ અને પાસવર્ડ સૅટ કરવાનાં રહેશે.

૩. પોર્ટલમાં લોગ-ઇન થયા બાદ અરજદારે પોતાની પ્રોફાઈલની માહિતી દીકરીનું નામ, માતા-પિતાનું નામ, દીકરીની જન્મ તારીખ, મોબાઇલ નંબર, આવકનો દાખલો, દીકરીનો ફોટોગ્રાફ, રૅશનકાર્ડ, માતા-પિતાનું લગ્નનોંધણી પ્રમાણપત્ર, બૅન્ક પાસબુક, માતા-પિતાના જન્મના પુરાવા, દીકરીનો જન્મનો દાખલો વગેરે લાગુ પડતા દસ્તાવેજો પોર્ટલ પર અપલોડ કરવાના રહેશે.

૪. ભરેલી માહિતીની ચકાસણી કરી અરજી કન્ફર્મ અને સબમિટ કરવાની રહેશે.

**જરૂરી દસ્તાવેજો :** દીકરીના જન્મનું પ્રમાણપત્ર, દીકરીના માતા-પિતાનાં આધારકાર્ડ, માતા-પિતાનું લગ્નનોંધણી પ્રમાણપત્ર, આવકનો દાખલો, માતા પિતાની ઉંમરનો દાખલો, પાસબુકની નકલ, રૅશનકાર્ડ, નિયત નમૂના મુજબ સહમતિ વગેરે પુરાવાઓ.

**પાત્રતા :** દીકરી ગુજરાત રાજ્યની સ્થાયી રહેવાસી હોવી જોઈએ, દંપતીનાં પ્રથમ ત્રણ સંતાનો પૈકીની તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે. લાભાર્થી દંપતીની વાર્ષિક આવક મર્યાદા રૂ. બે લાખ કે તેથી ઓછી હોવી જોઈએ તેમજ દીકરીના જન્મથી એક વર્ષના સમયગાળામાં યોજનાની અરજી કરવાની રહેશે.

**પોર્ટલની વિશેષતા :** આ પોર્ટલના માધ્યમથી અરજદાર પોતે ઓનલાઇન અરજી કરી તેનું રિયલ ટાઇમ ટ્રૅકિંગ કરી શકે છે. અરજદાર કોઈ પણ કચેરીની રૂબરૂ મુલાકાત વિના જ અરજી કરવાની શરૂઆતથી મંજૂરી હુકમ મેળવવા સુધીની તમામ પ્રક્રિયા ઘરેબેઠાં ઓનલાઇન કરી શકે છે.



emahilakalyan.gujarat.gov.in

# પૅરેન્ટિંગ અઘરું છે પણ કરવું તો પડશે

**કિશોર જિકાદરા**


વર્ષો પહેલાં વિખ્યાત તત્ત્વચિંતક સૉક્રેટિસે એથેન્સની જનતાને બાળકોના ઉછેર સંબંધે ખૂબ અગત્યની ટકોર કરતાં કહ્યું હતું કે, તમે શા માટે પૈસા એકઠા કરવા આટલી બધી તકલીફ ઉઠાવો છો? જેમના માટે આ બધું છોડીને એક દિવસે જવાનું છે એવાં બાળકોનું ધ્યાન રાખવામાં કેમ સમય આપતાં નથી?

બસ, બાળકોનું ધ્યાન રાખવું અને બાળકો માટે સમય ફાળવવો એનું નામ જ પૅરેન્ટિંગ! બાળકોની શારીરિક વૃદ્ધિ તો આપોઆપ થાય છે પણ બાળકને આત્મવિશ્વાસુ, જીવનમાં ડગલે ને પગલે આવી પડતી મુશ્કેલીમાંથી માર્ગ કાઢી શકે તેવો અને સમસ્યાઓનો ઉકેલ સ્વયં મેળવી શકે તેવો બનાવવો હશે તો માતાપિતાથી હાથ પર હાથ રાખીને બેસી નહીં રહેવાય. બાળક મોટો તો પોતાની મેળે થશે પણ મહાન બનાવવો હશે તો માતાપિતાએ બાળઉછેર માટે ઘણું કરવું પડશે. નવી પેઢીનાં માતાપિતા માટે આજકાલ બાળઉછેર સમસ્યારૂપ બની ગયો છે. એ માટે ઘણાં માતાપિતા ખૂબ ચિંતા કરે છે, તો કેટલાંક ખૂબ નચિંત પણ છે. સામા પક્ષે ઘણાં પૅરેન્ટ્સની એક સરખી જ ફરિયાદ હોય છે કે બાળકો અમારું સાંભળતાં નથી, માનતાં નથી. આનો જવાબ આપતાં ડૉ. કૃણાલ પંચાલ કહે છે કે આપણે જેવું વર્તન બાળકોનું જોવા માંગીએ છીએ તેવું વર્તન પહેલાં આપણે કરતાં થઈએ તો બાળક આપણી વાત અચૂક સાંભળશે.



પ્રિય વાચકો, આ ડૉ. કૃણાલ પંચાલ તબીબ નથી, કે નથી બાળ મનોવિજ્ઞાનિક. તે છે એક સફળ કેળવણીકાર, એક અધ્યાપક! તેમણે લખેલું પુસ્તક "પૅરેન્ટિંગ અઘરું છે પણ કરવું તો પડશે" દરેક માતાપિતાએ વાંચવાલાયક અને ઘરઘરમાં વસાવવાલાયક પુસ્તક છે. સપ્ટેમ્બર ૨૦૨૫માં જેની પ્રથમ આવૃત્તિ બહાર પડે અને ફેબ્રુઆરી ૨૬ સુધીમાં ચાર ચાર આવૃત્તિઓ થાય અને ૧૬૦૦૦થી વધુ પ્રતો વેચાય એ જ આ પુસ્તક વાચકોને કેટલું ઉપયોગી લાગ્યું હશે એનું પ્રમાણ છે.

આ પુસ્તકના લેખકનું માનવું છે કે આપણું બાળક રામ બનશે કે રાવણ, કૃષ્ણ બનશે કે કંસ એ આપણે તેને આપેલા વાતાવરણ પર અવલંબે છે. આ પુસ્તકમાં ક્યાંક ઓવર




પૅરેન્ટિંગને કારણે પાછળ રહી જતાં બાળકો વિશે વાત કરી છે તો ક્યાંક કડવી સચ્ચાઈ પણ લખી છે. લેખક માને છે કે બાળકોને સમય આપવાને બદલે મોબાઈલ આપતાં માતાપિતા એટલું સમજી લે કે તેઓ વૃદ્ધાશ્રમ માટે પોતાનું બુકિંગ કન્ફર્મ કરાવી રહ્યાં છે. બાળકને તમારી સંપત્તિ કરતાં સમયની વધુ જરૂર હોય છે.

કુલ ૧૫૨ પાનાંના આ પુસ્તકમાં ૩૨ પ્રકરણોમાં પૅરેન્ટિંગને સ્પર્શતા વિવિધ મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે. પુસ્તકના પ્રકાશક, વનરાજ પટેલ, મીડિયા પબ્લિકેશન, ૧૦૩ -૪, મંગલમૂર્તિ, કાળવા ચોક, જૂનાગઢ છે. પુસ્તકની કિંમત ૨૦૦/- છે.

આ અમારું સંતાન છે એવું જાહેરમાં કહેતી વેળા જેમના હોઠ કદી ન સુકાય, છાતી ગજગજ ફૂલે અને મસ્તક સદૈવ ઉન્નત રહે એવું ઈચ્છતાં આ પૃથ્વી પરનાં તમામ માતા-પિતાઓને અને માતાપિતા બનવાનું આયોજન કરી રહેલાં દંપતીઓને આ પુસ્તક અર્પણ કર્યું છે એના પરથી લેખકે આ પુસ્તકમાં પૅરેન્ટિંગ અંગે કેવું પાથેય પીરસ્યું હશે તેનો અંદાજ વાચકોને આવી શકે તેમ છે.

"પૅરેન્ટિંગ, અઘરું છે પણ કરવું તો પડશે" એવું ભારપૂર્વક કહેતા લેખક, પછીથી" પૅરેન્ટિંગ અઘરું ખરું પણ અશક્ય નહીં" એમ કહીને માતાપિતાની ચિંતા હળવી પણ કરી આપે છે.

# અભયમ્ 181 મહિલા હેલ્પલાઇન



**૧૮૧ મોબાઈલ એપ**ના **'પેનિક બટન'** અને **'ફોન શેકિંગ'** જેવા ફીચર્સ મુશ્કેલીના સમયે ફોન કર્યા વગર પણ મહિલાઓને હેલ્પલાઈન સેન્ટર સુધી પહોંચાડે છે

## યોજનાનો ઉદેશ / હેતુ

જરૂરિયાતમંદ કિશોરી, યુવતી કે મહિલાને જરૂરી માહિતી, માર્ગદર્શન અને સહાય પૂરી પાડવી

## પાત્રતાના ધોરણો

કોઈ પણ ઉંમરની કન્યા, યુવતી કે મહિલા આ સેવાનો ઉપયોગ કરી શકે છે. મહિલાને મદદરૂપ બનનાર કોઈ પણ પુરુષ આ સેવાનો ઉપયોગ કરી શકે છે, અન્ય રાજ્યની મહિલા ગુજરાતમાં આવતા આ સેવાનો લાભ મેળવી શકે છે.

## મંજૂરીની પ્રક્રિયા

આ સેવા ટોલ ફ્રી હોવાથી કોઈ પણ યુવતી કે મહિલાને આ યોજનાનો લાભ મળવા પાત્ર છે.

## યોજના હેઠળ મળતી સહાય

ફોન પર માર્ગદર્શન, સલાહ-સૂચન હિંસાના સંજોગોમાં તાત્કાલિક બચાવ, ટૂંકા ગાળાનું અને લાંબા ગાળાનું કાઉન્સેલિંગ (સલાહ) મહિલાલક્ષી માળખાઓ અને યોજનાઓની માહિતી

## અમલીકરણકરતી કચેરી / સંપર્ક અધિકારી

ડાયરેક્ટરશ્રી, વુમન વેલ્ફેર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, જૂના સચિવાલય બ્લોક નં. ૨૦, ગાંધીનગર.

## અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા / પ્રમાણપત્ર

આ સેવાનો લાભ લેવા માટે કોઈ પુરાવા રજૂ કરવાની જરૂર નથી

**અભયમ્ 181 મહિલા હેલ્પલાઇન યોજનાની વધુ માહિતી માટે સ્કેન કરો**

**'મારી યોજના' પોર્ટલ એ રાજ્ય સરકારની પ્રજાલક્ષી વિવિધ યોજનાઓની પ્રાથમિક માહિતી એક જ મંચ પર ઉપલબ્ધ કરાવતું યુઝર ફ્રેન્ડલી ડિજિટલ પ્લેટફોર્મ છે, જે માત્ર એક ક્લિકથી પૂરી પાડશે તમામ યોજનાઓની માહિતી.**

# હેરિટેજ સિટી અમદાવાદ




**Published on Date : 16-3-2026.** R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2024-26 Valid upto 31/12/2026, LPWP No. WPP PMG/NG/061/2024-26 Valid upto 31/12/2026
• Licensed to Post without Prepayment At Post : Ahmedabad Unaccountable L1 on every 3 to 15 and 22 to 30 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by** Commissoner of Information on behalf of Commissonerate of Information,
Block No-19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Government Photo Litho Press, Ahmedabad
• If undeliverd pl. return to, Information Department, Sector no. 10, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લૉક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦